Date of Publication - Posted on 10th of Every Month

समानो मन्त्रः । (ઋગ્વેદ) ● समानी प्रपा । (અથર્વવેદ)

પરબ

(ગુજરાતી માસિક)

સંપાદક : કિરીટ દૂધાત

વર્ષ : ૧૯ એપ્રિલ : ૨૦૨૫ અંક : ૧૦ ₹ 20

ગુજરાતી સાહિત્ય પરિષદ
મેઘાણી જ્ઞાનપીઠ । ક.લા. સ્વાધ્યાયમંદિર

THE LEADMEN

— by —

greenfibre

Ahmedabad • Akola • Anand • Ankleshwar • Bharuch • Bhavnagar • Bhuj • Gandhidham
Gandhinagar • Himmatnagar • Hyderabad • Indore • Jamanagar • Junagadh • Kadi • Kalol
Mehsana • Modasa • Nadiad • Palanpur • Patan • Porbandar • Rajkot • Surat • Surendranagar
Visnagar • Vadodra • Vapi

shop online on greenfibre.com or jadeblue.com

समानो मन्त्रः (ऋग्वेद) **समानी प्रपा** (અથર્વવેદ)

પરબ

સ્થાપનાવર્ષ : ૧૯૬૦

વર્ષ : ૧૯ એપ્રિલ : ૨૦૨૫ અંક : ૧૦

સંપાદક
કિરીટ દૂધાત

પ્રકાશન મંત્રી
ભીખેશ ભટ્ટ

પરામર્શનસમિતિ

હર્ષદ ત્રિવેદી પ્રમુખ
યોગેશ જોષી ઉપપ્રમુખ
સમીર ભટ્ટ મહામંત્રી

ગુજરાતી સાહિત્ય પરિષદ
મેઘાણી જ્ઞાનપીઠ • ક. લા. સ્વાધ્યાયમંદિર
ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશનવિભાગ), ગોવર્ધનભવન,
ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, આશ્રમ માર્ગ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન : ૨૬૫૮૭૯૪૭

ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને 'પરબ'ના લવાજમ અંગેઃ

- 'પરબ' દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
- 'પરબ'ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
- 'પરબ'નું વાર્ષિક લવાજમ ₹ ૧૫૦ છે.
- વિદ્યાર્થીઓ માટે 'પરબ'નું વાર્ષિક લવાજમ ₹ ૭૫ છે. સાથે પ્રમાણપત્ર બીડવું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં 'પરબ'ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
- પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક ₹ ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક ₹ ૩૦૦ છે. સભ્ય થવા ઇચ્છનારે પરિષદના નિયત ફૉર્મમાં અરજી કરવાની રહેશે.
- પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક ₹ ૩,૦૦૦ છે તથા સંસ્થાની આજીવન સભ્ય ફી ₹ ૫,૦૦૦ છે. આ બંને પ્રકારના આજીવન સભ્યપદની મુદત, સભ્ય થયાની તારીખથી દસ વર્ષ સુધીની રહેશે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
- 'પરબ' લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના નામે જ મોકલવી.

લેખકોને :

- 'પરબ'માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
- લેખકોએ પોતાનું લખાણ ફૂલ્સકૅપ અથવા A૪ સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવું તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
- **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી. પોસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
- **પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, 'પરબ', ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ-૩૮૦૦૦૯.

Parishad Email: **gspamd123@gmail.com** E-mail: parabgsp@gmail.com
Web-site: www.gujaratisahityaparishad.org ફોન અને ફૅક્સઃ ૨૬૫૮૭૯૪૭
www.gujaratisahityaparishad.com

નોંધઃ 'પરબ'માં પ્રગટ થતી સામગ્રીની જવાબદારી જે તે સામગ્રીના લેખકની રહેશે.

પરબ ISSN: 0250-9747 છૂટક કિં. ₹ ૨૦/-

અનુક્રમ

◈ **પ્રમુખીય : મથામણ**–૧૬ – હર્ષદ ત્રિવેદી, ૬

કવિતા :

◈ ● **વૉલૉદિમીર ઝેલેન્સકી** – પ્રવીણ પંડ્યા, ૮ ● **ત્રણ કાવ્યો** – પ્રતિષ્ઠા પંડ્યા, ૧૦ ● **IIAS સીમલા ખાતે એક શોધ** – સમીર ભટ્ટ, ૧૪ ● **બધું જ બધે વિખરાયેલું** – ઈશાન દોશી, ૧૭ ● **સૉનેટ** – ભારતી પ્રજાપતિ, ૧૯ ● **ગઝલ** – વિકી ત્રિવેદી, ૧૯

અનૂદિત કવિતા :

◈ ● **પાંચ કાવ્યો** – હેન્રિક નોર્ડબ્રાન્ડ્ટ –
અંગ્રેજી અનુવાદ : થોમ સટ્ટેરી, ગુજ. અનુવાદ : કમલ વોરા.

૧. **પુસ્તક**, ૨૦ ● ૨. **સ્ક્રૂ**, ૨૦ ● ૩. **આઝાદીનું સપનું**, ૨૧ ● ૪. **તમે સોના માટે ખોદશો તો ત્યાં સોનું હશે**, ૨૨ ● ૫. **ટૂંકો રસ્તો**, ૨૨

ટૂંકીવાર્તા :

◈ ● **મહાકાય** – ભરત મારૂ, ૨૪ ● **માથાબોળ** – મનહર ઓઝા, ૩૦

લઘુકથા : આલબમ – જિજ્ઞાસા પટેલ, ૩૬

અનૂદિતવાર્તા :

◈ ● **પ્રતારણા (છળ)** – મૂળ મરાઠી વાર્તા : પંકજ કુરુલકર, ગુજરાતી અનુ. : કાશ્યપી મહા, ૩૭

સંસ્કૃતિચિંતન :

◈ ● **કવિતીર્થ કુપ્પાલી** – હિમાંશી શેલત, ૫૬

અભ્યાસ :

◈ ● **દેરિદાની વિઘટનશીલ ફિલસૂફી-૨** – સુમન શાહ, ૬૦

● **હેમંત ધોરડા – ગઝલકાર અરૂઢ પણ...** – ધ્વનિલ પારેખ, ૬૫

● **ગુજરાતી લલિત/દલિત કવિતામાં કલ્પન, પ્રતીકાદિ તત્ત્વોના વિનિયોગ વિશે તુલનામૂલક થોડી વિચારણા** – વિનોદ ગાંધી, ૭૦

રસદર્શન : ● વીજળીના ચમકારે-૩ – દર્શના ધોળકિયા, ૭૫

શોધછાત્રની કલમેથી :

◈ ● **'બાલ્કની' સ્ત્રી-પુરુષના સંબંધમાં આકર્ષણ-અપાકર્ષણ રજૂ કરતું નાટક** – દક્ષા વસાવા, ૭૬

શ્રદ્ધાંજલિ :

◈ ● **તેમણે આલેખેલા કોઈ પણ પ્રકારમાં વાર્તાકારનું હાડ ઝળકતું**–બીરેન કોઠારી, ૮૦

સંપાદકીય :

◈ ● **શું શા પૈસા ચાર ?** – કિરીટ દૂધાત, ૮૪ ● **સાભાર સ્વીકાર**, ૮૬

● **પરિષદવૃત્ત** – ઇંતુભાઈ કુરકુટિયા, ૮૭ ● **સાહિત્યવૃત્ત**સંકલન : ઇંતુભાઈ કુરકુટિયા, ૯૩

બજેટ: ● **ગુજરાતી સાહિત્ય પરિષદનું અંદાજપત્ર (વર્ષ ૨૦૨૪-'૨૫)**, ૯૫

● **આ અંકના લેખકો**, ૧૦૨

● **આજીવન સભ્યો**, ૧૦૩

◈ આવરણ ચિત્ર : Nabibakhsh Mansoori-Till The Last Breath-Oil on canvas-48 x 60 inches-2019
આવરણ-સંકલ્પના : આગમ શાહ

મથામણ – ૧૬

હર્ષદ ત્રિવેદી

ગુજરાતી સાહિત્ય પરિષદના ગાંધીનગર અધિવેશનના પ્રમુખસ્થાનેથી બોલતાં નારાયણભાઈ દેસાઈએ ત્રણ સોપાનોની વાત કરી હતી : 'ત્રીજું સોપાન આપણું ઓશિયાળાપણું કાઢવાનું છે – ખાસ કરીને શાસન પ્રત્યેનું ઓશિયાળાપણું. શાસન આપણને આર્થિક મદદ આપતું હોય, માન-મરતબા કે પુરસ્કારો આપતું હોય તો એની ગરજે આપે. તેથી આપણે આપણી સ્વતંત્રતા ગીરવી મૂકી ન શકીએ. શાસનની દેખીતી ભૂલો કે ઇરાદાપૂર્વક શાસને ભરેલાં ખોટાં પગલાં અંગે આંખ આડા કાન કરવા, ચૂપ થઈને બેઠા રહેવું કે એ પોતાનો વિષય નથી એમ માનીને મૌન જાળવવું એ બધું ઓશિયાળાપણામાં આવી જાય. ઓશિયાળી વ્યક્તિ પોતે તો પોતાનું સન્માન ગુમાવે જ છે, પણ જેની તે ઓશિયાળી બને છે તેને પણ નૈતિક રીતે નીચે લાવે છે. બીજાને હીન દેખાડનાર અથવા બીજા પ્રત્યે તુચ્છકારભર્યો વ્યવહાર કરનાર પોતે કદી નૈતિક રીતે ચડિયાતો સિદ્ધ થતો નથી. હેઠે જ પડે છે. એક દાખલો લઈએ. સાહિત્ય, કળા કે સંસ્કૃતિને લગતી સંસ્થાઓમાં તે-તે વિષયના કળાકારો જ ચૂંટાઈને જાય એ સર્વથા ઇષ્ટ છે. આપણે ત્યાં એને સારુ ઉમાશંકર અને દર્શક જેવાઓએ જહેમત પણ ઉઠાવી છે. જો કોઈ પણ શાસન આમ પ્રતિનિધિઓની સંસ્થાને પોતાના નીમેલા પ્રતિનિધિઓથી જ ભરવા માગે અથવા બીજી રીતે દખલગીરી કરે અને એ અંગે આ સંસ્થાઓ સાથે સંકળાયેલા પ્રતિનિધિઓ ચૂપ બેઠા રહે તો એને ઓશિયાળાપણું કે લાચારી કહેવાય. આવી લાચારીને ફગાવી દેતાં આપણે શીખીશું તો જ ગુજરાતી સાહિત્યકારનું ખમીર પ્રગટશે. અને વિશ્વગુર્જરી બનાવનાર સાહિત્યકાર ખમીરવંતો તો હોવો જોઈએ ને?' (પરિષદ પ્રમુખનાં ભાષણો ભાગ-૩, પૃ. ૪૦૪)

ઉપરના ફકરાના અજવાળામાં જોઈએ તો એક વાત તરત સમજાશે કે જે સહજ રીતે જ આપણો અધિકાર છે એને માટે કોઈનાય ઓશિયાળા બનીએ છીએ ત્યારે આપણે સ્વમાન તો ક્યાંય દૂરની વાત પણ, પહેલપરથમ તો આપણું તેજ ગુમાવીએ છીએ. બીજી વાત નિહિત છે તે પ્રતિબદ્ધતાની છે. એક વખત આપણે કોઈ સંસ્થા કે સંગઠન સાથે જોડાવાનું નક્કી કરીએ ત્યારે એ જાણી લેવું જોઈએ કે પોતાની અંગત માન્યતા અને સિદ્ધાંતોને આ વાત અનુકૂળ છે કે નહીં? વ્યક્તિની પોતાની ભાવનાઓ વિકસિત થવાની સાથોસાથ સમષ્ટિનું વ્યક્તિત્વ દૃઢ અને મજબૂત બને છે કે નહીં? અને આ બંનેના મેળમાં સામાજિક ઉત્થાનનો સિદ્ધાંત અને માનવમૂલ્યો જળવાય છે કે નહીં? એક જ સમયમાં બે વિપરીત ધ્રુવો વચ્ચે આપણે ઝોલાં તો નથી ખાતા ને?

સારાં કાર્યો બદલ આર્થિક સુવિધાઓ, માન-મરતબા કે પુરસ્કારો તો કોને ન ગમે? પરંતુ એ લેતી વખતે આપણું સ્વાતંત્ર્ય ગીરવે જાય ત્યારે જરા વાર થોભીને વિચારવું પડે. સ્વાતંત્ર્ય અને સ્વાયત્તતા આ બે શબ્દો મહત્ત્વના છે. સામાન્ય રીતે આપણને આવી ભાવનાઓનું જતન કરવાનું ગમતું હોય છે. એવું કરીએ ત્યારે આપણામાં રામ હજી જાગે છે એનો અહેસાસ થાય છે, આપણો સાત્ત્વિક અહમ્ પોષાય છે. પરંતુ એ બાબત આપણા અસ્તિત્વમાં કે લોહીમાં એક આદર્શ તરીકે સ્થપાઈ છે કે નહીં તે પણ જાણવું ઘટે. કેમ કે પ્રલોભન નામનું તત્ત્વ ગમે ત્યારે માથું ઊંચકીને આપણું મસ્તક નમાવી શકે છે. એવે વખતે આપણામાં વિવેકભાન રહેતું નથી અને પછી બે ખીંટીઓ વચ્ચે ઝોલાં ખાવાનો વખત આવે છે.

બીજી વાત છે તે પ્રતિબદ્ધતાની. આપણે ઘેર કોઈ ચોખા મૂકવા આવતું નથી. આપણે સ્વેચ્છાએ જ સમજીવિચારીને કોઈ સંસ્થા કે સંગઠન સાથે પૂરા અસ્તિત્વથી જોડાતાં હોઈએ છીએ. તેવે વખતે જે તે સંસ્થાના નીતિ-નિયમો આપણને બાધ્ય હોય છે. ઔપચારિક તથા અનૌપચારિક - બંને રીતે આપણે એનો સ્વીકાર કરીએ, તે પછી જ સંગઠનનો હિસ્સો બનતા હોઈએ છીએ અને એ રીતે નિશ્ચિત સમય માટે પ્રજાના પ્રતિનિધિ પણ બનતા હોઈએ છીએ. પરંતુ, એ પછી માળખાની અંદર રહીને તદ્દન વિપરીત વલણ દાખવીએ કે નાનામોટા વ્યક્તિગત લાભ માટે તમામ આદર્શોને નેવે મૂકીએ, ત્યારે મૂળ સંસ્થા કે વિચારને ધક્કો અને ધોખો બંને આપીએ છીએ. એવો પણ સંભવ છે કે એક વાર એક શિસ્ત સ્વીકાર્યા પછી આપણા વિચારોમાં આમૂલ પરિવર્તન આવે, આવી શકે. પરિવર્તન એ જગતની પ્રકૃતિ છે. તેમ વિચારવા-કરવાની આપણને છૂટ પણ છે. પરંતુ, સૌથી પહેલાં તો એની સૈદ્ધાંતિક પીઠિકા લોકો આગળ ખુલ્લી કરવી જોઈએ. જાહેરજીવનમાં એ વાત નોંધાય એની તકેદારી પણ રાખવી જોઈએ અથવા જે તે નીતિનિયમોને લોકશાહી ઢબે નવું રૂપ આપવાની ચેષ્ટા કરવી જોઈએ. સ્પષ્ટ રીતે છેડો ફાડીને પછી જ પોતાના આ વિપરીત વળાંકને સમાજ સામે ઉજાગર કરવો જોઈએ. જેથી પ્રગટ-અપ્રગટ વિરોધ કે વિરોધાભાસને સ્થાન ન રહે. લોકશાહીની આ વણલખેલી રસમ છે.

ત્રીજી વાત છે ખરે ટાણે મૌન રહેવાની. જ્યાં આપણો અભિપ્રાય વ્યક્ત કરવા માટે અધિકાર અને ફરજ બંને હોય, તે સભામાં મૌન રહેવું અને સર્વસંમતિમાં હાજિયો પુરાવવો અને પછી બહાર નીકળીને વ્યક્તિલાભકેન્દ્રી વાત કરવી તે એક પ્રકારની અનૈતિકતા કે કાયરતા છે. એ વખતે આ વિષય મારો નથી એમ કહીએ કે તરત ઓશિયાળા બની જતા હોઈએ છીએ. ભોળપણને કારણે અજાણતાં થયેલી માનવીય ભૂલને ક્ષમા દ્વારા અચૂક સુધારી શકાય, પરંતુ જાણીબૂજીને, આયોજનપૂર્વક કરાયેલા પ્રયોગને ભૂલની વ્યાખ્યામાં બાંધવા જતાં આપણા ખમીરની વ્યાખ્યા પણ બદલાઈ જતી હોય છે. લોકશાહીમાં પોતાના અભિપ્રાયની, આગ્રહની, સંગઠનની, પરિવર્તનની, જાહેર વર્તનની કે જાહેર કાર્યોની નીતિરીતિ અંગે ચૂંટણી (પસંદગી) અનિવાર્ય છે, આપણી જાતની અને સમાજની સ્પષ્ટતા માટે પણ એ જરૂરી છે. અન્યથા અભિપ્રાયોની ફેંકાફેંક મૂળભૂત ઢાંચાને બદલતી તો નથી જ, પણ કાદવકીચડથી ખરડે છે જરૂર. આવો, આપણે સહુ સાથે મળીને મથામણ કરીએ.

■

વૉલૉદિમીર ઝેલેન્સકી | પ્રવીણ પંડ્યા

(૧)

વર્તમાનનું કોઈ પણ યુદ્ધ
નકશાની રેખાઓ ખેંચી
ઇતિહાસમાં બિછાવવામાં આવેલી એક જાળ જ હોય છે
જેમાં આપણે ફસાતા રહીએ છીએ.
વૉલૉદિમીર ઝેલેન્સકી,
તમારા પરદાદા જેમની સાથે ખભેખભા મિલાવી લડ્યા હતા હિટલર સામે
આજે એમણે સવાયા હિટલર બની તમારી સામે તોપો માંડી છે
અને બીજા બધા તેલ અને તેલની ધાર જોવામાં લાગેલા છે!
સાચી વાત તો એ છે કે
હવે માણસનું મસ્તિષ્ક નથી ચાલતું
ફોલાદનાં જડબાં જ રાજ ચલાવે છે
ભૂખ
બધું ઓહિયાં કરી જાય છે
માણસનું ઝમીર સુધ્ધાં..

તેઓ બહુ સિફતપૂર્વક
જેમ શતરંજ પર પ્યાદાં બિછાવે એમ
એકની આસપાસ બીજી
અને બીજીની અડોઅડ ત્રીજી પ્રજાને વસાવે છે,
પહેલાં પાકને નીંદામણથી ઘેરે છે
નીંદામણ પર ભરડો કસે છે જીવાતથી
છેલ્લે જીવાત મારવાના ઉમદા હેતુથી આવે છે પાકને લણી જવા
અને જમીનને એ હદે વંધ્ય બનાવી મૂકે છે કે
ફરી એને ઉપજાઉ બનાવવાનું
પરોપકારી કામ કાયમી ધોરણે કરી શકાય.

કહે છે કે વિશ્વમાં તમે અવ્વલ હતા ઘઉં ઉગાડવા માટે

બ્રેડ માટે બેજોડ હતો તમારો દેશ
જે આજે હાથ લંબાવી રહ્યો છે દુનિયા સામે!
તેઓ ગમે તેને દિશા ચીંધીને
આ દશામાં લાવી શકે છે.
તમે જાણો છો વૉલૉદિમીર ઝેલેન્સકી,
સહાનુભૂતિથી ખભે મુકાયેલા હાથનો ભાર
સામે ઉગામાયેલા હાથના પ્રહારથી પણ વધુ પીડાદાયક હોય છે
અને મિત્રના ઉપહાસમાં સંભળાતો શત્રુના અટ્ટહાસ્યનો પડઘો
હોય છે યુદ્ધનો અંતિમ બૉમ્બધડાકો.

(૨)

નજર લાગી ગઈ
તમારા સમુદ્રકિનારાઓને
ખનીજના ભંડારોને
જેમ બધે હોય છે એવી સુંદર સ્ત્રીઓને,
જીવલેણ માંદગી વખતે અમારી નિરક્ષર માતાઓ નજર બાંધતી
પિત્તળની થાળીમાં છાણ-માટીથી ભરેલી વાટકી ઊંધી વાળી
કાશ આપણી દુનિયા ફરી એવી મમતાથી ભરાઈ જાય
બની જાય એટલી નિરક્ષર.

કોઈ પણ યુદ્ધ ક્યારેય પૂરું નથી થતું
માત્ર પોરો ખાય છે
જુઓને કેટકેટલાં થાકેલાં યુદ્ધ બેઠાં છે ઇતિહાસને અઢેલીને
સહેજ અટકચાળો થાય એટલે સફાળાં ઊભાં થઈ જાય છે વર્તમાનમાં !
શાંતિ ક્યારેય સ્થપાતી નથી
પસાર થતા રસ્તા ઉપર સાઇન બોર્ડ બની ઊભી હોય છે
લાલ અક્ષરે કહેતી - 'આગળ જોખમી વળાંક છે'.

(૩)

આપણે બે પગે ઊભા તો થયા
પણ ઊંચકાયેલા માથાની સાથે સાથે કાન પણ દૂર થઈ ગયા ધરતીના અવાજથી
ઊગતી કૂંપળની સુંવાળપ પરથી તો સાવ ધ્યાન જ હટી ગયું!
આ કેવી મોટી વિટંબણા છે કે ગુફામાંથી પ્રકાશ લઈને નીકળ્યા તો ખરા
પણ અંધકાર જ શોધતા રહ્યા?

ભલા માણસ,
જરૂર છે નમવાની;
રાંકડા પાલતુની જેમ માથું હલાવીને હરગિજ નહીં
સભ્ય માણસની જેમ
સભ્યતા ટકાવવા
જરૂર છે જરા જેટલું નમવાની.

(૪)

કોઈક ખરી પડતા તારાની જેમ
આપણી આ ખૂબસૂરત પૃથ્વી ખરી ન પડે
એ ચિંતામાં બહુ બધા જાગી રહ્યા છે.

◈

ત્રણ કાવ્યો | પ્રતિષ્ઠા પંડ્યા

હોડી..હોડી

જ્યારે જ્યારે વરસાદ આવે
ને પોળમાં નાનાં ઝરણાં ફૂટી નીકળે
ત્યારે મા જૂનાં છાપાં કાઢી
એમને કાગળની હોડીઓ બનાવતાં શીખવતી.
ક્યારનો વરસાદ પડે છે
મારી પાસે કોઈ ૮ x ૧૧ ના
એકસરખા ચોરસ કાગળિયા નથી.
અહીં બધું કોઈ ચોક્કસ આકાર વિનાનું
વાંકીચૂકી ધારવાળું ને ખરબચડું છે.
હું આમતેમ ગડમથલ કરું છું.
માએ શીખવેલા ક્રમમાં
અધવચ્ચેથી વાળી, ખોલી, ઉલટાવી
ફરી વાળતી, ઊંધો કરી ખોલતી,
ફરી વાળતી, નીચેથી, બાજુએથી...
થાક્યા વિના મથતી રહું છું.
ને બહાર વરસાદ પણ..
માનો અવાજ ક્યારેક સાવ ધીમો થઈ જાય છે
ક્યાંક દૂરથી આવતો
તો ક્યારેક ઉંમર ને વિસ્મૃતિથી ખરડાયેલો

હું એક-બે ક્રમ ચૂકી જાઉં છું.
ભૂલો કરું છું.
ફરી ફરી શરૂઆત કરું છું.
પણ જ્યારે પેલા ત્રિકોણિયા ખૂણાઓ ખેંચીને જોઉં
તો એ ક્યારેય માની હોડી જેવી તો નથી લાગતી.
ક્યાંય સુધી હું એને ઓરડામાં મૂકી રાખું છું
ને જોયા કરું છું બહાર વરસતા વરસાદને
જીવ નથી ચાલતો.
આ આખી રમત રમાડવા પાછળ
માનો હેતુ એમને સરખી રીતે કાગળમાં સળ પાડી
વાળતાં શીખવવાનો તો ના જ હોઈ શકે, હું વિચારું છું.
ત્યાં એક દિવસ પૂરનાં પાણી ઘરમાં ઘસી આવે છે.
જાણે પોતાની ચીજો પર કબ્જો જમાવતા
માની ખુરશી પર પગ ચડાવી બેઠી
કોઈ વરસાદી ધ્યાનમાં મગ્ન
હું જોયા કરું છું મારી નાનકડી અણઘડ હોડીને
ખાતી ડચકાં, તરતી,
તરતી ને ડૂબતી,
ખેંચાતી, તણાતી, ધકેલાતી
પાણીની લહેરો વચ્ચે
ફંગોળાતી, લહેરાતી
જોયા કરું છું લઈને
આંખોમાં બસ એકલો વરસાદ
ને સપનાં પરીઓના દેશનાં.

સત્યભામાના પ્રેમીઓ

જાણું છું એ લોકોએ ક્યારેય તને એ બધા વિશે
વાત કરી જ નથી.
કૃષ્ણની ૧૬૦૦૦ વિશે તો બધાં જાણે છે
એમાંથી એમને ઉગારી લેતી વાર્તાઓને પણ
ધર્મના નામે, પ્રેમના નામે, દૈવી કર્મના નામે.
એ તો ભાઈ ભગવાન, વીર પુરુષ, શીલ પુરુષ
પણ સત્યભામા ?

એ કંઈ કૃષ્ણ થોડી હતી, એ તો આ માટીની સ્ત્રી
એને તે પણ ખાસ ગુણિયલ નહીં
એના પ્રેમીઓ, દેવ કે દાનવ ખબર નહીં
પણ એક એક સાવ ગભરુ
ને માણસ તરીકે તો થોડાં ઊણાંય ખરાં.
રાતે આવે ને પ્હો ફાટતાં પહેલાં તો રવાના
રખે ને એમનાં પગલાંની કોઈને ભાળ થાય
સૌ એને કીમતી ખજાના ધરતા,
આપતાં અમર પ્રેમનાં હીરામાણેકઃ
જન્મથી મૃત્યુ લગી તું ફક્ત મારી છો ને હું તારો,
પણ વચમાં રહી એ દલદલમાં?
"જોજે આ બધાં સપનાં વિશે ક્યારેય લખતી," એ સૌ એના કાનમાં કહેતા.
"તું કવિતા વિશે જે જાણે છે એ જોતાં તને તો
ખબર પડવી જ જોઈએ કે એનાથી કેટલી બબાલ થઈ શકે છે. જીવન નરક થઈ જશે"
એમણે કહ્યું
"કોઈ સમજવાનું નથી. તારાં મા-બાપ સુધ્ધાં નહીં"
આવજો બોલ્યે જ જતા હતા, એક પછી એક.
"અમુક વાતો છે ને તે ના કરીએ એ જ સારું છે.
એને જીવવાની ને પછી ભૂલી જવાની,
જાણે બની જ ન હોય એમ."
"બધી વસ્તુઓ વિશે આમ કવિતામાં ના લખાય."
"અને, ઘરનો ગંદવાડ કોઈ જાહેરમાં મૂકે? કેટલું ખરાબ લાગે!"
"જો તું મને પ્રેમ કરતી હોય ને તો તું ચૂપ જ રહે." એકે કહ્યું
"જો હું તને પ્રેમ કરું એવું તું ઇચ્છતી હોય ને તો હવે વિષય બદલ." બીજો બોલ્યો
"કોઈ કવિતામાં પોતાની આપવીતી ના લખે. તું ભલે કહે નથી કહેતી...
હવે રૂપક, બૂપક, ઉપમા બધું છોડ! દુનિયાને બધી સમજણ પડે છે. અને પછી બધું
ખલાસ સમજજે." બધા અવાજો એકસાથે બોલતા હતા.
"સારા ઘરની સ્ત્રીઓ આવું બધું ના લખે."
અને એટલે એણે ક્યારેય ન એનાં સંવેદનો વિશે લખ્યું,
ના એની ઇચ્છાઓ વિશે, ના એના બળાપા વિશે,
ના એ બધી વાતો વિશે જે એ ભૂલી નહોતી શકતી,
એણે જે જે ચાહ્યું એને એ ફટાફટ ભૂંસતી ચાલી.
એણે ક્યારેય ચમકીલા રંગોમાં કંઈ ચીતર્યું નહીં
ના વાળમાં નાખીને પારિજાત એ નાચી,

ના એણે ગાયાં કોઈ ગીતો – ના ભૂરાં, ના કાળાં, ના ગુલાબી
કવિતાના નામે એણે લખ્યાં હશે બે જોડકણાં ખાલી
કોઈ સંતાડેલા કાગળ ઉપર.
કારણ સત્યભામાને મન એને કોઈ ચાહે
એ વધુ મહત્ત્વનું હતું એને કોઈ યાદ રાખે એ કરતાં
એના પ્રેમીઓ કરતાં એ ઘણી વધારે સ્પષ્ટદ્રષ્ટા હતી.

વિના કોઈ શબ્દસૂચિ

એ અવારનવાર આપણી વચ્ચે આવી જાય છે
તેં ગળી ગયેલા કે પછી સલામતીના વિચારે
જીભને ટેરવેથી તેં પાછા ખેંચી લીધેલા શબ્દોની જેમ.
પણ તારી આંખોમાંથી,
તારા અધબીડ્યા હોઠ વચ્ચેથી
તારા ગાફેલ હૈયામાંથી છટકી આવે છે
એ શબ્દોના પડછાયા.
ના બોલાયેલા ને છતાંય હાજરાહજૂર
પડછાયાઓ ચકરાવા લે છે ઓરડામાં.
અને કોઈ શબ્દસૂચિની મદદ વિના
આપણે ઉકેલી લઈએ છીએ
એમના અર્થો ને આકારોને
સાવ સ્વાભાવિકતાથી કરવા લાગીએ છીએ ઢોંગ
અને આપણી આસપાસનું સઘળું
એકમેક સાથે મેળ સાધતું ગોઠવાઈ જાય છે,
આપમેળે, કોઈ સહજ પ્રક્રિયાની માફક.
દીવાલો થોડી વધુ કડક ને અભેદ્ય થઈ જાય છે
હવા થોડી વધુ ઠંડી
શરીર થોડું વધુ ભાવશૂન્ય
સવાર વધારે અજાણી
સાંજ વધારે અતડી
રાત સાવ ઓચિંતી
ને આખુંય આકાશ એક ઘેરું બ્લૅકહોલ
થઈને રહી જાય છે મારી અંદર.

◈

IIAS સીમલા ખાતે એક શોધ | સમીર ભટ્ટ
(સફર મારી અને મારી ભાષાની)

પરોઢ

હોવું,
કાળના સર્વ સંતાપને શમાવી દેતું
અરે, કાળનેય ભૂલવી દેતું
માત્ર હોવું કેટલું સુંદર છે
એ સમજાય એવી સવાર છે આ.
કોઈ પુષ્ટ નારીના ઉન્નત પયોધર સમી
આ ટેકરીના ઢોળાવ પર
એકમેકના જુગજૂના ભાઈબંધો જેવાં અસંખ્ય વૃક્ષો
કાચી નીંદરમાં અધખૂલી આંખે
એકમેકને કશુંક કહે છે
અને
આકાશમાં રતુંબડી ઝાંય ઊપસી આવે છે,
ટેકરીના શિખર પરની તલ સમી
મૃદુ મલકતી એક પ્રશિષ્ટ ઇમારત
વૃક્ષોની બોલાશને પારખતી આછું આછું ડોલી રહી છે
આ સમયને પણ ઉલ્લંઘી જતા અવકાશમાં વાદળો વચ્ચે.
એમાં ક્યાંકથી આવીને બંધાયેલો
સૌંદર્યઘેલો એક જણ
અધખૂલી આંખે
આ ઇમારતના પથ્થરોની
વાદળની વૃક્ષોની
આદિમ વાણી ઉકેલવા મથી રહ્યો છે.

સવાર

ત્યાં તો, વાદળો ચડી આવે છે ચોમેરથી
રતુંબડી ઝાંયને ઢાંકી દેતાં.
લાગે છે કે વરસશે કદાચ.
એક રુવાંટીદાર પહાડી શ્વાન (હમણાંનો એનો સાથી)
આવીને બેસે છે તેની પાસે.
આછાં વાદળ, ઘેરી ઇમારત, ભીનાશથી

એકમેકમાં ગૂંથાયેલાં વૃક્ષો અને વરસાદી ઝરફરાટ વચ્ચે
શ્વાનને પસવારતાં પસવારતાં
અચાનક એ જણને થાય છે
કે વરસશે જો અનરાધાર
તો એમાં આ શ્વાનના જમણા પગના પંજાનું એકાદ રુંવાડુંય નહીં ઓગળે
સવારની આ સફરમાં.
પણ,
જો ઓગળશે એ પોતે, વહેશે,
જમીનમાં ઊતરશે અને વૃક્ષોનાં મૂળમાં પ્રવેશી
થડ-ડાળ-પાંદની શિરાઓમાં પહોંચી જશે તો?

બપોર

વાદળો તો વિખેરાઈ ગયાં.
સૂર્ય અઢળક ઢળિયો છે આખી ઈમારત પર.
ખુલ્લી ફટ્ટાક ટેકરી પ્રવાસીઓના કોલાહલથી ઊભરાઈ ઊઠી.

ભાતભાતના લોકો-
સૂચનાઓ આપતા, જૂથના મુખીને કમને અનુસરતા,
મશ્કરાઓ, બધું જોઈ, સૂંઘી, ચાખી કૅમેરામાં ઉતારી
તૃપ્તિનો ઓડકાર ખાઈ લેતા પોતે અને ઈમારત
છબીમાં બરાબર ઝિલાયાં છે - ની ખાતરી
કરતાં, પોતાની તૃપ્તિ દૂર દેશાવરમાં રહેલા
લોકોની અતૃપ્તિ સાથે કેવું સાદૃશ્ય રચશે-ની
મનોમન ગણતરી માંડતા લોકોની રગેરગમાંથી ઊઠતા
ખાટા ઓડકારો સાંભળતો એ જણ
સ્તબ્ધ બની
ધીમે ધીમે ઉદાસી ઓઢતી ઈમારત ભણી ચાલી નીકળે છે.
ઈમારતના ગ્રંથાલયમાં પહોંચી
એના જેવા જ આગંતુક છતાં
આખા વાતાવરણ સાથે બાથ ભીડતાં
એકાદ પરભાષી પુસ્તકને શોધી એમાં પ્રવેશે છે.
વર્ષોની એકલતાથી મૂંઝાતી પરદેશી ભાષા
અને એ સ્વદેશી જણ
એકમેકની હૂંફથી આર્દ્ર બની જાય છે.
આ સભર શૂન્ય બપોરે.

સાંજ

આ ઢળતી સાંજે
ઊંચાં એટલાં જ ઊંડાં વૃક્ષો
કે
ટેકરી
કોણ ટકાવે છે એકબીજાને
એ નક્કી કરવું મુશ્કેલ બને એવો સૂનકાર વ્યાપ્યો છે.
વૃક્ષ વચાળેથી દદડતી સાંજ ફરી વળે છે તળેટીના શહેરમાં
સાંજથી દબાતું આખું શહેર હજારો ફાટી આંખે તાકી રહે છે
આકાશ ભણી.
તળેટી અને આકાશ વચ્ચેની ટેકરીની ટોચે બેસેલ
એ જણ અંદરથી ફફડી ઊઠે છે કે
એ ભૂલી તો નહીં જાય ને પોતાની ભાષા.
ગુજરાતી.
બેબાકળો એ ધસી જાય છે પાસેના વૃક્ષ તરફ
વૃક્ષોના જનાન્તિક ઉદ્‌ગારમાંથી કદાચ
ગુજરાતી મૂળાક્ષરને મળતો એકાદો ધ્વનિય
જો એના કાને પડી જાય
તો આજની સાંજે એ ટકી જશે.

રાત

થોડી વારે સાંજને હટાવે છે રાત,
જામે છે
ઘેરા અંધકારમાં ચસોચસ ગોઠવાયેલ આકાશમાં
ક્યાંક ક્યાંક કોઈક તારા ટમટમે છે
જાણે પાછળ ભરાયેલી કોઈ 'ગેબી કચેરી'ના રખેવાળ જેવા.
અરે!
એ જણની અંદર
એની ભાષાના ઊર્મિલ કવિએ વાપરેલાં વિશેષણ
આ ગાઢ અંધકારમાં કેમ ઊગી નીકળ્યાં!!
લાગે છે કે અંધારું અને ઊર્મિલતા વચ્ચે જનમ જનમનો નાતો છે.
એ નાતાને પારખીને,
બહારનાં અંધારાં અને અંદરની ઊર્મિલતાથી રસાયેલો એ જણ

ભીતર ઊગેલા ઉદ્‌ગારોને
પાસેના ખરબચડા થડ પર હાથ ફેરવતાં ફેરવતાં સંભળાવી દે છે.
વૃક્ષ પૂરી કરુણાથી – પ્રસન્નતાથી મલકી ઊઠે છે
આજ
એ ટકી જવાનો એટલું તો નક્કી.

*

નોંધ : IIAS – ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ એડવાન્સ સ્ટડી સેન્ટર સંશોધન માટેની જગા છે. રમણીય ગિરિમથક સીમલાથી સ્ટેજ આગળ બાલુગંજમાં – ઊંચાણ પર આવેલી છે. 'રાષ્ટ્રપતિ નિવાસ' તરીકે ઓળખાતી એ જગામાં ભારતભરના સંશોધકો વિવિધ પ્રકલ્પ લઈને આવે છે. ત્યાં ગાળેલ સમયની આ કવિતા.

◈

બધું જ બધે વિખરાયેલું | ઈશાન દોશી

એક જાડું રીંગણું પડ્યું યારી રોડ પર
એનો ચમકતો જાંબલી રંગ દેખાયો
ઘરે જતી કામવાળી બાઈને.
આમતેમ જોયું, ઉપાડી લીધું,
રાતે એને ત્યાં બન્યું ઓળાનું શાક,
મફતનો ઓળો એના વરને બઉ ભાવ્યો
એનાં બાળકોને ઓછો.

ત્રણ ટામેટાં પડ્યાં વર્સોવામાં
એક ટામેટું કૂતરો ખાઈ ગયો,
એ કૂતરાને ટામેટું ખાતાં જોઈ વિચલિત માણસે
બીજા ટામેટા પર પગ મૂકી દીધો
કચડાયેલું ટામેટું જોઈ ત્રીજું ટામેટું ગભરાઈને
ફૂટપાથના ખૂણામાં અવાજ કર્યા વગર બેઠું
એ જ રાતે બે ઉંદરોએ એ ત્રીજા ટામેટાનાં
બસ, બે સંતાન રસ્તા ઉપર બાકી રાખ્યાં
એ સંતાનો ક્યારેય મોટાં ના થયાં.

બે લીંબુ પડ્યાં સાત બંગલામાં
એક કડક લીંબુ આવ્યું કોઈ જાડી સ્ત્રીના પગ નીચે,
પગ મરડાયો, કુંભની જાત્રા રદ થઈ.
બીજું લીંબુ હતું કોઈ બિલ્ડિંગના ચોકીદારની કૅબિન પાસે

ચોકીદારની દાળ આજે સ્વાદિષ્ટ બની ગઈ,
કાલની દાળ માટે અડધું લીંબુ સાચવી રાખ્યું.

સરગવાની સીંગનું બંડલ પડ્યું ચાર બંગલામાં
મર્સિડિસમાંથી ઊતરતી અભિનેત્રીએ
દરવાજો ખોલતાં એ બંડલ જોયું.
પહેલાં ધ્યાન ન આપ્યું,
ખરીદી કરી પાછી આવી
બંડલ ત્યાં જ હતું,
ઉપાડી લીધું, ડ્રાઇવરે રિઅરવ્યૂ મિરરમાંથી નોંધ્યું.
અભિનેત્રીએ સરગવાની સીંગનો સૂપ બનાવ્યો
એ દિવસ પછી સૂપની આદત પડી
એની બીમારીઓ દૂર થઈ
ડ્રાઇવરને નોકરીમાંથી કાઢ્યો, એ બહુ બીમાર પડતો હતો.

ભાગતાં ભાગતાં...
મનીષ નગરમાં પડ્યાં થોડાં ટીંડોળાં,
આઝાદ નગરમાં કિલોભર બટેટાં,
ગિલ્બર્ટ હિલ રોડ ઉપર લીમડાની મોટી ડાળી,
સાગર સિટીમાં ઘણા બધા કાંદા
જેનો ઉપયોગ થયો ત્યાંનાં અમુક ઝૂંપડાંની મટન અને ચિકન કરીમાં.

એની લારી સાથે ભાગતો શાકભાજીવાળો પહોંચ્યો
એના વિખરાયેલા ઝૂંપડા પાસે
એનું બધું જ બધે વિખરાયેલું
એની ઘરવાળી રસ્તા ઉપર પડેલા રીંગણાની જેમ
બુલડોઝરની સામે રડતી, આળોટતી
એનાં બાળકો ત્રીજા ટમેટાની જેમ ગભરાયેલાં
એની પોતાની આંખોમાંથી અડધા લીંબુના ટીપા જેવાં આંસુ
રસ્તા ઉપર સુકાઈ રહ્યાં હતાં.

એણે બચેલી સરગવાની સીંગ ફેંકી બુલડોઝર ઉપર
પોલીસવાળાએ દંડ રૂપે એની લારી પલટી

બધાં જ શાકભાજી ત્યાંથી ભાગી છૂટ્યાં.
બધું જ બધે વિખરાયેલું.

◈

સૉનેટ | ભારતી પ્રજાપતિ

"દોડાવ્યો રણથી અચાનક નદી આરે, ઘડીમાં વને.
લૈ જાતો તરબોળ, રંગ ભરતો! ઘૂમી, ધરાથી નભે!
પ્રાસાદે લઈ, દ્રૌપદી સહ વળી અંતઃપુરે ઠાલવે!
યોદ્ધાથી રણક્ષેત્ર ને તપ સુધી, મૂકે મહામાનવે!

કીધી'તી ઝરૂખે સહેલ હજુ ત્યાં, ખેંચી મને આમળે!
બાંધે શ્વાસ અગાધ, ઝેર જણતી કો કાળમુખી પળે!
ક્ષણોમાં ઉથલાવતો લઈ વળી અંધારને ચોપડે!
હાંફી ગ્યો બહુ, ચિત્તના અટપટા કૈં સાંકડા ઓરડે!

ઓચિંતો અટકી, અનંત તળના એ ગર્ભમાં ખેરવે.
ને ત્રેતાયુગથી કળિયુગ લગી ઊંચો કરી ભેરવે!
'છું તૈયાર?' ન એ કદી પ્રથમ તો ઇચ્છા મને પૂછતો!
લૈ ઊંચા પ્રણ પ્રાણમાં, મનનમાં રાખી મને ઘૂંટતો!

થૈ આજ્ઞાંકિત બાળ, સંગ કવિના દોડી અને થાકતો."
ખૂણામાં સરકી કહે સમય આ, જૈ ટૂંટિયું વાળતો!

◈

ગઝલ | વિકી ત્રિવેદી

હજુ હું લાગણી સમજ્યો, સમજ સમજી નથી શકતો,
હૃદય સમજાય એવું છે, મગજ સમજી નથી શકતો.

પ્રભુ ને માણસોની ભાષા નોખો હોવી જોઈએ,
નહિતર કેમ એ મારી અરજ સમજી નથી શકતો?

ભલે અંધારને પાછો ધકેલે છે યુગોથી પણ,
ઊગે છે રાત ક્યાંથી એ સૂરજ સમજી નથી શકતો.

પ્રભુ જે જિંદગી આપે એ જીવવાની ફરજ છે પણ,
ગમે તે રીતે જીવવાને ફરજ સમજી નથી શકતો.

યુગોથી એની પેઢીઓ સતત બગડ્યા કરી એથી,
અહીંયાં માનવી એની ઊપજ સમજી નથી શકતો.

કરે છે એવો દાવો કે પ્રભુને સમજી બેઠો છે,
હજુ મારી ગઝલ જે નાસમજ સમજી નથી શકતો.

■

પાંચ કાવ્યો | હેન્રિક નોર્ડબ્રાન્ડ્ટ

અંગ્રેજી અનુવાદ : થોમ સટ્ટેરી, ગુજ. અનુવાદ : કમલ વોરા

પુસ્તક

પુસ્તકોની થપ્પીઓમાં હું એ પુસ્તક શોધતો હતો
જે મને કહે કે હું શું કામ શોધતો હતો

અને ઘરોની હારમાં, એ ઘર
જ્યાં કોઈ મને કહી શકે કે હું ત્યાં રહ્યો હતો

અને બધી જ આંખોમાં, એ બે આંખો
જ્યાં મારી નજર ખોડાઈ હતી જ્યારે મેં એમાં જોયું હતું.

પુસ્તક ફાંસીગરો માટેનો એક પાઠ હતો.
પાડોશીઓએ સોગંદ ખાધા કે હું ત્યાં ક્યારેય રહ્યો નહોતો.

અને આંખોએ એમાં ખાતરી પુરાવી.
કંઈ પાકું કરી શકે તે માટે મારી પોતાની આંખો ખૂબ ધૂંધળી હતી.

સ્ક્રૂ

મારા સપનામાં મને એ સ્ક્રૂ મળી ગયો
જે બધું જ ભેગું રાખતો.

પણ સ્ક્રૂની મારી શોધખોળ દરમ્યાન
એની માહિતી-પુસ્તિકા ખોવાઈ ગઈ
અને છેવટે જ્યારે મને માહિતી-પુસ્તિકા મળી આવી
એક દાંતાચક્ર ખૂટતું હતું
અને એક યંત્ર, જેનું નામ હું ભૂલી ગયો છું.

મને ખ્યાલ હતો કે હું વ્યસ્ત હતો
પણ શા માટે, એનો નહીં.

મને એ પણ જાણ હતી કે મારે પાછું ફરવું જોઈએ
પણ ક્યાં, એની નહીં.

માહિતી-પુસ્તિકા ભૂરા રંગની અને સચિત્ર હતી
જેમાં એક ઊંઘતો માણસ
ઊંઘમાં મલકતો હોય એવું ચિત્ર હતું.
દાંતાચક્ર, સામાન્યપણે દાંતાચક્રો હોય એવું જ હતું
અને યંત્ર કોઈ સામાન્ય જૂના યંત્ર જેવું.
સ્ક્રૂ જે બધું જ પકડી રાખતો હતો
સ્વાભાવિક છે કે અસાધારણ હતો,
અલબત્ત, તમે ધારતા હો એટલો બધો અસામાન્ય નહીં.
છેવટે જ્યારે મેં એને એની જગાએ ગોઠવી દીધો
અને બધું જ એકઠું કરી લેવાયું
મને ખ્યાલ આવ્યો કે મારી પત્ની મને તજી ગઈ હતી
અને મારાં બાળકો મોટાં થઈ ગયાં હતાં.
ન ચૂકવાયેલાં બિલોનો મોટો ઢગલો
ટેબલ પર પડ્યો હતો.

મેં બધું જ તોડીફોડી નાખ્યું અને ફરી એકડો ઘૂંટ્યો.

આઝાદીનું સપનું

જગત આખા પર અંધકાર છવાયો છે અને હું મોડેથી જાગું છું
મને મુશ્કેટાટ બાંધી રાખનાર જણો મને દેખાતા નથી
પણ એમનાં ઉપકરણોથી મારી આકારણી કરતા
અનિશ્ચિત અને ઘાંઘા થઈ એ અંધારું ફંફોસતા હોય
ત્યારે એમની હરફર હું વરતી શકું છું.
અને જાણે કે પ્રકાશનું એક કિરણ એકાએક દિશા બદલતું
મારી આ નિર્બળ દશામાં મને સમેટી રાખતા ગુપ્ત ભાગ
ભણી વળે છે
મારાં ગાત્ર અવકાશમાં વેગભેર ઊડી જાય છે અને
અનહદ આનંદમાં તણાઈ જાય છે.
એમને પણ ન વરતાયું
દોરડે વીંટાળેલો આ તે વળી કેવો માણસ
ત્યાં ઊંધે માથે લટકાવી દેવાયો હતો

જેનું પરિવર્તન એમની રાતોને સ્મૃતિ દેવા માટે હતું
અને જેની પાંખોનો ફફડાટ એમના દિવસોને...

તમે સોના માટે ખોદશો તો ત્યાં સોનું હશે

તમે સોના માટે ખોદશો તો ત્યાં એ મળી આવશે.
અખબારી અહેવાલ અનુસાર, ઘેલું લોક એવું માની લે છે.
તીકમ અને ઘમેલાં વેચનારાઓને જલસા છે.
બહુ જ જલદી આ બધા ખાડાઓને કારણે ચાલવું અશક્ય થઈ જવાનું.
ખાડાઓ અને નિશાનીઓ. મનાઈઓનો અતિરેક
અને પછી સત્તાવાર અમલબજવણીઓ
જેથી ખાડાઓ ઝડપભેર પુરાઈ જાય.
એટલે જ રાષ્ટ્ર એનાં યુદ્ધો જીતે છે અને
સરમુખત્યાર કાયમ યુવાન રહે છે.
જે કોઈ આનાથી ઊંધું બોલે છે
તે જ બધા ખાડાઓ માટે જવાબદાર છે.

ટૂંકો રસ્તો

સમય આપણને વરતાતો હોય એવો નથી હોતો
એવી હળવી ટકોર મેં સાંભળી.
એને વધુ સારી રીતે સમજવાની રીતો છે
દાખલા તરીકે, કેટલાક રસ્તાઓ.
એવો કોઈ તમે જોશો કે
તમે તરત જાણી જશો એ ક્યો છે
અને તમે ચાલવા માંડશો.
પહેલું જોજન વરસો લગાડતું હોય એમ લાગશે
અને તે પછીનું દરેક જોજન
અગાઉના કરતાં બમણું લાંબું લાગશે,
કારણ કે તમારે ફરીને જતા રસ્તે જવું પડશે
અને તમારા દરેક હાથમાં ભારેખમ્મ સૂટકેસ હશે.
રસ્તે તમારે બધું જ ધ્યાનપૂર્વક જોવું પડશે
ખાસ તો જૂન મહિનાના આરંભે
ગીચ ઝાડીને જોતા અરીસા સામે પડેલા નાના ટેબલ પર

પ્રસાધનની સામગ્રી કઈ રીતે ગોઠવાઈ છે તે
અને આ બધું તમે જ્યારે હૈયે ઉતારી લીધું હશે
તમે પાછા ફરશો
તમે નીકળ્યા હતા તે સમય કરતાં તમે ઇચ્છો તેટલા વહેલા.
તો જો
દાખલા તરીકે, તમે કોઈને જાણતા હો જે મૃત્યુ પામેલ છે
અને એ વિશેનો વિચાર જીરવી શકતા ન હો
તમે હજુય એ ટાળી શકો છો
જો તમે અબઘડી નીકળી પડો
એવો કોઈ રસ્તો મળી જાય એ આશાએ.
જે પળે તમે જોશો કે તરત જ જાણી જશો કે
તમે ત્યાં અગાઉ આવ્યા હતા કે કેમ.

* અહીં પ્રસ્તુત કાવ્યો યુરોપના અગ્રણી ડેનિશ કવિ હેન્રિક નોર્ડબ્રાન્ડ્ટ(જ.:૧૯૪૫)ના કાવ્યસંગ્રહ The Hangman's Lamentમાંથી લીધાં છે.

◈

'મને પણ નવાઈ લાગી.' ચંદુભાઈએ મને કહ્યું હતું કે, 'બાપુ આમ કાં કરે? ખાલી બાકસ લઈને બગીમાંથી ઠેકડો મારીને નીચે ઊતર્યા. હાથમાં સાવ ઠાલવી નાખેલું ખાલી બાકસ! ત્યાં તો એમણે બાકસની દીવાસળીઓ કાઢીને બાબુને આપી દીધી.' ચંદુભાઈ બોલ્યા હતાઃ 'મનેય થયું તો ખરું કે આવા રમતરાળા બાપુને શોભે? પણ આપણાથી બોલાય નહીં. જોયા કર્યું. બાપુ ઊતરીને સામેની ઝાડી તરફ ગયા. ચોમાસાને કારણે ત્યાં કાદવકીચડનું કચકાણ. તોય બાપુ ગયા. જાળવીને પગ મૂકતાં મૂકતાં છેક ઝાડીમાં ગયા અને એક ડાળખી ઉપરથી એક જીવડું ઝપટ મારીને પકડી લીધું. એમ કરતાં થોરના કાંટાય વાગ્યા હશે. લોહી પણ નીકળ્યું હશે, પણ એની પરવા કોને? મોઢા ઉપર હરખ તો માય નહીં. જીવડાને બાકસમાં પૂરીને પાછા આવ્યા. મને સોંપીને કહે, 'ચંદુલાલ, આ જીવડાને ઘણું કરીને બાઘડ કહેવાય છે. છતાં તમે જોજો. આપણા શબ્દકોશને આપણે કંઈ નકરી ડિક્શનેરી બનાવવાની નથી. જ્ઞાનકોશ પણ બનાવવાનો છે. આ જીવડું બાઘડ જ છે એની ખાતરી કરવી. પછી એનું ચિત્ર બનાવવું – એ ક્યાં, કઈ ઋતુમાં થાય. એની ઉત્પત્તિ, પ્રજનન, એની વિશિષ્ટતા એ બધુંય આપણે સંશોધન કરીને નક્કી કરવું અને ભગવદ્‌ગોમંડળમાં આમેજ (સામેલ) કરવું.'

('શબ્દયોગી' ચંદુલાલ બહેચરલાલ પટેલ, શબ્દનાં સગા, પૃ. ૯૦,
લે. : રજનીકુમાર પંડ્યા)

મહાકાય

ભરત મારૂ

નાની એવી ટેકરીની તળેટીમાં વસેલું ગામ હવે પહેલાં જેવું શાંત નથી. ક્યાંક હજુ જૂનાં ખોરડાં દેખાય છે અને ક્યાંક નવાં મકાનો બની ગયાં. પાદરમાં આવેલી દુકાન હવે એકલી નથી રહી. ધૂળિયો મારગ સિમેન્ટના રસ્તામાં ફેરવાઈ ગયો છે. એના પર વાહનોની અવરજવર વધી ગઈ છે. સાઇકલ અને બળદગાડાની જગ્યા બાઇક અને ગાડીએ લઈ લીધી છે. વર્ષોથી વડવાઈ ફેલાવીને ઊભેલા વડ નીચે આવેલો ઓટલો હજુ શાંત છે, એને કદાચ બહારથી પસાર થતા સમય સાથે નથી ચાલવું. ઓટલા પર બેઠેલા વજુભાઈએ પગના તળિયામાં બીડી ઘસીને ઓલવી નાંખી. એમના નાકમાંથી ધુમાડો છેલ્લા શ્વાસની જેમ નીકળ્યો. લાંબી સફેદ મૂછમાં આશરો લેવા માટેનો એનો પ્રયાસ હવામાં ઓગળી ગયો. વજુભાઈના કપાળમાં ત્રાંસી રેખાઓ થોડી વધુ ઊંડી થઈ. ખેડેલી જમીન જેવા ખરબચડા ચહેરા પર એમણે હાથ ફેરવ્યો. પછી માથા પર હાથ રાખીને એમણે ઉપર જોયું, પણ પંખીઓના ખાલી માળા જોઈને નજર રસ્તા પર ઢાળી દીધી. પાઘડીની જેમ વીંટેલું ફાળિયું સહેજ ઢીલું પડ્યું, એમણે આખું ફાળિયું ખોલીને ફરી માથા પર વીંટ્યું. ભારે વાહનોની અવરજવર પણ હવે વધી ગઈ હતી. ટ્રક અને જેસીબીનાં ટાયર જાણે ગામની જમીનને દબાવતાં હોય એવું એમને લાગ્યું. એન્જિનના ઘરઘરાટથી વાતાવરણ અશાંત થયું. અવાજો થોડા દૂર થયા એટલે બાજુમાં બેઠેલા ભુરાબાપાએ પૂછ્યું.

"બધાય રૂપિયા આવી ગ્યા ને ખાતામાં?"

"હા હો, આવી ગ્યા." વજુભાઈએ કહ્યું. પછી એમણે બરછટ હથેળીથી સફેદ લેંઘા અને શર્ટ પરથી ધૂળ ખંખેરી.

"તો હારું કેવાય. અમારે તો હજી અરધા બાકી સે."

"તમારી તો જમીનેય ઝાઝી હતી ને. મારી તયણ વીઘા જમીનના રૂપિયા સરકારને તો કાય નો ગણાય. ફટ કરતા બાર લાખ આપી દીધા."

"એલા! સરકાર નય, કંપની."

"હા ઈ બેય એક જ ને. સરકારે કંપનીને કોલસો કાઢવાનું કામ દીધું તો ઈ સરકારનું જ કામ કેવાય." વજુભાઈ બોલ્યા પણ રસ્તા પરથી નીકળેલા એક ટ્રકના અવાજ નીચે એમનો અવાજ દબાયો.

"તો વજુભાઈ, હવે ઇ રૂપિયાનું શું કયરશો?"

વજુભાઈ વિચારમાં ખોવાયા. એમને કોઈ જવાબ સૂઝતો ન હતો. એમની ઊંડી ઊતરી ગયેલી આંખો સ્થિર હતી, સીમ તરફના રસ્તા પર મંડાયેલી હતી. ગાડામારગ હવે પહોળા રસ્તામાં ફેરવાઈ ગયો હતો. કંપનીના કર્મચારી સિવાય ત્યાં કોઈ જઈ ન શકે એ માટે ફાટક બની ગઈ હતી. ગામની પાછળ ટેકરી અને એની પાછળ અફાટ જંગલ પથરાયેલું હતું. શહેરમાંથી આવતા રસ્તા તરફ તો વજુભાઈ પીઠ ધરીને બેઠા હતા.

"તમારે એક હારું છે. ન કોય પરજા કે ન કોય ભાયુ. બેય માણહને જલસા. કોયની જવાબદારી જ નય ને આ ખાધેય નો ખૂટે એટલા રૂપિયા." ભુરાબાપાના શબ્દો સાથે એનું હાસ્ય પણ ભળ્યું. એમના દાંતનું ચોકઠું ચમકતું હતું.

વજુભાઈની નજર આમતેમ ફરવા લાગી. એમણે ખિસ્સામાંથી એક બીડી કાઢીને હાથમાં પકડી રાખી. એ બોલ્યા,

"મારા બાપા કે'તા કે 'જો વજ્યા, આ જમીન નો વેસતો કોય દી. આ આપણી મા સે અને જો વેસવી હોય તો પાછી બીજી લય લેજે."

"એલા પણ તયે ઈમને થોડી ખબર હતી કે જમીનુના ભાવ હાવ હરગી જાહે. હવે તારે લેવી હોય તો ગામ બદલવું પડે. આપણા ગામમાં તો આ કંપની આવી તે દીના ભાવ આભને આંબી ગ્યા સે."

"હવે સાઠ વરસે ગામ બદલવું કાઠું પડે હો. આમેય મારે ક્યાં જમીન વેસવી'તી? આ તો કંપનીવારા સરકારને ભેગી રાખીને ઘરાર લય ગ્યા." બોલીને વજુભાઈએ બીજી બીડી સળગાવી. ઉપરાછાપરી ત્રણ કસ ખેંચીને ધુમાડો બહાર કાઢી નાંખ્યો. એ ફરી બોલ્યા,

"ગામને પસવાડે એક વાડો લય લયશ. ઈમાં શાકભાજી વાવીને ખાયશ....બીજું હુ?"

"હા ઈ કરાય. પે'લા ધાન ઉપર નભતા આપણે...હવે લીલોતરી ઉપર નભવાનું..." ભુરાબાપાએ ગામ તરફ નજર કરીને કહ્યું. વજુબાપાએ ફરી સીમ તરફ નજર કરી. દૂર એમનું ખેતર હતું ત્યાં હવે માટી અને પથ્થરના નવા ડુંગરો રચાઈ ગયા હતા. ચારેતરફ ધૂળ ઊડતી હતી. જેસીબી અને ટ્રક કોઈ નાના જંતુ જેવાં દેખાતાં હતાં. એમણે નજર ફેરવીને સામે દુકાનમાં જોયું. ત્યાં એક જૂનો હૅન્ડપંપ પડેલો હતો. એને થયું કે આમાં દવા ભરીને દૂર દેખાતા બધા જંતુઓ પર ફુવારો છાંટી આવું તો ખેતર ચોખ્ખું થઈ જાય. ખેતર? કોનું ખેતર? મારું, કંપનીનું કે સરકારનું? માટીનું કે કોલસાનું?

"પણ વાડો તો અરધો વીઘોય નો થાય. ઈના કરતાં તો વ્યાજે દય દે." ભુરાબાપના શબ્દોથી વજુબાપાનું ધ્યાન ખેંચાયું.

"એલા તુય ગજબનો માણહ સે. આપણે જમીનમાં લોય રેડવાવાળા માણહ હવે કોયનું લોય પીય હકયે? આવી વાત જ નો કરાય." વજુભાઈનો અવાજ ઊંચો હતો. એમણે ફરી એક બીડી હાથમાં લીધી. માચીસમાં દીવાસળી એવી જોરથી ઘસી કે એ

ભાંગી ગઈ. બીજી બે દીવાસળી પણ ભાંગી એટલે બીડી-બાકસ બાજુ પર મૂકી દીધાં. રસ્તા પર રોજની જેમ લાંબી ગાડીઓ પસાર થવા લાગી. કોઈ ગાડી ગામમાંથી અને કોઈ શહેર તરફથી આવવા લાગી. રસ્તો ફરી ધમધમાટ કરવા લાગ્યો. વડ નીચે બેઠેલા બંને વૃદ્ધની આંખો સામેથી સમય પસાર થવા લાગ્યો. કંપનીના અધિકારીઓ લાંબી ગાડીઓમાં પસાર થવા લાગ્યા. એમાંથી કોઈ સાહેબની નજર વડ તરફ પડતી, કોઈ વળી હાથ પણ ઊંચો કરતા ત્યારે ભુરાબાપા પણ હાથ ઊંચો કરીને જોરથી બોલતા, "એ...રામ." એમના ઓટલા પર લટકતા પગ પણ ત્યારે હલવા લાગતા. પણ વજુભાઈ પલાંઠી વાળીને બેસી ગયા હતા. એમના લાંબા હાથ ઓટલા પર પાછળની બાજુએ ટેકવેલા હતા. બધું રોજની જેમ જ ચાલતું હતું ત્યારે એક અજાણી ગાડી શહેર તરફથી આવી. એ જૂની ગાડીમાં આગળ કંઈ લખેલું પણ હતું. વજુભાઈ ટટ્ટાર થયા એટલે ભુરાબાપાએ પૂછ્યું,

"એલા, આ કોની ગાડી છે?"

"હયશે કોક નવા સાયબ, આપણે હુ?" કહીને વજુભાઈએ પલાંઠી ખોલીને પગ નીચે લટકાવ્યા. થોડી વારે એક મોટરસાઇકલ આવીને વડ પાસે ઊભી રહી. ભુરાબાપા તરત જ બોલ્યા.

"એલા રમલા! દૂધ દયને આવતો રયો?"

"હા હો બાપા. આજ બે લગવા બંધ હતા એટલે વે'લો આવી ગ્યો."

"તો લે હવે બીડી પી." બોલીને વજુભાઈએ બીડી આપી. રમેશે બીડી સળગાવી અને એ જ સળગતી દીવાસળીથી વજુભાઈએ પોતાની બીડી પેટાવી. બે કસ ખેંચીને એમણે પૂછ્યું,

"હેં રમલા! આય જ તો કોક નવી ગાડી આવી સે. ઈ કોણ હયશે?"

"જુનવાણી ગાડી હતીને?"

"હા."

"તો ઈ પુરાતન ખાતા વારા આવવાના હતા ઈ જ હયશે."

"ઈ વરી કોણ?"

"આપણી સીમમાં જે ખોદકામ હાલે છે ને? એમાં કાયક જૂના પાણા કે કોક પ્રાણીઓનાં હાડકાં કે એવું કાયક નીકરુ હયશે. એમ કે'વાય છે કે આયા લાખો વર્ષો પે'લાં દરિયો હતો."

ભુરાબાપાની ભમરો ઊંચી થઈ. એ બોલ્યા,

"એલા વજુ! ઓલુ ભજનમાં નથ આવતું કે જળ હોય ન્યાં થળ કરે ને થળ હોય ન્યાં જળ કરે ઈના જેવું જ હો. વાહ રે ઈશ્વરની માયા વાહ!" એમની આંખો હજુ પહોળી હતી. વજુભાઈ જાણે ભજન યાદ કરતા હોય એમ થોડી ક્ષણ વિચારોમાં ખોવાયા. પછી અચાનક કંઈક યાદ આવતાં બોલ્યા,

"હે રમલા! તો તો જમીન અમને પાછી મળી જાય કે?"

રમેશ હસ્યો. બીડીનો ધુમાડો એના મોંમાંથી આપમેળે બહાર નીકળી ગયો.

"અરે વજુબાપા! કંપનીના પેટમાંથી જમીન પાછી આવે કોઈ દિ? ઈ વાત ભૂલી જાવ હવે."

"બરોબર." કહીને વજુભાઈ ઓટલા નીચે ઊતરીને ચાલતા થયા. રમેશ બબડ્યો "આ ક્યાં હાલતા થય ગ્યા?"

ભુરાબાપા હસીને બોલ્યા,

"ઈની જમીન વય ગય એટલે ગાંડા જેવો થય ગ્યો સે."

વજુભાઈ પોતાના ઘર તરફ જતી ગલીમાં પહોંચ્યા. ગલીની બંને તરફ આવેલા મોટા ફળિયાવાળા ઘરમાં રહેલા ટ્રૅક્ટર તથા ખેતીનાં સાધનો દેખાતાં હતાં. વજુભાઈ આ બધું પસાર કરીને છેલ્લે આવેલા પોતાના ખોરડે પહોંચ્યા. બંને ઓરડાના દરવાજા બંધ હતા. ઓસરીમાં આવેલા ચૂલામાં લાકડાં સળગતાં જોઈ એ બબડ્યા "આ ક્યાં વય ગય?"

એમણે ફળિયામાં આવેલી ગમાણ તરફ જોયું. ત્યાં હવે કોઈ હલનચલન ન હતું, બધા ખીલા ખાલી હતા. કાંધીમાં લાંબા પાઇપનો ખડકલો, ગમાણમાં ઘાસની જગ્યાએ ત્રિકમ, પાવડા, તગારા, લોખંડનો ભંગાર અને ખૂણામાં પડતર થઈને પડેલું બળદગાડાનું એક પૈડું, બધું જ સ્થિર હતું. એવામાં મણિબહેન આવી ગયાં. એમની પીળા રંગની સાડીના છેડામાં કંઈક બાંધેલું હતું. પગથિયાં પર બેઠેલા વજુભાઈ તરફ એક નજર કરી એ રસોડામાં ગયાં, થાળી અને છરી લઈને આવ્યાં.

"ખાવાનું થય ગ્યું?"

મણિબહેને પહેલાં થાળી નીચે પછાડી પછી નીચે બેસી ગયાં.

"અટાણમાં ખાવાનું થય જાય? શાકમાં કાય નો'તું એટલે બાજુમાંથી ડુંગરી લય આવી. તમી જમીન દયને નવરા થય ગ્યા, હું રસોડેથી થોડી કોય દી નવરી થાવાની?"

વજુભાઈ મૌન રહ્યા. એમની નજર પોતાના ઘસાયેલા ચંપલ પર હતી. થોડી વાર પછી એ ઊભા થઈને ખાટ પર બેઠા. પગની ઠેસ મારી ખાટ ઝુલાવીને હીંચકવા લાગ્યા. એમના ચહેરા પર હવાની હળવી થપાટો અથડાવા લાગી, એમની આંખો બંધ થઈ ગઈ.

"પાદરમાં એક દુકાન નાંખી દ્યો ને? હાવ નવરા આંટા મારો સો તો." ખાટના કિચૂડ કિચૂડ અવાજ સાથે મણિબહેનનો અવાજ ભળી ગયો.

"હવે ઈ દુકાનના ધંધા મારાથી નો થાય." વજુભાઈ આંખો ખોલીને બોલ્યા. પછી ગમાણમાં રહેલા બળદ બાંધવાના ખાલી ખીલા તરફ એકધારું જોતા રહ્યા.

"આમ બેઠા બેઠા તો બધાય રૂપિયા વપરાય જાહે. જમીન તો ગય...રૂપિયાય વયા જાહે."

વજુભાઈએ પગ ભરાવીને ખાટ ઊભી રાખી દીધી. એમની નજર ખીંટી પર લટકતી એક થેલી પર પડી. અમુક કાગળ એમાંથી બહાર ડોકિયું કરી રહ્યા હતા. એની પાછળ ભીંત પર એક ગરોળી સ્થિર થઈ ગઈ હતી.

"તો મારે થોડી દેવી'તી જમીન? તને તો ખબર સે ને હું કેટલું ધોયડો. સરકાર હામે કોયનું હાલે સે? ઘણાય આપણા જેવા હતા જીને જમીન નો'તી દેવી. તોય કંપનીવારા લય જ ગ્યા ને."

"રાંડના આપણી થોડી જમીન હતી ઈય ખાય ગ્યા."

કહીને મણિબહેને સાણસીથી શાકનું તપેલું નીચે ઉતાર્યું. પછી એ ધીમેથી બબડ્યાં,

"રોટલા ઘડવાની હજી વાર સે. ઘડીક ખાટલે લાંબા પડો."

વજુભાઈ ખાટ પરથી ઊભા થયા અને ઓરડામાં જતા રહ્યા. જમતી વખતે મણિબહેનને પૂછ્યું, "બીજો રોટલો તો લ્યો?" પણ વજુભાઈ ચુપચાપ એક જ રોટલો ખાઈને ઊભા થઈ ગયા, થાળી ફળિયામાં મૂકીને પોતાના ઓરડામાં જતા રહ્યા. ખાટલામાં પડખાં ફરતા રહ્યા. વળી એમને યાદ આવ્યું એટલે સૂતા સૂતા મોબાઇલમાં કોઈ ભજન શોધવા લાગ્યા. થોડી વાર પછી એક પ્રભાતિયું એમાં ચાલુ કર્યું. એમાં "અને વા'લા જળ ને થળ તો અગમ છે અને તારી કાયા છે વિનાશી" વાળી કડી બે વાર સાંભળી. પંખો ગરમ હવા ફેંકતો રહ્યો અને એ ભજન સાંભળતા રહ્યા. ચાર વાગ્યે વજુભાઈ બહાર નીકળ્યા. મણિબહેનને ચૂલામાં ફૂંક મારતાં જોઈ એ બોલ્યા,

"મારી ચા નો બનાવતી. હું પાદરે પીય લયહ."

વડ નીચે ઓટલો ખાલી જોઈને વજુભાઈના પગ સીમ તરફ વળ્યા. તાપ હજુ ઓછો થયો ન હતો. એમણે ફાળિયું માથા પર ઓઢી લીધું. એક સમયનો ગાડામારગ હવે ગાડીઓનો રસ્તો બની ગયો. સમથળ જમીન હવે ડુંગરાળ દેખાતી હતી. રસ્તાની એક તરફ એક પાળા પર ચડીને એમણે પોતાના ખેતર તરફ નજર કરી. એ બબડ્યા, 'આયા દરયો હયશે પે'લા!' ટ્રક, ટ્રેક્ટર અને જેસીબીનો ધમધમાટ બંધ હતો. દૂર અધિકારીઓ ટોળે વળીને ઊભા હતા. કામ કેમ બંધ હશે એવા સવાલ સાથે એ પોતાના ખેતરની વધુ નજીક જવા આગળ વધ્યા. પણ થોડે દૂર આવેલી ફાટક બંધ હતી. ત્યાં સિક્યૉરિટીના બે માણસોએ વજુભાઈને રોક્યા.

"ઓ કાકા! ક્યાં જવું છે?"

"કામ બંધ સે? આ નવા સાયબો શું કરવા આયવા?"

"હા કામ બંધ છે. પણ તમે શું કરવા આવ્યા? કોનું કામ છે?"

"આયા મારું ખેતર હતું." એટલું બોલ્યા પછી 'મારા બાપદાદા વખતની મારી જમીન હતી.' એવું વાક્ય એમના ગળામાં ક્યાંક અટકી ગયું.

"તમને વળતર તો મળી ગયું ને? તો હવે શું કામ છે?"

"ખાલી જોવા આયવો'તો ભાઈ!" કહીને વજુભાઈએ દૂર નજર કરી. વાડીની કોઈ નિશાની હવે નથી દેખાતી. માટીના ઢગલા, ઊંડા ખાડા અને પથ્થરોના ખડકલા જોઈ એમની આંખો ચમકવા લાગી. એમણે આંખોના ખૂણા લૂછી નાંખ્યા. કોઈ શિકારી જાનવરે

જેમ ગાયની ચામડી ઉતારી લીધી હોય એમ એમની જમીન દેખાતી હતી. એમને લાગ્યું કે જાણે આખેઆખી જમીન કોઈ ઉપાડીને લઈ ગયું અને ગળી ગયું.

"કાકા! ગઈકાલે ખોદકામમાં અમુક બહુ મોટાં હાડકાંઓ મળ્યાં છે, એટલે કામ બંધ છે. આજે જે સાહેબો આવ્યા એ તપાસ કરશે."

"તો કામ બંધ થય જાહે? જમીન પાસી અમને મળી જાહે?"

સિક્યૉરિટીવાળા બંને એકબીજાને જોઈ હસવા લાગ્યા. વજુભાઈ ગામ તરફ ચાલતા થયા. વડ નીચે ભુરાબાપા અને નિશાળના માસ્તર મગનભાઈ બેઠા હતા. મગનભાઈએ બૂમ પાડી, "એ આવો વજુબાપા, ચા પીવા."

વજુભાઈ પણ ઓટલા પર બેઠા.

"આમ ક્યાં ગ્યા'તા?"

"ખાલી...જોવા ગ્યો'તો. સીમ તો આખી ખોદી નાયખી એલા. આજ તો વરી નવા અધિકારી આયવા સે. એટલે ન્યા જાવાય નથી દેતા."

થોડી વારમાં ચા આવી, રકાબીઓ ભરાઈ. ચા પીયને મગનભાઈ બોલ્યા

"અમથેઅમથા નાટક છે બધાય. હવે કાયક સફેદ વસ્તુ નીકળી તો એ બધાયને એમ કે હાડકા છે. પે'લા દરિયો હતો ને કદાચ કોઈ મોટાં માછલાંનાં હાડકાં હયશે એવા ફાંકા મારે છે."

"એટલે ખેતરમાં માયછલા દટાય ગ્યાં ઇમ?"

પૂછીને વજુભાઈએ બીડી સળગાવી.

"હા બોવ મોટા. એમ સમજો ને કે રાક્ષસ જેવા. આજથી કરોડો વર્ષો પહેલાંના."

"ઓહો...ઈ કેમ ખબર પડે?"

"હાડકા પરથી."

"ઈ ખાતા હુ?" ભુરાબાપાએ પૂછ્યું.

"નાનાં માછલાં હોય એને મારીને પોતાનું પેટ ભરતાં આ મોટાં માછલાં." મગનભાઈ માસ્તર બોલ્યા. વજુભાઈએ બીડી પગના તળિયામાં ઘસીને ઓલવી નાંખી, ઠૂંઠું ફેંકી દીધું. એમની નજર દૂર જ્યાં એમની જમીન હતી એ તરફ મંડાઈ. કૂવો, નાની ઓરડી, પીપળાનો છાંયડો, પાણીનો ધોરિયો, બળદગાડું, ખાટલો બધું જ એમની આંખો સામે તરવા લાગ્યું. એમણે આંખો બંધ કરી દીધી. ભુરાબાપાએ પૂછ્યું,

"તો હે માસતર! ઈ માયછલા કેવડા મોટા હોય? હાથી જેવડા?"

"ના. હાથીથી પણ મોટા. આપણી નજરમાં ન સમાય એવડા, મહાકાય."

વજુભાઈને બંધ આંખોના અંધારા તળે કંપની અને એનાં વાહનો દેખાવા લાગ્યાં.

■

માથાબોળ

મનહર ઓઝા

માથામાં સળવળાટ થયો. મેં વાળમાં હાથ નાંખ્યો. હાથમાં જૂ જેવું આવ્યું. જોયું તો મોટી જૂ હતી. હજુ પણ કશુંક ફરકતું હતું. ફરી માથામાં હાથ નાંખ્યો, પોચું પોચું કશુંક પકડાયું. જોયું તો નાની કાળી ઇયળ હતી. ડરીને મેં તેને જમીન પર નાખી દીધી. હવે માથામાં સળવળાટ વધ્યો હતો. મેં માથું ધુણાવ્યું, તે સાથે જ તેમાંથી જૂઓ અને કીડા મારા શરીર અને જમીન પર પડવા લાગ્યાં. કીડા ધીરે ધીરે મોટા થતા જતા હતા. મારા શરીર પર સરકતા કીડાથી મને ચીતરી ચઢી. મેં જોરથી ચીસ પાડી.

'મમ્મી..!' બાળકની ચીસ સંભળાઈ.

હું ઝબકી.. મારી આંખો ખૂલી ગઈ. ઓહ.. આ તો સપનું હતું. મને હાશ થઈ.

મને માથામાં ખંજવાળ આવતી હતી. મારાથી રહેવાયું નહીં. માથામાં હાથ નાખીને ચેક કર્યું. ના.. જૂ કે એવું કશું હતું નહીં. થોડું ખંજવાળી લીધું, સારું લાગ્યું. વધારે ખંજવાળવાની ઇચ્છા દબાવીને હાથ પાછો ખેંચી લીધો. પેટમાં સળવળાટ થયો. મેં પેટ પર હાથ ફેરવ્યો. એસીનો અવાજ રાજનનાં નસકોરાં સાથે સૂર પુરાવતો હતો. ડિમ લાઇટનું અજવાળું રૂમમાં ફેલાયેલું હતું. વૉલકલોક પ્રમાણિકતાથી પોતાની ફરજ બજાવી રહી હતી. બે ને વીસ થઈ હતી. હજુ તો અડધી રાત બાકી હતી.

કાચની બારી બહાર મારી નજર પડી. આકાશ ચોખ્ખું હતું. સપ્તર્ષિ તારાનું ઝૂમખું ઝગમગતું હતું. મને બાળપણના દિવસો યાદ આવી ગયા. હું તે વખતે સાત વર્ષની હોઈશ. ઉનાળામાં અમે ધાબે પથારી કરીને સૂતાં. હું મમ્મી-પપ્પાની વચ્ચે સૂઈ જતી. પપ્પા આકાશમાં ઊગેલા સપ્તર્ષિના તારા વિશે વાત કરતા. મને ચમકતા તારા બહુ ગમતા.

મમ્મી કહેતી, કોઈ મરી જાય ત્યારે, તે આકાશમાં તારો બની જાય. મમ્મી-પપ્પા પણ હવે તારા બની ગયાં હતાં. પેલા સપ્તર્ષિની નીચે દેખાતા બે ઝીણા તારાઓમાં સ્થિર તારો પપ્પાનો અને પેલો ઝબૂકતો તારો મમ્મીનો હશે. આમ પણ મમ્મી બહુ ચંચળ હતી. આજે મમ્મી હોત તો હું પિયરમાં હોત.

નખ ઉપર મારી નજર પડી. તેમાં કાળો મેલ ભરાઈ ગયો હતો. બીજા હાથના નખથી મેલ કાઢીને સૂંઘ્યો. તેમાંથી એક જાતની વાસ આવતી હતી. મેલ નીચે ફેંક્યો.

રાજનને પણ તેની વાસ ગમતી ન હતી. તે મારાથી દૂર રહેતો. અત્યારે પણ તે મારાથી દૂર પડખું ફેરવીને સૂતો હતો. મારા વાળનું શું કરવું? દિવસે ને દિવસે તે ગંદા થતા જાય છે. મારી નજર ફરીથી આકાશ તરફ ગઈ. સમર્ષિના તારા વાદળની સોડમાં લપાઈ ગયા હતા. ફરી પાછો પેટમાં સળવળાટ થયો.

'આ બબુ પણ ખરું છે. અડધી રાતે જાગે છે. કદાચ તેને ભૂખ લાગી હશે. હું ઊભી થઈને રસોડામાં આવી. કબાટમાંથી ડબ્બો લઈ તેમાંથી મેથીપાકનું ચકતું કાઢીને ખાવા લાગી. પહેલાં મને ગળ્યું ભાવતું ન હતું પણ જ્યારથી પ્રેગ્નન્સી રહી હતી, ત્યારથી ભાવવા લાગ્યું છે.

મારી સાસુ કહેતાં, 'બેજીવાતી સ્ત્રીઓને જાતજાતનું ખાવાની ઇચ્છા થાય.' મને પણ એવું જ થતું. તેમણે જ મારા માટે મેથીપાક બનાવ્યો હતો. મારાં સાસુ આમ તો સારાં હતાં. ધાર્મિક અને અંધશ્રદ્ધાળુ પણ ખરાં. એમના મનમાં જે આવે તે પોતે તો કરે જ, બીજાનેય કરાવે. તેમનો આ દુરાગ્રહ મને જરાયે ગમતો ન હતો. શરૂ શરૂમાં તો હું, એ જેમ કે' તેમ કરતી. એક દિવસ મેં રાજનને પૂછ્યું.

'રાજ, આ મમ્મીનો સ્વભાવ પહેલેથી જ આવો છે?'

'કેમ શું થયું?'

'કશું નહીં.. અમસ્તું જ પૂછું છું.'

'હા, એનો સ્વભાવ થોડો જિદ્દી છે પણ દિલની સાફ છે. તારે એની હા એ હા કરવાની.'

'તો તો એમને ફાવતું જડી જાય.'

'જો તું તેનો વિરોધ કરીશ તો ઝઘડા થશે અને મને ઝઘડા પસંદ નથી.' તેણે નારાજ થઈને કહ્યું હતું.

'તું ચિંતા ના કરીશ. ઘરની શાંતિ ડહોળાય એવું હું કશું જ નહીં કરું.'

'મને ખબર છે કે, તું સમજું છે.' પછી મારા ગાલ પર ટપલી મારીને તે હસી પડ્યો હતો.

બસ તે દિવસથી મેં મન સાથે સમાધાન કરી લીધું હતું. રાજન બહુ પ્રેમાળ હતો. તેને ઝઘડા અને ખટપટ ગમતી નહીં. તે મને કહેતો.

'જો શ્રી, મમ્મીને ન ગમતી હોય તેવી અમુક વાતો તેને કહેવાની જ નહીં. હું પણ નથી કહેતો. કહીએ તો પ્રૉબ્લેમ થાયને!' મને પણ તેની વાત સાચી લાગતી. ઘરમાં બધી વ્યક્તિઓ સરખા સ્વભાવની ન હોય. થોડીક બાંધછોડ કરવાથી શાંતિ મળતી હોય, તો એ રસ્તો ખોટો નહોતો.

મારા વિચારોને દૂર હડસેલીને મેં ઊંઘવાનો પ્રયત્ન કર્યો. રાજન હજુ પણ એક જ પડખે ઊંઘતો હતો. બારીના કાચ પર ધુમ્મસ પથરાયું હતું. મેં રજાઈ ખેંચીને પેટ ઢાંક્યું. પેટમાં સળવળાટ બંધ થઈ ગયો હતો. ઊંડો શ્વાસ લઈને મેં આંખો બંધ કરી.

હું પહેલી વાર પ્રેગ્નન્ટ થઈ ત્યારે મને અપાર ખુશી થઈ હતી. રાજે પણ મને ઊંચકીને ચૂમી લીધી હતી. મારી સાસુ પણ હરખઘેલાં થઈ ગયાં હતાં. તે સમયે મને ત્રીજો મહિનો ચાલતો હતો. હું ને રાજ નવા આવનાર મહેમાન માટે ચર્ચા કરતાં. તેના માટેની વસ્તુઓ મોબાઇલ પર સર્ચ કરતાં. તેનું નામ શું રાખવું તે બાબતે અમારી વચ્ચે મીઠી રકઝક ચાલતી. મારી સાસુએ તો વટહુકમ બહાર પાડતાં હોય તેમ જાહેર કરી દીધું.

'જો શ્રી, છોકરો આવે કે છોકરી બંને માટે મેં એક જ નામ વિચાર્યું છે, ક્રિષ્ના. સરસ નામ છે ને?' મને તે નામ જરાએ ગમ્યું ન હતું. હું નિરાશ થઈ ગઈ હતી. મેં રાજને ફરિયાદ કરી. તેણે આશ્વાસન આપતાં કહ્યું હતું.

'શ્રી, તું ચિંતા શું કામ કરે છે? તે સમયે કંઈક રસ્તો કાઢીશું અને આમ પણ હજુ તો ઘણી વાર છે.'

એ વાતને અઠવાડિયું થયું હશે. તે દિવસે સાંજે મને બ્લીડિંગ શરૂ થયું. હું ગભરાઈ ગઈ. રાજ પણ ઑફિસે હતો. મારી સાસુ મને દવાખાને લઈ જાય તે પહેલાં જ.. તે પછી દસ મહિના બાદ ફરીથી હું પ્રેગ્નન્ટ થઈ. આ વખતે પણ ચોથા મહિને જ મિસકૅરિજ થઈ ગયું. અમે બેસ્ટ ગાયનેકૉલૉજિસ્ટની સલાહ લીધી. ડૉક્ટરે કહ્યું.

'ઘણી સ્ત્રીઓને આવું થતું હોય છે, એક-બે વાર મિસકૅરિજ થાય તેનો અર્થ એવો નથી કે, દર વખતે એવું જ થાય. ચિંતા કરવાની જરૂર નથી.'

આ વખતે જ્યારે મને ગર્ભ રહ્યો ત્યારે બે મહિના સુધી મેં રાજને પણ કહ્યું નહીં કે, ડૉક્ટરને પણ બતાવ્યું નહીં. ત્રીજા મહિને રાજને ખબર પડી, ત્યારે તે મને ખૂબ વઢ્યો અને તે જ દિવસે ડૉક્ટરને ત્યાં લઈ ગયો.

ડૉક્ટરે કહ્યું : 'બધું બરાબર છે' ત્યારે રાજના જીવમાં જીવ આવ્યો. ઘરે આવીને મારી સાસુને પણ જાણ કરી. એ થોડાં નારાજ થયાં, પછી ખુશ થઈ ગયાં. તેમણે મને લાપસી બનાવીને ખવડાવી. ભગવાનને હાથ જોડીને મારા સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી. બીજા દિવસે મંદિર જઈને દાન-પૂજા પણ કરી આવ્યાં. ઘરે આવીને મહારાજે આપેલો દોરો મારા હાથ ઉપર બાંધતાં બોલ્યાં.

'શ્રી.. આ વખતે તારી ડિલિવરી હેમખેમ પાર પડે એ માટે મહારાજે આ દોરો મંત્રીને આપ્યો છે.' પછી મારા માથે હાથ મૂકતાં ઉમેર્યું. 'અને હા, જ્યાં સુધી બાળકનો જન્મ ન થાય ત્યાં સુધી તારે માથાબોળ નાહવાનું નથી.' હું તેમની સામે આશ્ચર્યથી જોઈ રહી.

'પણ મમ્મી...'

'પણ ને બણ કશું નહીં. આટલું તો તારે કરવું જ પડશે. છોકરા માટે આટલું પણ નહીં કરે?' તેમની લાગણી આગળ હું કશું બોલી શકી નહીં. આ વાત રાજનને કહી, ત્યારે તેણે પણ એ જ વાત કરી.

'શ્રી, હવે આટલી વાત માની લેને, આપણા બાળક માટે જ છે ને?'

તે દિવસે લાગણીના આવેશમાં સાસુની અને રાજનની વાત માની લીધી. મને પણ થયું કે, તેમાં શું થઈ ગયું? નાહવાની તો ના નથી પાડીને, ફક્ત માથું જ નથી ધોવાનું એમાં શું! પંદર દિવસ સુધી તો મને માથું ન ધોવાથી કશો ફરક પડ્યો નહીં.

ડૉક્ટરે મને હોર્મોન્સની દવાઓ આપી હતી. તેનાથી મારો મૂડ વારંવાર બદલાઈ જતો હતો. ઘણી વાર એકલી એકલી વગર કારણે રડવા લાગતી, તો કોઈ વાર ખુશીની મારી ગીતો ગાતી અને ફિલ્મો જોતી. કોઈ વાર ખૂબ ગુસ્સો આવે ત્યારે, બધું તોડીફોડી નાખવાની ઇચ્છા થતી. મારી સાસુ કંઈ કહે, તો તે પણ મારાથી સહન થતું ન હતું. તેમનો ગુસ્સો ઘણી વાર હું રાજ પર ઉતારતી.

મારા સૂકા, બરછટ વાળથી મને અકળામણ થતી હતી. તેમાંથી આવતી વાસ મને તો કોઠે પડી ગઈ હતી, પણ બીજા લોકો તેનાથી દૂર ભાગતા હતા. રોજ મને લપાઈને સૂઈ જતો રાજ પણ હવે પડખું ફેરવીને સૂઈ જતો હતો. તે દિવસે રાજના કહેવાથી મેં માથામાં સુગંધિત તેલ નાખ્યું હતું. એક દિવસ સારું લાગ્યું પછી પાછું હતું એનું એ. તેલના લીધે વાળ ચીકણા અને ચપ્પટ થઈ ગયા હતા. તેમાં ધૂળના રજકણો ચોંટવાના લીધે મેલ જામી ગયો હતો.

તે દિવસે ડૉક્ટર સુધા મેડમે પણ મને ટકોર કરતાં કહ્યું હતું,

'શ્રીયા.. તારા માથામાંથી ગંદી વાસ આવે છે. શેમ્પૂથી માથું ધોતી હોય તો!'

'પણ મારી સાસુ ના પાડે છે.' અને મેં તેમને આખી વાત જણાવી. સાંભળીને તેમને નવાઈ લાગી. મારી સાથે આવેલાં મારાં સાસુને અંદર બોલાવીને તેમણે સમજાવ્યાં. તેઓ થોડી વાર ડૉક્ટર સામે ઘૃણાથી જોઈ રહ્યાં.

'એ બધી તમને ખબર ના પડે.' કહેતાં તેઓ કૅબિનની બહાર નીકળી ગયાં.

'સૉરી શ્રીયા.. આઈ એમ હેલ્પલેસ.' ડૉક્ટરે લાચાર થઈને કહ્યું.

લાગણીના આવેશમાં રાજન અને સાસુની વાત માની, તેનું પરિણામ આજે હું ભોગવી રહી છું. રોજ બાથરૂમમાં નાહવા જાઉં ત્યારે, માથું ધોવાની ઇચ્છા થાય છે. તે સમયે મારી સાસુની નજર મને શૂળની જેમ ભોંકાય છે. તેમને અવગણવાની હિંમત તો મારામાં છે, છતાં હું તેમ કરી શકતી નથી. એ માસૂમ બાળકનો દયામણો ચહેરો મારી નજર સામે આવે છે, ને મારી ઇચ્છા ટૂંટિયું વાળીને મનના પોલાણમાં લપાઈ જાય છે. મારાં મનમાં બેઠેલો ડર આળસ મરડીને બેઠો થાય છે.

'મારી માથાબોળ નાહવાની ભૂલ મારા બાળકને જન્મ્યા પહેલાં જ ટૂંપાવી દેશે તો? ના ના.. હું એવું નહીં થવા દઉં. ભલે મારે તકલીફ વેઠવી પડે.'

મારી હાલત જોઈને તે દિવસે પડોશમાં રહેતાં મીતાભાભીએ કહ્યું.

'ભીનો ટુવાલ કરીને તેનાથી વાળ લૂછી નાખ, તેનાથી ખંજવાળ નહીં આવે.' તેમનો ઉપાય મને ગમી ગયો. હજુ હું તેને અમલમાં મૂકું તે પહેલાં તો મારી સાસુ બોલ્યાં.

'જોજે ભીના ટુવાલથી માથું લૂછતી.' તેઓ મીતાભાભીની વાત સાંભળી ગયાં હતાં. મને ગુસ્સો આવ્યો પણ હું કશું બોલી શકી નહીં.

'પ્રેગ્નન્સીમાં માથું ધોવાથી જો મિસકેરિજ થતું હોય તો, દુનિયાની બધી જ સ્ત્રીઓ માથું ન ધુએ. મારી ફ્રેન્ડ નીલા પ્રેગ્નન્ટ થઈ હતી ત્યારે તેણે તો આવો કોઈ નિયમ પાળ્યો ન હતો. અરે.. મારી નણંદ કવિતા પણ આવો નિયમ પાળતી ન હતી. મીતાભાભી, રાજનના ફ્રેન્ડની વાઇફ જુલી.. પેલી રીમા.. અને એવી તો લાખો સ્ત્રીઓએ આવો કોઈ નિયમ પાળ્યો ન હતો, તો મારે એકલીએ જ શા માટે આ બધું કરવાનું? સાસુની માન્યતા માટે મારે બધું સહન કરવાનું! તેમણે આવો નિયમ પાળ્યો હશે? કોણ જાણે!' મારા મનમાં જાતભાતના વિચારો બિલાડીના ટોપની જેમ ઊગતા હતા.

બાથરૂમમાં રોજ હું મારા મનનો ડર દૂર કરવા તેની સાથે દલીલો કરતી, પણ શરીર પર ઠંડું પાણી પડતાં જ બધી દલીલો ધોવાઈ જતી અને હું નિરાશ થઈને બહાર આવતી.

આજે સવારે હું ઊઠી ત્યારે મારાં સાસુ તૈયાર થઈને બેઠાં હતાં. મને જોતાં તે કહેવા લાગ્યાં.

'શ્રી.. આજે મારે રમીલામાસીના ઘરે જવાનું છે. એમણે યજ્ઞ રાખ્યો છે. રાજ મને મૂકતો જશે અને રાત્રે લેતો આવશે.' કશો જવાબ આપ્યા વિના હું તેમની સામે જોઈ રહી. રાજન પણ તૈયાર થઈને આવ્યો. તેણે સોફા પર મારી પાસે બેસતાં કહ્યું.

'શ્રી.. હું પણ આજે કેન્ટીનમાં જમી લઈશ. તું તારા માટે જે ભાવે તે મંગાવી લેજે.'

હું કશું બોલું તે પહેલાં સાસુએ કહ્યું, 'આવા સમયે બહુ બહારનું ખાવું સારું નહીં.'

'હું મારા માટે પુલાવ બનાવી લઈશ. તમે ચિંતા કરશો નહીં.'

'ચાલ મમ્મી.. મારે મોડું થાય છે.' રાજે વાત વાળી લેતાં કહ્યું. સાસુને પણ જવાની ઉતાવળ હતી.

બંનેના ગયા પછી મારા માથા પરથી ભાર હળવો થયો હોય તેવું લાગ્યું. ચાનો મગ લઈને હું બહાર આવી. કમ્પાઉન્ડમાં આવેલો હીંચકો મારી રાહ જોઈ રહ્યો હતો. હું હળવેથી હીંચકે બેઠી. બારમાસીનાં જાંબલી ફૂલો હસી રહ્યાં હતાં. જાસૂદ હવાની સાથે ડોલી રહ્યું હતું. દૂરથી ચકલીઓનો ચહેકાટ સંભળાતો હતો. આજનો આખો દિવસ હું એકલી હતી. મને એકાંત ગમતું. એકાંતમાં પોતાની જાત સાથે વાત કરવાનો સમય મળતો. દસ વાગ્યા સુધી હું હીંચકે ઝૂલતી, એફ એમ પર ગીતો સાંભળતી રહી.

'હજું તો નાહવાનું પણ બાકી છે.' મને યાદ આવ્યું. ઊભી થઈને હું અંદર આવી. દરવાજો બંધ કર્યો. બાથરૂમનું ગીઝર ચાલુ કર્યું. ટૉવેલ ને ગાઉન ખીંટીએ લટકાવ્યાં.

'આજે હું માથું ધોઈને નાહું તો કોને ખબર પાડવાની છે?' અચાનક મારા મનમાં ક્રાંતિકારી વિચાર ઝબક્યો.

'ના ના, મારી સાસુને ખબર પડે તો પાછી ઉપાધિ થાય. એમને ક્યાંથી ખબર પડવાની? તું કહે તો ને! હા, પણ પછી મારું માથું ગંધાય નહીં એટલે વહેમ પડે.'

'એમ થોડી ખબર પડે? આમ પણ એ તારી નજીક ક્યાં આવે છે? એવું હોય તો સુગંધી તેલ નાખી દેવાનું.'

એ બધી વાત સાચી પણ એ રીતે તેમને છેતરવાનું મને યોગ્ય નથી લાગતું.'

'તો શું એ તારા ઉપર જુલમ કરે છે, તે યોગ્ય છે?'

'પણ એ તો મારા બાળક માટે જ ને!'

'તું પણ તેમની વાતમાં આવી ગઈ? કયા ધર્મ કે શાસ્ત્રમાં એવું લખ્યું છે? આ મોકો ચૂકવા જેવો નથી. રાજે પણ કહ્યું હતું કે, અમુક વાતો મમ્મીને નહીં કહેવાની. શ્રી પ્રૅક્ટિકલ બન ને આ ગંદકીથી મુક્તિ મેળવ. આજે તો માથાબોળ નાહી જ લે.'

મારું મન મારી સાથે દલીલો કરતું હતું. મને પણ મારા એ મનની વાત સાચી લાગતી હતી. મારી તકલીફમાંથી છુટકારો મેળવવા હું તૈયાર થઈ. દૃઢતાથી મેં નિર્ણય લીધો, ને હું શાવર નીચે ઊભી રહી ગઈ. આંખો બંધ કરી અને શાવર ચાલુ કરવા હાથ લંબાવ્યો. લીસા સાપનો સ્પર્શ થયો હોય તેમ હાથ ખેંચી લીધો. મનમાં પાછો પેલો ડર ફૂંફાડો મારીને બેઠો થયો. હિંમત કરીને મેં તેની ફેણ પકડીને ગોળ ફેરવી. હૂંફાળું પાણી માથા પર વરસાદની જેમ વરસવા લાગ્યું. સાત મહિનાથી તરસ્યું મારું માથું તૃપ્ત થવા લાગ્યું. હું ક્યાંય સુધી નાહતી રહી.. બસ નાહતી રહી.

■

હરિસિંહે એમના પિતાની રોજિંદી ફરજો વર્ણવી. ને એ વખતે એમના ચહેરા ઉપર કંઈક એવો વ્યથાનો ભાવ ઊપસી આવ્યો જેનો તરજુમો શબ્દોમાં ના થઈ શકે. એ બોલ્યા: 'શ્રીમંત મહારાજા મોહનદેવજી માટે રાજ્યના રસોડે કે પ્રવાસના રસોડે રસોઈ બનતી હોય ત્યારે ગમે ત્યારે જઈને ગમે તે વાસણમાંથી ગમે તેટલી વાનગી લઈને ચાખવાની. પછી તે તેમને ભાવતી હોય કે નહીં, એમનો અંગત ગમો - અણગમો હોય તો એ એમણે રાજાના હિતમાં ગળા નીચે ઉતારી દેવાનો હતો. રસોઈ પીરસાતી હોય ત્યારે અચૂક મહારાજાની થાળીમાંથી એમને એ ચાખી લેવાનું રહેતું. પછી એમની ઉપર મહારાજાની નજર મંડાય. એમના ચહેરા ઉપરથી એમના શરીર ઉપર કોઈ પ્રતિક્રિયા નથી થઈ એની ખાતરી થાય પછી જ મહારાજા એ રસોઈ આરોગે. ખોરાકમાં કાતિલ ઝેર હોય તો મારા પિતા એનો પહેલો ભોગ બને. રોટલામાં કાચની ભૂકી હોય તોય એ એમના જઠરને પહેલાં ચીરે અને પાનમાં સિંદૂર હોય તોય એમના ગળા નીચે એ પહેલાં ઊતરે. આ નોકરી હતી — નોકરી શું હતી? મોત સાથે રોજિંદાની મંડાતી રમત હતી. દરરોજ ઉત્તમ ભોજન અને ઉત્તમ શરાબ મળે, પણ અંદર તીવ્રમાં તીવ્ર ઝેર હોવાની આશંકા સાથે મળે. મારા બાપુનું પેટ..." હરિસિંહે બોલતાં બોલતાં બહુ પીડા અનુભવી, — પેટ નહીં, પણ પ્રયોગશાળા તરીકે વપરાતું હતું.'

(રોટલાનું ઝેર, હરિસિંહ કલ્યાણસિંગ ડોડીયા, આ શબ્દનાં સગા, પૃ. ૩૨૭, લે. : રજનીકુમાર પંડ્યા)

આલબમ

જિજ્ઞાસા પટેલ

એણે કહ્યું : એ ઊભા રહેજો ભાઈ.....

ભંગારીએ પાછું વળીને જોયું ને એને ગજબની સ્ટાઇલમાં લારી જરા પાછળ ખેંચી ને ઊભો રહ્યો.

જૂનાં પુસ્તકો, થોડાં તૂટેલાં રમકડાં, બીજો પ્લાસ્ટિકનો ભંગાર, તેલનો ખાલી ડબ્બો બધું કાઢીને સામે રાખી દીધું.

"તીસ રૂપિયા આવશે."

"ચાલશે."

બધું ભાવતાલ કરીને આપી દીધું

ને

એક મોટા થોથાને એણે લારીમાં એમનેમ મૂક્યું.

"અરે ! બુન, આ શું મેલો સો ? મું આવું કશું લેતો નહીં, આનું કશું ની આલું મું ?"

"ભાઈ, આનું કંઈ તું આપી પણ નહીં શકે, બસ, જરા હળવેથી તોલજે, બીજા ભંગારની જેમ આને ભંગાર ન સમજતો".

આટલું કહેતાં તો એક ડૂમો બાઝી ગયો ને એ ભારે હૈયે એના ઘર તરફ જવા લાગી.

ભંગારીએ બધું સરખું ગોઠવવા એ થોથું ઊંચક્યું ને ખૂલી ગયું ને એ બોલ્યો :

"લગનનું આલબમ...? જૂનું લાગે સ."

■

પ્રતારણા (છળ)

મૂળ મરાઠી વાર્તા : પંકજ કુરુલકર, ગુજરાતી અનુ. : કાશ્યપી મહા

હૉસ્પિટલમાં તન્મય ઊંઘમાંથી જાગ્યો ત્યારે થોડીક ક્ષણ સુધી પોતે ક્યાં છે તે સમજાતું નહોતું. પછી ધીમે ધીમે બધું દેખાવા લાગ્યું. શરીરમાં ખોસેલી નળીઓ, સામે મૂકેલાં જુદાં જુદાં મશીન્સ, વિશિષ્ટ તરેહની વાસ, સામેના મશીન પર સ્ક્રીન પર દેખાતા આલેખની નોંધ લેનારી નર્સ જોઈ તેને સમજાઈ ગયું કે પોતે હૉસ્પિટલમાં છે. છતાં પણ કન્ફર્મ કરવા માટે તેણે નર્સને બૂમ પાડવાનો પ્રયત્ન કર્યો, પણ મોઢામાંથી શબ્દ જાણે ફૂટતો નહોતો. એટલામાં નર્સનું જ તેના તરફ ધ્યાન ગયું, તે ભાનમાં આવ્યો છે એ જોઈને તે તરત જ તેની પાસે આવી. તેણે પોતાના ઊંડા સરી ગયેલા અવાજમાં ધીમેથી જ પૂછ્યું.

'હું ક્યાં છું?' તેનો અવાજ કદાચ નર્સને સંભળાયો નહીં હોય પણ છતાં તેના હાવભાવ પરથી તેને પ્રશ્ન આપોઆપ સમજાઈ ગયો હશે.

'તમે દુબઈની એચએમએસ હૉસ્પિટલમાં એડમિટ છો. તમારી કારને અબુધાબી ઈ-૧૧ રોડ પર અકસ્માત થયો. તમે બે દિવસ બેભાન અવસ્થામાં હતા, જોકે તમને કંઈ વિશેષ વાગ્યું નથી. મૂઢ માર હતો. તમારા બધા ટેસ્ટના રિપોર્ટ આવ્યા પછી તમને ડિસ્ચાર્જ આપવાનો નિર્ણય લેવામાં આવશે.' નર્સ તેની હંમેશની ટેવ પ્રમાણે ઇંગ્લિશમાં બોલતી હતી.

'મને અહીં એડમિટ કોણે કર્યો? મારી પત્ની મીરા અને મારો દીકરો ઋષિકેશ ક્યાં છે? મારી મર્સિડીઝનું શું થયું?' તેણે એકદમ પ્રશ્નોનો મારો શરૂ કરતાં નર્સ પણ મૂંઝાઈ ગઈ.

'રિલેક્સ. રિલેક્સ. શાંતિ રાખો.'

'મને કેમ કશું જ યાદ આવતું નથી? હું અને મીરા અબુધાબીના મિત્રને ત્યાં જતાં હતાં. રજાનો દિવસ હતો. તેણે અમને લંચ માટે બોલાવ્યાં હતાં. અમે નાસ્તો કરીને નીકળ્યાં. ઘરેથી દોઢ કલાકનો રસ્તો. સરસ મઝાની અંતાક્ષરી રમતાં હતાં. ઋષિકેશ પાછળની સીટ પર બેલ્ટ બાંધી નાસ્તો કરતો બેઠો હતો. અચાનક શું થયું, કશું જ યાદ આવતું નથી. આંખોની સામે અંધારું છવાઈ ગયું અને જાગ્યો ત્યારે અહીં છું. મને પ્લીઝ કહોને સિસ્ટર.' નર્સે તેનો હાથ પકડ્યો.

'સાંભળવાની તૈયારી છે? હિંમત રાખીને સાંભળશો?' નર્સ દેખાવે ભારતીય જણાતી હતી. કદાચ પાકિસ્તાની હશે.

'હા. મારે મારી પત્ની-દીકરા વિશે જાણવું જ છે.'

'તમારી મર્સિડીઝને જમણી બાજુથી એટલે રૉંગ સાઇડથી ઓવરટેક કરતી ટ્રકે ટક્કર મારી, તેનાથી તમે સમતુલન ગુમાવ્યું. તમારી ગાડી બે-ત્રણ મોટી ગુંલાટ ખાઈ ગઈ. તેના કારણે જમણી બાજુ બેઠેલી તમારી પત્ની અને દીકરાનું ત્યાં જ મૃત્યુ થયું. પણ તમે આશ્ચર્યજનક રીતે બચી ગયા. અલ્લાહ તમારા પર મહેરબાન છે.' આ સાંભળીને તે એકદમ સુન્ન થઈ ગયો.

'તે બંને ગયાં?' તેને જાણે વિશ્વાસ ન બેસતો હોય તેમ પૂછ્યું.

'હા, તે બંને ગયાં. પાછળથી સીસીટીવી પર બધી ફૂટેજ ટીવી પર દેખાડતા હતા.' તેણે અચાનક પલંગ પરથી ઊભા થવાનો પ્રયત્ન કર્યો. નર્સે તેને બળપૂર્વક પકડી રાખ્યો. તેને જાણે કશું જ સૂઝતું નહોતું. એક ક્ષણમાં બધું જ હતું નહતું થઈ ગયું? પોતાનું કોઈ નથી? પોતાની વહાલી પત્ની અને આઠ વર્ષનો દીકરો બીજા કોઈની ભૂલને કારણે હંમેશ માટે દૂર થઈ ગયાં?

'તેમની ડેડ બૉડી?' તેણે પૂછ્યું.

'હિંદુ ધર્માનુસાર તેમની અંતિમવિધિ કરવામાં આવી. કારણ તમે એવી ગંભીર બેભાનાવસ્થામાં હતા કે ક્યારે ભાનમાં આવશો તે કોઈ જ કહી શકે તેમ નહોતું. તમારાં બધાં સગાં-સંબંધીઓ ભારતમાં. તેમના ફોન નંબર સમયસર મળ્યા નહીં. પછી સરકાર શું કરે? તમે ભાનમાં આવો ત્યાં સુધી તેમને શબગૃહમાં રાખવાં શક્ય નહોતાં.' નર્સ તેને સમજાવીને કહેવાનો પ્રયત્ન કરતી હતી.

'એટલે મને મારી પત્ની અને દીકરાનો મૃતદેહ પણ જોવા નહીં મળે?' તેણે ઉદ્વિગ્નપણે કહ્યું.

'આઈ એમ સૉરી ટુ સે, પણ તમે જોયાં હોત તો તમને વધારે ત્રાસ થયો હોત. બંને મૃતદેહ જોઈ શકાય તેવી સ્થિતિમાં જ નહોતા. આપણે ખરાબમાંથી હંમેશાં સારું શોધવાનું.' જે બન્યું તેમાંથી સારું કેવી રીતે શોધવાનું? તેને કશું જ સમજાતું નહોતું. તે શાંત રહેવાનો પ્રયત્ન કરવા લાગ્યો. પણ શાંત કેવી રીતે રહે? મીરાની દુબઈ આવવાની જરાય ઇચ્છા નહોતી.

'જવું જ હોય તો અમેરિકા કે યુરોપ જઈએ, જેથી મારા ઇંગ્લિશ રાઇટિંગને સ્કોપ તો મળે. મને તું અધ્યાપકની નોકરી છોડાવે છે, પછી લેખન તો મનમુક્ત થઈ કરવા દે. મારું કરિયર તેમાં ઘડાશે.'

'લેખનમાં પૈસા મળશે જ તેની ગૅરંટી નથી. તેં હમણાંથી જ ઇંગ્લિશ લખવાનું ચાલુ કર્યું છે. મને હવે અહીં જ પ્રોજેક્ટ મળે છે. ખૂબ સારો પગાર અને ઘર મળે છે. ભારતમાં ક્યારેય લઈ ન શક્યા તે મર્સિડીઝ અહીં લઈશું. તું ઇચ્છે તે લેખન કર. તે

ઇંગ્લૅન્ડ, અમેરિકાથી પ્રકાશિત કર. હું તારી સાથે જ છું. તેમાંય દુબઈ મુંબઈથી અઢી કલાકના અંતરે છે. કૉલકાતા જેટલું જ ભાડું અને સમય લાગે છે. ગમે ત્યારે ભારત આવી આપણા લોકોને મળી શકીએ. બીજું શું જોઈએ?' હા-ના કરતાં તેને નોકરીમાં રાજીનામું અપાવીને દુબઈ લાવ્યો હતો. તે ચાલી ગઈ પોતાના કારણે. પોતે આ જીદ કરી ન હોત તો એકાદ-બે વર્ષે પણ પોતાને ઇંગ્લૅન્ડ કે અમેરિકા સ્થાયી થવાનો ચાન્સ મળ્યો હોત, પણ પોતાને જ ઉતાવળ થઈ હતી. આઈટીવાળા અરબ દેશમાં આવીને કામ કરવા ઉત્સુક હોતા નથી એટલે પોતાને અહીં ખૂબ સારી પોસ્ટ અને ખાસ તો ઘર મળતું હતું જે અન્ય સ્થળે મોટા ભાગે મળતું નથી, એટલે છેલ્લાં ચાર વર્ષથી બધાં જ અહીં સારી રીતે આનંદથી સ્થાયી થયાં હતાં. પછી ત્રણ વર્ષે કંપનીએ તેને નેધરલૅન્ડ જવા માટે પૂછ્યું હતું, પણ પોતે જ મીરાને પૂછ્યા વિના ના પાડી દીધી હતી અને પોતે આજે આ બંનેના મૃત્યુનું કારણ બન્યો. વિચાર કરતાં કરતાં તેને ફરીથી ઊંઘ લાગી ગઈ. ઊઠ્યો ત્યારે સાંજ પડી ગઈ હતી, ડૉક્ટર તેને તપાસતા હતા.

'ઇટ્સ મિરેકલ. તમારા બચવામાં નક્કી ગૉડનો હાથ હશે. નહીં તો તમે તેમાંથી કેવી રીતે સહીસલામત બચ્યા હોત? તમારી પત્ની, દીકરો ત્યાં જ મૃત્યુ પામ્યાં અને તમને જરા સરખા ઘા પણ ન પડ્યા, તેને બીજું શું કહેવું? તમારા મગજને આઘાત લાગ્યો હતો, પણ હવે બધા ટેસ્ટ નૉર્મલ દેખાય છે. આવતી કાલે કે પરમ દિવસે તમે ઘરે જઈ શકો છો.' ડૉક્ટર આનંદમાં જણાતા હતા. પોતે મૃત્યુનો શોક કરવો કે જીવતા રહ્યાનો આનંદ-ઉત્સવ? તેના મગજમાં ઘમસાણ મચ્યું હતું.

સાંજે તેણે નર્સને કહ્યું, 'મારે ઘણી બધી ઊંઘની ગોળીઓ જોઈએ છે. મારે આત્મહત્યા કરવી છે. મરી જવું છે.' નર્સ તેના તરફ જોતી જ રહી.

'માય સન, મરી જવું એ ખૂબ સહેલું છે પણ જીવવું ખૂબ અઘરું. તું મારા કરતાં બાર-તેર વર્ષ નાનો છે એટલે કહું છું.

'સિસ્ટર, તમે જાણો છો ને હું કેવી પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છું તે?'

'મારી વાત કહું?' તે ચૂપ રહ્યો.

'કહું જ છું. તારા માટે તે જાણવું જરૂરી છે. હું પેશાવર પાસેની. પાકિસ્તાનમાં, જાણે છે ને?'

'કેમ ખબર ન હોય?'

'દીકરી નાની હતી. શાળામાં જતી હતી. સગાં-સંબંધીઓ, ગામલોકોના વિરોધનો સામનો કરી તેને શાળામાં મૂકી હતી. તે પણ ભણવા મળતું હતું એટલે ખુશ હતી. એક દિવસ તે શાળામાં આતંકવાદીઓએ બૉમ્બવિસ્ફોટ કર્યો. સવાસો દીકરીઓ ત્યાં જ મોતને ભેટી. તેમાં મારી દીકરી સલમા પણ હતી. આઠ વર્ષની હતી. ગામવાળાએ કહ્યું, અલ્લાહનો કોપ થયો એટલે જ દીકરી મરી ગઈ. પતિ રિયાઝ ગાંડા જેવો થઈ ગયો હતો. દીકરી ગયાનું દુઃખ મનમાં જ રાખી તેને સારો કરવાનો પ્રયત્ન કરતી હતી. દીકરીમાં તેનો ખૂબ જીવ હતો. તે વ્યવસાયે સુથાર હતો. એક દિવસ તેણે પોતાની ડોક જાતે જ કરવતથી

કાપી લીધી. લોહીની જાણે નદી વહી નીકળી. મારે એ સમયે શું કરવું જોઈતું હતું એમ તને લાગે છે? પોતાનું દુઃખ બાજુમાં મૂકી, મુખ્ય શહેરમાં આવીને રહી. નર્સિંગનો ડિપ્લોમા કર્યો. ત્યાં હૉસ્પિટલમાં જ નોકરીએ લાગી. પણ ત્યાં મન લાગતું નહોતું. સતત એ બંનેની યાદ આવતી રહેતી. પછી અહીં આવવાની તક મળી. પછી આ હૉસ્પિટલ જ મારું જીવન બની ગઈ. પેશન્ટની સેવા કરવાનું મને ખૂબ ગમે છે. પેશન્ટ સારો થાય એટલે મને સંતોષ મળે છે. એ જ મારા જીવનનો આધાર અને આનંદ છે, જેના માટે હું જીવું છું.' નર્સે આટલું કહ્યા પછી તેણે તેને નિશાની કરી નજીક બોલાવી. તેનો હાથ લઈ પોતાના હાથમાં પકડી રાખ્યો. ઘણા સમય સુધી કોઈ કશું જ બોલ્યું નહીં. પણ તે શાંતિ ઘણું બધું કહી જતી હતી.

ઘરે ગયા પછી તેને જાણવા મળ્યું કે તેની મર્સિડીઝ ગાડી જમણી બાજુથી ચકનાચૂર થઈ ગઈ છે. તે રિપૅર થવી મુશ્કેલ છે. અહીં એક સારું છે. કામો ખૂબ ઝડપથી થાય છે. ઇન્સ્યૉરન્સ કંપનીએ તેનો ક્લેમ તરત સેટલ કરી આપ્યો. કેસ પણ સાવ સરળ હતો. મીરા અને ઋષિકેશની પૉલિસી પણ તરત સેટલ થઈ. ઘરે આવ્યા પછી તેણે જ આ સમાચાર વડોદરામાં મીરાનાં માતા-પિતાને જણાવ્યા. સાઉદીનાં મિત્રો-બહેનપણીઓને જણાવ્યું. બધાને જ માટે આ આઘાતજનક હતું. તેને ફોન કરીને સાંત્વન આપનારની, જાતે મળવા આવનારની જાણે હાર લાગી હતી. બધાને જ એકની એક વાત વારંવાર કેટલી વખત કહેવી એ તેને જ સમજાતું નહોતું, પણ લોકરિવાજથી પણ તે કેવી રીતે દૂર રહે? તે ટ્રકચાલક પર પણ કેસ થયો હતો, જેમાં સમય જતો હતો. તેણે આખા મહિનાની રજા જ મૂકી દીધી હતી. કંપનીએ પણ તે મંજૂર કરી હતી.

રજા પૂરી થઈ. ધીરે ધીરે બધી ભીડ ઓછી થતી ગઈ. મીરાનાં માતા-પિતા પણ ઘરે પાછાં ફર્યાં. તેની નોકરીનું રૂટિન ફરી શરૂ થયું, છતાં તેનું મન ક્યાંય લાગતું નહોતું. દુબઈમાં હવે પોતાને શું કામ છે એ જ તેને સમજાતું નહોતું. આ શહેર પોતાનું લાગે છે એટલે કંઈ તે અહીં આવ્યો નહોતો. અહીં આવીને સારા પૈસા કમાવવા અને સારી લાઇફ-સ્ટાઇલ મેન્ટેઇન કરવી, જીવન આનંદથી વિતાવવું એટલો જ ઉદ્દેશ હતો. હવે તે કરીને પણ પોતે શું મેળવી રહ્યો છે, એ જ સમજાતું નહોતું. બીજી ગાડી ખરીદવાની ઇચ્છા પણ રહી નહોતી. રોજે ટૅક્સીમાં જ તે ઑફિસ આવ-જા કરતો.

એક દિવસ તેણે કંપનીમાં રાજીનામું આપી દીધું. સિંગાપોરથી તેના બૉસે ફોન કર્યો.

'વધારે સારી ઑફર આવી છે કે શું? અમેરિકા કે યુરોપમાં શિફ્ટ થઈ રહ્યો છે? ચોક્કસ પ્રૉબ્લેમ શું છે તે કહે. તું કંપની છોડે એ મને જરાય રુચતું નથી.'

'એવું કશું જ નથી. મને આગળની દિશા દેખાતી નથી. આ બધું શા માટે કરું છું અને કરતો હતો એ જ સમજાતું નથી. હું ભારત પાછો જાઉં છું. પણ મારા ગામ અમદાવાદ પાછો જવાનો નથી. કોઈ અજાણ્યા જ સ્થળે જવાનું વિચારું છું, જ્યાં મને કોઈ જ ઓળખશે નહીં. મારે શું જોઈએ છે એ જ મને ખબર પડતી નથી. તે શોધવું પડશે.'

'જો તન્મય, તારે સારા સાયકિયાટ્રિસ્ટ અથવા કાઉન્સેલરની જરૂર છે. હું તારી મનઃસ્થિતિ સમજું છું. ટેક અ બ્રેક. કંપની છોડીશ નહીં. જોઈએ તો ભારતમાં આખો

મહિનો જઈને રહે. શાંતિથી વિચાર કર. આટલી નાની ઉંમરે લાઇફપાર્ટનર ગુમાવનારો તું કંઈ પહેલો અને છેલ્લો નથી. આવું થાય. જે થયું તે ખરાબ જ થયું. પણ લાઇફ ગોઝ ઓન. હું તારી રજા મંજૂર કરું છું. તારા જેવો સારો માણસ રોજ મળતો નથી. આય મસ્ટ રિટેન યૂ.' બૉસ મલેશિયન હતો પણ ખૂબ સારો હતો. તેને સ્પષ્ટ શબ્દોમાં ના કેવી રીતે પાડવી તે જ મૂંઝવણ હતી.

'તમે ગમે તે કરો. પણ મને તે ફાવ્યું નહીં, હું તમારી અપેક્ષાઓ પૂર્ણ કરી શક્યો નહીં. મને માફ કરો. હું મારા હાથમાં લીધેલાં કામો પૂર્ણ કરીને જ દુબઈ છોડવાનો છું, એ વાત પાક્કી.'

'વાંધો નહીં. દુબઈ માટે તારો કોઈ બીજો વિકલ્પ હું ઝડપથી શોધી કાઢીશ. ત્યાં સુધીમાં તું આગળ શું કરવા ઇચ્છે છે એ જણાવ અને કોઈની મદદની જરૂર હોય તો પણ કહેજે.'

'મારા પ્રશ્નોના જવાબ મારે જ શોધવા પડશે ને મને તે શોધવા દો.' બૉસ સાથે વાત કર્યા પછી તેને સારું લાગ્યું. એમ તો તેને પણ કંપની માટે લાગણી હતી.

એકાદ મહિનામાં જ તેને સમજાયું કે તેની પત્ની મીરા તેની ધારણા કરતાં ઘણી વધારે લોકપ્રિય અને ઉચ્ચ વર્ગમાં નામના મેળવેલી લેખિકા થઈ ગઈ હતી. તેની પહેલી જ ઇંગ્લિશ નવલકથાએ – 'ડાર્કનેસ ઇન ધ ઇવનિંગ' એ તેને ભરપૂર નામ અને પ્રતિષ્ઠા કમાવી આપ્યાં હતાં. પોતે તેના આ ગુણ તરફ ક્યારેય ગંભીરતાથી જોયું જ નહોતું. આ માત્ર તેની શોખની જ વાત છે એવું તેનું માનવું હતું. લગ્ન સમયે જ તેને જાણવા મળ્યું હતું કે ગુજરાતીમાં તેની કેટલીક વાર્તાઓ પ્રકાશિત થઈ છે. જોકે તેને આમેય સાહિત્ય અને કલા સાથે ખૂબ ઓછી લેવાદેવા હતી. ઘરમાં એવું વાતાવરણ જ નહોતું. ફિલ્મો જોતો પણ માત્ર મઝા તરીકે. બધા સામાન્ય રીતે જુએ છે તેમ પોતે પણ જોતો. બધાને ગમે છે તેમ પોતાને પણ કોઈ હીરો-હીરોઇન ગમતાં હતાં. તેના વિશે વિવાદ-ચર્ચા પણ થતી. ક્યારેક નાટક જોતો. પણ શાળા પૂરી થયા પછી ગુજરાતી પુસ્તક ક્યારેય હાથમાં લીધું નહોતું. પણ મીરા સાવ જુદી જ હતી. તેણે રાજ્યશાસ્ત્રમાં એમ.એ. કર્યું હતું. લગ્ન થયા ત્યારે પીએચ.ડી. કરતી હતી. કૉલેજમાં ભણાવતી હતી. પોતાને પહેલી જ મુલાકાતમાં તે ગમી ગઈ હતી. રીતસર જોવાનો કાર્યક્રમ ગોઠવાયા પછી બંનેએ એકબીજાને પસંદ કર્યાં હતાં. પોતાની એકેડેમિક કરિયર પહેલેથી જ સારી હતી. શાળામાં અને કૉલેજમાં હોશિયાર, એન્જિનિયરિંગમાં પણ એમ જ. કૅમ્પસ ઇન્ટરવ્યૂથી જ સારી કંપનીમાં મોટા પગારની નોકરી. બધું જ સારું હતું ત્યારે પિતા અકસ્માતે હાર્ટઍટેકથી મૃત્યુ પામ્યા અને મા તે આઘાત જીરવી શકી નહીં. પચાસ વર્ષની ઉંમરે તેને પણ વિસ્મરણના રોગે ઘેરી લીધી અને ધીમે ધીમે તે વધવા લાગ્યો. અલ્ઝાઇમર માટે કોઈ ઠોસ ઉપાય હોતો નથી અને તે ધીરે ધીરે વધતો જ જાય છે એમ ડૉક્ટરનું કહેવું હતું. તેને સારું હતું ત્યાં સુધીમાં જ એકના એક દીકરા તરીકે લગ્ન કરી લેવાં પોતાને માટે જરૂરી હતાં. તેમાં મીરા પસંદ પડી. મિત્રો, સગાંસંબંધીઓ કહેતાં હતાં, પ્રૉફેશનલ ક્વૉલિફિકેશન હોય તેવી છોકરી

પસંદ કર. તું આટલો હોંશિયાર છે, એટલે પત્ની પણ એવી જ જોઈએ. પણ મીરા ગમી ગયા પછી પોતાને બીજી કોઈ છોકરી જોવાની ઇચ્છા જ થઈ નહીં.

'મને સાહિત્ય, કલા વગેરે કશું સમજાતું નથી, પણ હું હંમેશાં તને પીઠબળ પૂરું પાડીશ.' તેને પોતે ત્યારે કહ્યું હતું.

'તેટલું પૂરતું છે. હું ઘરે લખતી હોઉં ત્યારે આ શું બોગસ કામ ચાલે છે, એમ નહીં કહો તેટલું પૂરતું છે.'

'ના, હું એવું કશું નહીં કરું. પણ તું પણ મારા પર તારું લેખન, અન્ય કોઈનાં પુસ્તક વાંચવાની બળજબરી કરીશ નહીં. આપણે એકબીજાના કામમાં ધ્યાન આપ્યા વિના તેની પ્રતિષ્ઠા જાળવીશું.'

'મને તેમાં વાંધો નથી. આઇડિયલી પતિ મારું લેખન વાંચે એ મને ગમશે જ. પણ તારું ક્ષેત્ર જુદું છે, એ હું સમજી શકું છું.' તેણે સમજીને જ કહ્યું હતું. પોતે પણ તેની મરજી જાણવા છતાં તેનું લેખન વાંચવાનો ક્યારેય પ્રયત્ન કર્યો નહોતો. છતાં પણ ક્યારેક પ્રસંગોપાત્ત એકબીજા સાથે પોતાના કામ વિશે વાત કરતાં, ત્યારે સમજાયું હતું કે ગુજરાતી સાહિત્યના ક્ષેત્રથી તેને સંપૂર્ણ અસંતોષ છે.

'ગુજરાતી સાહિત્ય ક્ષેત્ર ખાબોચિયા જેવું છે. અહીં બધાં જ દેડકાં જેવા છે. ભારે રાજકારણ છે. જાતીયતા, પ્રાંતીયતા ફૂલીફાલી છે. અનેક જૂથવાદ ચાલે છે તેમાં જો આપણે ન હોઈએ તો કોઈ આપણને પૂછે પણ નહીં.'

'કોઈ તને પૂછે એટલા માટે તું લખે છે? આપણે પોતાની મસ્તી માટે લખ્યા કરવું. કોઈક તેની નોંધ લેશે જ.'

'તમે ફક્ત કામ કર્યા કરો, બળદની જેમ મજૂરી કર્યા કરો અને કંપની તમને ક્યારેય ઇન્ક્રિમેન્ટ, પ્રમોશન ન આપે તો તમે ચિડાશો કે નહીં? બીજી તક મળે તો તમે તે કંપની છોડી જ દેશો ને? એવું જ છે આ. સાહિત્ય એ પહેલાં હું મારા માટે જ લખું છું, પણ તે પ્રકાશિત શા માટે કરવાનું? તેનાં વિવિધ કારણો છે. તેમાં પૈસા, પ્રસિદ્ધિયે આવી જ જાય, નકામું ખોટું દાંભિકપણું કરવાનો કોઈ અર્થ હોતો નથી. પૈસા, પ્રસિદ્ધિ આ બંને બાબતો ગુજરાતીમાં નથી. આખા ગુજરાતમાં હજાર નકલોની આવૃત્તિ પાંચ પાંચ વર્ષ સુધી વેચાતી નથી, તેમનું માનધન પણ પ્રકાશક ડુબાડી દે છે. દિવાળી અંકમાં એક વાર્તા છપાય, તો તેના પાંચસોથી ત્રણ હજાર રૂપિયા માનધન મળે છે. ઉપરાંત પુરસ્કારોમાં પણ ખૂબ લૉબિંગ અને રાજકારણ ચાલે છે. પછી હું ગુજરાતીમાં શા માટે લખું? મારી માતૃભાષા માતૃભાષા કરતાં માત્ર શોષાતા રહેવું? મારે પોતાને કશું કહેવું હોય, એક્સપ્રેસ કરવું હોય એટલે હું લખું છું. પછી તે ગમે તે ભાષામાં લખું તો શું વાંધો છે?'

'સાવ સાચું છે. તો ઇંગ્લિશમાં લખ ને. ભાષા મહત્ત્વની જ નથી. લખવું, પોતાને એક્સપ્રેસ કરી શકવું એ જ મહત્ત્વનું છે.'

'પણ હું વિચાર મારી માતૃભાષામાં જ કરું છું. મને ગુજરાતી માટે પ્રેમ છે. ગુજરાતી સાહિત્યના લોકો માટે પ્રેમ નથી.'

'કારણ ગમે તે કેમ ના હોય. તું ઇંગ્લિશમાં બિન્દાસ્ત લખ. શરૂઆતમાં જરા સમય લાગશે, પણ વાંધો નહીં આવે. ઉંમર અને સમય બંને તારી તરફેણ કરે છે.'

આમ કહ્યા પછી તે મને એકદમ ભેટી પડી અને પછી તેણે ઇંગ્લિશમાં લખવાનું શરૂ કર્યું. તે લખીને ક્યાં મોકલતી, તેને કેટલા પૈસા મળતા હતા, તેને કેવો પ્રતિભાવ મળતો હતો તે તરફ પોતાનું ધ્યાન જ નહોતું. પોતે પોતાના કરિયરમાં વ્યસ્ત હતો. પછી તે ક્યારેક ક્યારેક ખૂબ ચિડાઈ જતી.

'તમારું મારા પ્રત્યે ધ્યાન જ નથી હોતું.' એમ કહેતી.

'અરે, સાચું કહું છું. મને તારા સાહિત્યમાં જરાય સમજણ પડતી નથી. વાંચ્યા પછી તે સારું કે ખરાબ એ હું ચોક્કસપણે કહી શકું નહીં. એટલે ગમે તે બોલીને હું હાંસીનું પાત્ર બનું તેના કરતાં હું ન બોલું તે જ સારું એમ મને લાગે છે. તને હું મારી આઈટી ઇન્ફ્રાસ્ટ્રક્ચર મૅનેજમેન્ટ વિશે કશું સમજાવું છું, ક્લાઉડ કમ્પ્યૂટિંગ એટલે શું, એમ પૂછું છું? આપણે એકબીજાને સ્પેસ આપીશું, આદર કરીશું પણ દખલ ન કરીએ, એવું મને લાગે છે.'

આમ કહ્યા પછી તે ચૂપ થઈ ગઈ હતી. પછી ભારતથી દુબઈ જતાં સુધીમાં તે પૂર્ણ સમય ઇંગ્લિશમાં લખવા માંડી હતી. પછી તે ઇંગ્લૅન્ડ, અમેરિકામાંથી પણ લખવા માંડી. ત્યાં સારાં મૅગેઝિન્સમાં તેની વાર્તાઓ પ્રકાશિત થવા માંડી. તેને પહેલી વાર ડૉલર્સમાં માનધન મળ્યું ત્યારે તેણે પોતાને દુબઈની પ્રસિદ્ધ 'બ્લૂ ઝેડ' રેસ્ટોરન્ટમાં ડિનરપાર્ટી આપી હતી.

'પૈસા મહત્ત્વના છે જ, તેમ છતાં સંપાદકે મારી વાર્તા વિશે લખીને જણાવ્યું તે મહત્ત્વનું છે. તેમને મારી લખવાની શૈલી ખૂબ ગમી. તેમને તે અદ્‌ભુત લાગી. નિયમિત રીતે લખીને મોકલતા રહો, એમ કહ્યું છે.' તેના ચહેરા પર ખૂબ આનંદ દેખાતો હતો. પછી પોતે પણ તેના પર ભરપૂર પ્રેમ કરીને આનંદ શેર કર્યો હતો.

દુબઈ આવતી વખતે જ તેણે પૂર્ણ સમય લેખિકા બનવાનું નક્કી કર્યું હતું. ભારતમાં તેનો પહેલો વાર્તાસંગ્રહ ગુજરાતીમાં પ્રસિદ્ધ થયો પણ તેનું કંઈ વિશેષ સ્વાગત થયું નહીં એવું તેનું કહેવું હતું.

'ગુજરાતીમાં સમીક્ષા નથી થતી. પુસ્તકપરિચય પણ જેમતેમ એકાદ-બે સામયિક કે અખબારમાં પ્રસિદ્ધ થાય છે. ત્યાં પણ ઓળખાણથી જ કામ થાય, નહીં તો તમારું પુસ્તક સડી જાય.' આમાં આપણે તેને કંઈક મદદ કરી શક્યા હોત તે ક્યારેય સમજાયું નહીં. પોતે તેના તરફ ચહેરા પર શૂન્ય ભાવ રાખીને જોયું હતું. તેણે ચિડાઈને કહ્યું હતું, 'તમે આવા કેવા છો? આટલી મહેનત કરીને પુસ્તક લખ્યું. જાણકારોએ તેની પ્રશંસા પણ કરી, પણ પ્રિન્ટમાં કશું નથી અને તમને પણ તેની કંઈ પડી નથી. તેનો શું અર્થ છે?'

'મને લખતાં આવડતું હોત તો મેં લખ્યું હોત. હું કોઈ રવિવારની પૂર્તિનો સંપાદક હોત તો મેં તારા પુસ્તક વિશે લખાવ્યું હોત. પણ હું તે નથી, તેમાં હું શું કરું? બટ આય એમ ઑલવેઝ વિથ યૂ.'

દુબઈમાં ધીરે ધીરે તેનું નામ પ્રસિદ્ધ થવા માંડ્યું હતું. પોતાને પણ તે સમજાતું હતું. ત્યાં ભારતીય ઘણા છે, વાંચનારા. તેનું ઈંગ્લિશમાં લખાયેલું પહેલું પુસ્તક ઈંગ્લૅન્ડના પ્રકાશકે પ્રકાશિત કર્યું. તેનો નાનકડો પ્રકાશન સમારંભ દુબઈમાં પણ કર્યો. લેખિકાના પતિ તરીકે પોતાને પણ કેટલી પ્રાઉડની લાગણી થતી હતી. આ ચાર વર્ષમાં તેનાં એક પછી એક ત્રણ પુસ્તકો ઈંગ્લિશમાં પ્રસિદ્ધ થયાં. પોતે ઑફિસ ગયા પછી તેનું લખવાનું શરૂ થતું. મોડે સુધી તેનું લખવાનું ચાલતું, પછી હું ચિડાતો.

'હવે બહુ થયું. ધિસ ટાઇમ ઇઝ ફોર મી.' હું કહેતો.

'અરે, મૂડ આવી ગયો છે. લખવાની ધૂન સવાર થાય એટલે તે છોડી શકાતું નથી. કૅરેક્ટર માથે આવીને બેઠા છે.' તેનું આમ કહેવું પોતાને સમજાતું નહીં.

'હું સાદો અને સરળ માણસ છું અને વાસ્તવિકતામાં જીવું છું, ખુશ થાઉં છું.'

'લિટરેચર ઇઝ અ ગ્રેટ આર્ટ ઑફ ટેલિંગ લાઇઝ ઇન ટ્રુથફુલ મૅનર. હું પણ તે જ કહું છું. તેમાંનું કેટલું સાચું-ખોટું તે મને જ ખબર છે. તમે તેમાં રસ લો એવું મને કાયમ લાગ્યા કરે છે.'

'મારા માટે એઆઈ, ક્લાઉડ, રોબૉટિક્સ એ જ મારી દુનિયા છે. ટૅક્નૉલૉજી રોજ બદલાતી રહે છે. જેટલું શીખો તેટલું ઓછું જ છે. તેની માનવના જીવન પર ઊંડે સુધી અસર થાય છે. તેનાથી જીવન બદલાયું છે તે આપણે છેલ્લાં ચાલીસ-પચાસ વર્ષથી જોઈએ છીએ. તે તમારા સાહિત્યમાં આવે છે કે નહીં, તે મને ખબર નથી. પણ હું મારી દુનિયામાં જ ખુશ છું.'

'એકંદરે રાજકારણ, સમાજકારણ, અર્થકારણ, ટૅક્નૉલૉજી બધાની જ માનવના જીવન પર અને તેમના સંબંધો પર અસર થતી હોય છે અને તે જ બધું ગંભીરપણે લખનારા લેખક લખે છે. હું પણ તે જ કરું છું.' વચ્ચે તેને ઈંગ્લૅન્ડનો કોઈક પુરસ્કાર મળ્યો. તે ખૂબ ખુશ હતી. આટલું ઝડપથી તેનું નામ ઈંગ્લિશ સાહિત્યમાં સ્થિર થતું હતું અને તેના લેખનની નોંધ પણ લેવાતી હતી. તેણે પોતાને પણ પુરસ્કાર લેવા માટે ઈંગ્લૅન્ડ આવવાનો આગ્રહ કર્યો હતો, પણ તે જ વખતે પોતાની મહત્ત્વની કૉન્ફરન્સ સિંગાપોરમાં હતી. તેના કારણે તેને એકલીને જ ઈંગ્લૅન્ડ જવું પડ્યું હતું. તે ખૂબ નારાજ થઈ હતી, પણ બીજો કોઈ ઉપાય નહોતો. જઈને આવ્યા પછી સમારંભના વીડિયોઝ જોયા, પાર્ટી આપી. ખૂબ ઢગલાબંધ પ્રેમ પોતે તેને કર્યો હતો, પણ ત્યારે તે થોડી અસ્વસ્થ જણાતી હતી. જોકે તે ઘણી વાર એમ જ જણાતી. પૂછતો ત્યારે કહેતી,

'કૅરેક્ટરમાં મગ્ન થઉં એટલે એવું થાય છે. તમે ધ્યાન ન આપશો.' પોતાની સાથે વાત કરતી વખતે પણ તે વિચારોમાં મગ્ન રહેતી. તેની યાદો ક્યારેય પૂરી નહીં થાય.

તેણે સિસ્ટર રિઝવાનાને ફોન કર્યો.

'હું આ દેશ, શહેર છોડવાનો વિચાર કરું છું. તને એક વાર મળવું હતું.'

'તો પછી મળ ને. મારો હૉસ્પિટલનો સમય પૂરો થાય પછી આવ. કૉફીશૉપમાં બેસીશું.'

'કૉફીશૉપમાં સરખી રીતે વાત ન થાય તો, હું તારા ઘરે આવું તો ચાલશે?' રિઝવાના થોડીક ક્ષણો માટે સાવ ઓઝપાઈ ગઈ અને કહ્યું, 'ચાલશે, આવ.' તેણે નર્સિંસ ક્વાર્ટરનો તેનો ઘર નંબર કહ્યો. સાંજે તે તેના ઘરે ગયો. ઘર સાવ સાદું હતું પણ વ્યવસ્થિત હતું.

'આપણે સમદુઃખિયાં છીએ. તું આ બધું ભૂલીને કેવી રીતે આગળ નીકળી ગઈ? હું હજુ પણ તેની યાદોમાં જ ગૂંચવાયેલો છું. કશું સૂઝતું નથી.'

'અરે તેમાં ખોટું શું છે? તેં જે બંને પર મન ભરીને પ્રેમ કર્યો તે બંને અકસ્માતમાં તને છોડી ગયાં પછી આવું થાય તે સાહજિક છે. પણ હવે પછી આગળ તારે એકલાએ જ જીવવાનું છે એ ભૂલીને ચાલશે નહીં. તને અલ્લાતાલા પર એટલે તારા ભગવાન પર વિશ્વાસ છે?' તેણે પૂછ્યું.

'ના અને હા બંને. એટલે કશું ચોક્કસ કહી શકાય નહીં. સાચું કહું તો મેં આ વિશે ક્યારેય વધારે વિચાર કર્યો નથી. તેને માનીએ કે ન માનીએ તો પોતાના જીવનમાં શું ફેર પડે છે એવા વિચાર કરતો. હું ઠોસ વિચાર કરતો નથી, એટલે મીરા પણ મારા પર નારાજ થતી. તેને લગ્ન રજિસ્ટર પદ્ધતિથી કરવાં હતાં. પણ મને એવું કશું નહોતું. ધાર્મિક પદ્ધતિથી કરવામાં પણ હું ઓકે હતો. તેનું એવું નહોતું. તેને દેવધર્મ પર વિશ્વાસ નહોતો, પણ મારે એવું નહોતું. છતાં અમે તેના કહેવા પ્રમાણે રજિસ્ટર પદ્ધતિથી લગ્ન કર્યાં. એકનો એક દીકરો પત્નીના કહ્યામાં છે અને લગ્ન પહેલાં જ આ સ્થિતિ છે, તો લગ્ન પછી શું થશે? એવું મારા ઘરના કહેતા. પણ મેં તેના તરફ ધ્યાન આપ્યું નહીં. મીરા તો મજબૂત મનોબળની જ હતી. પોતાનો મત આગ્રહપૂર્વક રજૂ કરતી. હું તેવો નથી. સામેવાળાનું મન એકદમ તોડી નાખવું મને ફાવતું નથી. તેનું તેવું નહોતું. સ્પષ્ટપણે બોલતાં જરાય અચકાતી નહીં. લોકો કહે એમ નહીં, પણ લોકોને મારો મત સમજાવીશ એમ કહેતી.'

'એવું જ હોય છે. પતિ-પત્ની હંમેશાં બે છેડા જ હોય છે, તેના કારણે જ બંને વચ્ચે સારો મેળ પડે. પણ તેટલી સમજ બંનેમાં હોવી જોઈએ. દેવ, અલ્લાહ, ગૉડ ગમે તે કહે. પણ હું પ્રેમમાં અલ્લાહ શોધું છે. પ્રેમથી જ જગત જીતી શકાય છે. તું પણ તે જ માર્ગ અપનાવે એવું હું નહીં કહું. દરેકનો પોતાનો આગવો માર્ગ હોય છે. તે જેણે-તેણે પોતાની રીતે જ શોધવાનો હોય છે. તે મળશે એટલે તને શાંતિ મળશે. તે માટે પ્રયત્ન કર.' તે શાંતિથી કહેતી હતી. તેના ચહેરા પર એ જ શાંતિ દેખાતી હતી. તેમાં કોઈ ખેંચાણ, આસક્તિ, રઘવાટ, કચવાટ નહોતાં. તેના ઘરેથી નીકળ્યા પછી કોણ જાણે તેને થોડું સારું લાગતું હતું.

તેને મીરાના લિટરરી એજન્ટ જૉનનો ફોન આવ્યો. જૉનને ઘણા મોડા આ સમાચાર મળ્યા હતા. આ સમાચારથી તેને પણ ઊંડો આઘાત લાગ્યો હતો. તે લંડન બેઝડ હતો.

'હું ઘણાં અપકમિંગ લેખક-લેખિકાને રિપ્રેઝન્ટ કરતો આવ્યો છું. પણ મીરામાં એક જુદો જ સ્પાર્ક હતો. તેની વિશ્વ તરફ જોવાની સ્વતંત્ર અને આગવી દૃષ્ટિ હતી. વિચારોથી તે બંડખોર હતી. જીવતી હોત, તો હજુ થોડાં વર્ષ પછી કદાચ તેને બુકર પ્રાઇઝ પણ મળ્યું હોત. મેં તેને ખૂબ જલદી ગુમાવી દીધી.' તેના બોલવામાં ઊંડું દુઃખ વ્યક્ત થતું હતું. તે માત્ર શાંતિથી બધું સાંભળી રહ્યો.

'તું એક પત્ર આપ. તે પ્રમાણે હું પ્રકાશકોને જણાવીશ. તારી એકાઉન્ટ ડિટેલ આપ. હવે પછીની રૉયલ્ટી તારા એકાઉન્ટમાં ડાયરેક્ટ જમા થશે. તેનું લૅપટૉપ ખોલીને જો. તેનું કંઈ અપ્રકાશિત સાહિત્ય મળતું હોય તો જો. તે પ્રકાશિત કરવાનો પણ આપણે પ્રયત્ન કરીશું. કદાચ તેના ગયા પછી તેના લખાણને હજુ વધારે ડિમાન્ડ આવશે.' જૉન એકદમ પ્રૉફેશનલ હતો. મૃત્યુમાં પણ તેને તક દેખાતી હતી.

'હું તને અઠવાડિયા પછી ફોન કરીશ. ત્યાં સુધી શોધી રાખ.' તેણે જાણે પ્રેમથી આગ્રહ કર્યો. તન્મયે તે માત્ર સાંભળી લીધું.

તે દિવસે ઘરે આવીને તેણે મીરાનું લૅપટૉપ ખોલ્યું. તે પહેલી વખત જ તેને હાથ લગાડતો હતો. ક્યારેય જરૂર જ પડી નહોતી. બંનેનું સ્વતંત્ર વિશ્વ હતું. લૅપટૉપ ઑન કર્યું પણ આગળ પાસવર્ડ માંગતું હતું. તેણે બેત્રણ નામ ટ્રાય કર્યા. તેમાં તે ત્રણેયનાં નામ હતાં. બીજા પણ કોમ્બિનેશન કરી જોયાં પણ મામલો કંઈ આગળ વધ્યો નહીં. એટલે કંપનીમાં કે કોઈ હેકર પાસેથી પાસવર્ડ બ્રેક કરાવવો પડશે. તેણે ભારતના એક મિત્રને ફોન કર્યો. તેણે રિમોટ સૉફ્ટવેર વાપરીને પાસવર્ડ બ્રેક કર્યો.

'મીરા આમાં પણ સારી એવી હોશિયાર લાગે છે.'

'શું પાસવર્ડ હતો?' તેણે સહજ રીતે પૂછ્યું.

'માનવ મી એવો વિચિત્ર હતો. એવી વે. ઇટ્સ યોર્સ નાવ.' મિત્રએ કહ્યું અને તે ચકિત થયો. તન્મયે મીરા પાસેથી માનવનું નામ સાંભળ્યું હતું. કદાચ તે તેનો કૉલેજનો મિત્ર હતો. બરાબર યાદ આવતું નહોતું, પણ તેનું કુતૂહલ એકદમ જાગ્રત થયું.

તેણે તરત જ વર્ડ ખોલ્યું. દરેક વાર્તા, નવલકથા તેમાં વ્યવસ્થિત રીતે મૂકેલી હતી. પ્રકાશિત થઈ હોય તો ક્યારે, ક્યાં પ્રકાશિત થઈ, નવલકથા ક્યારે લખવાની શરૂ કરી, ક્યારે પૂરી કરી, જૉનને ક્યારે મોકલી તે અંગેની નોટ્સ નીચે લખેલી હતી. તેના કારણે ક્યું લેખન અપ્રકાશિત છે તે તરત જ સમજાઈ ગયું. મીરા ખૂબ વ્યવસ્થિત અને શિસ્તબદ્ધ હતી. તેનામાં આળસ જરાય નહોતી. એક નવલકથા અડધી લખેલી જણાતી હતી. ૧૧૦ પાનાં લખેલાં હતાં એટલે એ નક્કી વાર્તા તો નહોતી જ. જૉનને ક્યું લેખન મોકલવું એ તેના પરથી તરત મળી ગયું. પહેલાં એક વાર તેણે મીરાને સહજપણે પૂછ્યું હતું,

'તું ક્યારેય કવિતા લખતી નથી?'

'સાચું કહું તો ક્યારેય પ્રયત્ન જ કર્યો નથી. હું કવિ વૃત્તિની નથી એ મને પહેલાં જ સમજાઈ ગયું હતું. કવિતા લખવા માટે જે હૃદયની ભીનાશ જોઈએ તે કદાચ મારામાં નથી, તેના કારણે પણ હશે.'

'એટલે જ તેં આપણા પ્રેમ વિશે કે મારા વિશે ક્યારેય કવિતા લખવાનો પ્રયત્ન કર્યો લાગતો નથી.'

આ સાંભળી તે કશું જ બોલી નહીં.

પોતે કેમ ક્યારેય સાહિત્યમાં રસ લીધો નહીં? તેનું લેખન જોઈ તે વિચાર કરવા લાગ્યો. ઘરમાં નાનપણથી જ તેવું વાતાવરણ નહોતું. પોતે એન્જિનિયરિંગ કરવું એમ પહેલેથી જ નક્કી હતું એટલે વિજ્ઞાન અને ગણિત પર જ ફોકસ હતું. ભાષા વિષય હંમેશાં ઑપ્શનમાં જ હતો. પછી જુદું વાંચન ક્યાંથી કરે? પછી બારમા પછી તો ભાષા વિષય પણ શિક્ષણમાં જ નહોતો. મીરાને કારણે સાહિત્ય શબ્દ કાન પર પડવા લાગ્યો. તે લખવાને કારણે પૈસા પણ મળી શકે એ પણ મીરાને કારણે જ છેલ્લાં પાંચ વર્ષમાં સમજાયું હતું, બાકી તો આ કોઈ શોખ જ હશે એમ પોતાને લાગતું હતું.

મીરાનું ક્યું અપ્રકાશિત સાહિત્ય જૉનને મોકલવાનું છે તે ખબર પડી. તેમાંથી મળનારા પૈસા સાથે પોતાને ક્યારેય કંઈ લેવાદેવા નહોતી. મીરાએ તેમાંથી આજ સુધી કેટલા પૈસા કમાવ્યા છે એ પણ પોતે તેને ક્યારેય પૂછ્યું નહોતું. પણ ઇંગ્લિશમાં લખવાનું શરૂ કર્યા પછી તે સારું એવું કમાવા લાગી હશે, કારણ કે તેનું શૉપિંગ વધેલું જણાતું હતું અને તે માટે તે ક્યારેય પોતાની પાસે પૈસા માગતી નહીં.

તેણે મીરાનો ઈમેઇલ બૉક્સ સહજતાથી જ ખોલ્યો. હવે બેઠો જ છું તો તેના ઈમેઇલ પણ જોઈ લઉં. છેલ્લાં દોઢ મહિનાથી ઈમેઇલ જોયા ન હોવાથી ઘણા જમા થઈ ગયા હતા. તેમાંથી ઘણા બધા તો જંક હતા પણ કેટલાક વાચકોના, સંપાદકોના ઈમેઇલ દેખાતા હતા. એક-બે મેઇલ તેણે ખોલીને વાંચ્યા. વાચકો તેના લેખનના પ્રેમમાં હતા. સંપાદકે નવું શું લખી મોકલો છો તેની પૃચ્છા કરી હતી. આ બધું મીરાના મૃત્યુ પછી તરતનું હશે, કારણ કે તેમને મીરાના મૃત્યુના સમાચાર ત્યાં સુધી મળ્યા નહીં હોય. પછી તેણે સહજપણે સર્ચમાં માનવ નામ લખી જોયું. તો તેના નામનું અલગ ફોલ્ડર જ સામે આવ્યું. તેમાં તેણે પહેલા સેંટનું ઑપ્શન નાખ્યું. મીરાએ તેને લખેલા ઈમેઇલ પહેલાં જોઉં, એમ સહજ ઉત્કંઠા સાથે ખોલ્યું.

'પ્રિય માનવ,

તને હંમેશાં પ્રિયનું સંબોધન શા માટે કરવું, સમજાતું નથી. જે વ્યક્તિ પ્રિય જ હોય છે તેને વારંવાર પ્રિય લખીને શું મેળવવાનું? તને પણ ખબર છે તું મને કેટલો પ્રિય છે તે.'

તેના હૃદયના ધબકારા થોડા વધી ગયા. થયું શા માટે જોવા તેના અંગત ઈમેઇલ્સ? તેમાંય તે તો હવે ગઈ. નકામો મનને ત્રાસ આપવો? પણ હવે બેઠો જ છું તો જોઈ લઉં. જેના પર આપણે આટલો પ્રેમ કરતા આવ્યા છીએ તેના વિશે તે ગયા પછી તો જાણી લઈએ. થોડી વાર અટકીને તેણે ફરીથી વાંચવાની શરૂઆત કરી.

'તું ગાંડો છે. તન્મય મને ખૂબ પ્રેમ કરે છે અને તે ખૂબ સારો પતિ છે. મારી ખૂબ કાળજી લે છે. મારા સ્વાતંત્ર્યને પણ સાચવે છે. અમારે હવે એકનો એક દીકરો છે. તેના પર અમને બંનેને ખૂબ જ વહાલ છે. ત્યારે હવે તન્મય મારા જીવનમાંથી કેવી રીતે જઈ શકે? એટલે તારે પણ હવે લગ્ન કરીને જિંદગીમાં સેટલ થવું જોઈએ. હું તારી જિંદગીમાં ક્યારેય પાછી ફરીશ એવું લાગતું નથી. લેટ્સ બી પ્રૅક્ટિકલ. પણ તું સાંભળતો નથી.

ગાંડાની જેમ મારી રાહ જુએ છે. આપણો પ્રેમ હવે પ્લેટૉનિક જ રહેશે. કોઈક નિમિત્તે મળવાનું થાય તો મળીશું.'

'આપણે લંડનમાં મારા પુરસ્કાર સમારંભમાં મળ્યાં એનો મને એટલો આનંદ થયો કે શું કહું? તે ત્રણ દિવસ હું સ્વર્ગમાં હતી. સારું થયું તન્મયે આવવાની ના પાડી. એટલે તો હું તને બોલાવી શકી. પુરસ્કારના પૈસા તારી ટિકિટ માટે અને લંડનમાં તારી સાથે ત્રણ દિવસ ફરવામાં ખર્ચ કરી શકી. તેં મને ભરપૂર સુખ આપ્યું. શું આ મારી તન્મય સાથેની પ્રતારણા હતી? હા, હતી. મને તે માટે ગુનાહિત લાગણી કેમ નથી થતી? ત્રાસ કેમ નથી થતો? હા, થાય છે. છતાં પણ મેં એવું વર્તન કર્યું. તે ક્ષણે તેની યાદ ન આવી? અબોધ મનમાં આવી હશે પણ જીવંતપણે હું દરેક ક્ષણ તારી સાથે ઍન્જૉય કરતી હતી તેનું શું કરવાનું? મારા મનમાંથી આ પ્રશ્નો ક્યારેય જવાના નથી, તેનું શું કરીશ? તો શું મારે તન્મય સાથે લગ્ન કરવા જોઈતા નહોતા? આઇડિયલી યેસ, પણ તે શક્ય નહોતું. તું મારો પહેલો પ્રેમ હતો, પણ તેની પરિણતી લગ્નમાં થઈ શકી નહીં. એટલે હું તન્મયને ફસાવું છું, તે સારું છે? નક્કી જ નથી કરી શકતી. બુદ્ધિને સ્વીકાર્ય છે, પણ મનને નહીં. આવું કેમ થાય છે? મારે તારી પાસેથી જવાબ જોઈએ છે, માનવ.'

'તું અને હું બુદ્ધિવાદી, નાસ્તિક, વિવેકવાદી, તન્મય તેવો છે ખરો? નથી. તે ભૌતિકવાદી વિશ્વમાં ખુશ થાય છે. સાહિત્ય, કલા, રાજકારણ, સમાજકારણમાં તેને કોઈ રસ નથી. પણ તેના આઇટી ક્ષેત્રમાં તેનું ઘણું મોટું નામ છે. તે ખૂબ જ હોશિયાર છે. તે પોતાની બુદ્ધિનો ઉપયોગ ત્યાં કરે છે. પરિણામે તેની કંપનીને અને સમાજને ફાયદો થાય છે પછી તેને બુદ્ધિવાદી કહેવો કે નહીં? આપણે સામાન્ય રીતે લેખક, પત્રકાર, પ્રાધ્યાપક, શાસ્ત્રજ્ઞ વર્ગને બુદ્ધિવાદી માનીએ છીએ. તે ખરેખર તેવા હોય છે ખરા? ખૂબ પ્રામાણિકપણે મહેનત કરીને પૈસા કમાવવા અને તે સારી રીતે ખર્ચ કરવા અને એક રીતે ઇકૉનૉમીને મદદ કરવી તેમાં ખોટું શું ગણાય? આપણે તે કરતા નથી? ભારતમાં આ બાબતમાં દાંભિક અને ખોટા લોકો ઘણા છે. તને એવું નથી લાગતું? તેને તો કરિયર સિવાય બીજું કશું જ મહત્ત્વનું લાગતું નથી. આપણા બુદ્ધિજીવી વર્ગને નકામી પંચાત હોય છે. તો આપણે શું કરીએ છીએ? લેખ લખીએ છીએ, ચર્ચા કરીએ છીએ, સંમેલનો કરીએ છીએ. વાસ્તવમાં કોનું જીવન બદલીએ છીએ? ઉદ્યોગપતિ જીવન બદલે છે, રાજકારણી બદલે છે, ખેડૂતો બદલે છે. તું કહીશ તન્મયના સહવાસમાં રહીને હું બગડતી જઉં છું. તું જ વિચાર કરી જો. કદાચ દુબઈ આવીને મારું જીવન અંગેનું પરસેપ્શન વધારે વિસ્તૃત થયું હશે.'

'શું હું તારી સાથે રહેવાથી વધારે સુખી થઈ હોત? આટલા વર્ષે વિચાર કરું છું અને તેનો ચોક્કસ ઉત્તર આપી શકાતો નથી. એટલે શું તન્મય સાથે હું સુખી નથી? તેની સાથે વૈચારિક સ્તરે મારે બનતું નથી, એટલે હી ઇઝ નો વે મૅચ ફૉર મી. તેને મારા સાહિત્યમાં જરાય રસ નથી. તું મારો શબ્દેશબ્દ વાંચે છે અને ડિસ્કસ કરે છે. તે વાંચતો જ નથી. પણ પછી હું તન્મયના પક્ષે વિચાર કરું છું. હું તેના કામમાં કેટલો રસ લઉં છું? તેના આઈટી ક્ષેત્રમાં મને શું સમજાય છે? તે તેનું કામ ક્યારે ઘરમાં ડિસ્કસ કરતો નથી. ક્યારેક ઘરમાં ઑફિસનું કામ કરતો હોય છે. ઘર અને ઑફિસ, તેણે વ્યવસ્થિતપણે જુદાં રાખ્યાં છે. તો

પછી મને જ તે મારું લખેલું વાંચતો નથી તેનો અંદરથી સંતાપ શા માટે થતો રહે છે? હું કલાકાર તરીકે સમાજમાં, ઘરમાં સ્પેશિયલ પ્રિવિલેજ્ડ હોઉં એમ શા માટે લાગ્યા કરે છે?'

'મારી સાથે લગ્ન ન કરવાનો નિર્ણય તારો હતો, મારો નહીં. હું તો તૈયાર હતી. પછી હવે તું મને મારા જીવનમાં આવીને એક પ્રકારે ત્રાસ શા માટે આપે છે? પછી મારા મનમાં પણ તારી સાથેની જૂની યાદો જાગૃત થતી હોય છે. તેનાથી મારો વર્તમાન ડિસ્ટર્બ થાય છે. આ હું તન્મયને કહી શકતી નથી. તું શાંતિથી જીવ અને મને પણ શાંતિથી જીવવા દે, એવું શા માટે થતું નથી? મારાં લગ્ન થઈને આટલાં વર્ષ થયાં, છતાં આપણે બંને હજુ એકબીજામાં આટલાં પરોવાયેલાં કેમ છીએ? તેની તાર્કિક પરિણતી શેમાં થવાની છે? હું હંમેશાં તારાથી દૂર થવાનું નક્કી કરું છું. એટલે શરીરથી દૂર જ છીએ પણ મનથી કેમ થતાં નથી? મને ક્યારેક ક્યારેક આ અસહ્ય થઈ જાય છે. હું પોતાને બુદ્ધિવાદી સમજું છું અને મારા જ જીવનની આટલી સાદી ગૂંચ હું ઉકેલી શકતી નથી. આ સાદી ગૂંચ છે. શું આટલી વાત તને પણ સમજાતી નથી?'

એકેક ઈમેઇલ વાંચીને તે સુન્ન થતો જતો હતો. થોડીક ક્ષણો સુધી તે માથા પર હાથ દઈને શાંતિથી બેસી રહ્યો. પછી ઊઠીને ફ્રીજમાંથી બિયરની બૉટલ લાવ્યો અને એકેક ઘૂંટડો પીતાં વિચારે ચઢી ગયો. આપણે એકબીજા સાથે ફિઝિકલી રહીએ છીએ એટલે શું થયું? આખો વખત આપણી બાજુમાં રહેતી, આટલી નજીકની વ્યક્તિ વિશે કેમ કશું ખબર નથી હોતી? તે પોતાની પત્ની, સૌથી નજીકની વ્યક્તિ હતી ને? તેણે એક જગ્યાએ આગળ વાંચ્યું.

'તેની સાથે રત થાઉં છું, ત્યારે ક્યારેક ક્યારેક તારી યાદ આવે છે. લાગે છે તું જ મારી સાથે રતિક્રીડા કરે છે અને પછી અમારો સેક્સ હજુ સરસ જામે છે. તે થયા પછી પોતાને જ મોટી ગુનેગાર હોઉં તેવી લાગણી થતી રહે છે. આખો દિવસ જાતને કોસતી રહું છું. આ ખૂબ ખરાબ છે, ખોટું છે, પણ તેમાંથી બહાર નીકળી શકાતું નથી.' પછી વધેલી બિયર તેણે એક જ ઘૂંટડામાં પીને પૂરી કરી. આ વાત જો પોતાને પહેલાં ખબર પડી હોત તો પોતે શું કર્યું હોત? ખબર નથી. જીવનમાં કોઈ જ પ્રશ્નનો ચોક્કસપણે ઉત્તર આપી શકાતો નથી. ઉતાવળે લૅપટૉપ બંધ કર્યું અને પલંગ પર જઈને ઊંઘવાનો પ્રયત્ન કરવા લાગ્યો. પણ એવી પરિસ્થિતિમાં ઊંઘ આવવી મુશ્કેલ જ હતી. મીરા સાથે રત હોવાનાં બધાં દૃશ્યો નજર સામે આવતાં હતાં. પછી ખૂબ મોડેથી ઊંઘ આવી. પછી અચાનક જ ઝબકીને જાગી ગયો અને તે પણ અકસ્માતના દૃશ્યથી. તે ક્ષણે બાજુમાંથી પસાર થતી ટ્રકે ધક્કો માર્યો અને પછી આગળનું કશું જ યાદ આવતું નથી. તે ઋષિકેશનું નામ લઈને નાના બાળકની જેમ ધ્રુસકે ને ધ્રુસકે રડી પડ્યો.

દુબઈથી નીકળતી વખતે તેણે ગલ્ફના બધા મિત્ર અને નજીકના સહકાર્યકરોને પોતે દુબઈ છોડી જાય છે, પણ કંપની છોડતો નથી તેમ જણાવ્યું. ફરી કદાચ કંપની જૉઇન કરે પણ ક્યારે અને ક્યાં તે નક્કી નથી. તે દુબઈ છોડે તેવી કોઈનીય ઇચ્છા નહોતી. ઘણાએ તેને રોકાઈ જવાની સલાહ આપી, પણ તે તેને માન્ય નહોતી. તેને ફક્ત બધાનો આભાર માનવો હતો.

અમદાવાદ આવ્યા પછી તે પહેલાં માને મળ્યો. મા એકલી જ રહેતી, પણ સાથે તેમની સંભાળ રાખવા વત્સલામાસી હતાં. પૈસા તો તે જ મોકલતો. પણ માએ તેને ઓળખ્યો નહીં. તે તો તેને પાર પહોંચી ગઈ હતી. એક રીતે સારું થયું. તેને પોતાના જીવનની કરુણાંતિકા વિશે ખબર જ નથી. માનો હાથ હાથમાં પકડીને ઘણા સમય સુધી ચૂપચાપ બેસી રહ્યો. પછી વત્સલામાસી સાથે વાત કરી. તેમની પણ હવે ઉંમર થઈ ગઈ હતી, દીકરા કોઈ પૂછતા નહોતા. તેમને પણ માને સંભાળવા સાથે એક ઘર મળી ગયું હતું. એટલે તે અહીં શાંતિથી, સુખેથી રહેતાં હતાં. તન્મયના સમાચાર મળતાં જ તેમને પણ આઘાત લાગ્યો હતો.

'તું હવે અહીં જ રહેવાનો છું?' તેમણે પૂછ્યું.

'ના. પણ હું ગમે ત્યાં રહું તમને દર મહિને પૈસા મળતા રહેશે અને માને સાચવવાની જવાબદારી તમારી જ છે. મેં બધી વ્યવસ્થા કરી દીધી છે.'

'પણ મને તારી ચિંતા થાય છે. આટલી નાની ઉંમરે આ દુઃખના ડુંગરા. માણસના જીવનમાં દુઃખ અને ત્રાસ જ વધારે હોય છે, આનંદ તો ક્યારેક જ ભાગમાં આવે છે.

તેણે મુંબઈ જવાનું નક્કી કર્યું હતું. વચ્ચે તે મીરાનાં માતા-પિતાને વડોદરા જઈને મળી આવ્યો. તેમની સાથે શું વાત કરવી તે જ સમજાતું નહોતું.

'હું શાંતિથી જ ગાડી ચલાવું છું. ત્યારે મીરા અને ઋષિ બંને ગાડીમાં મસ્તી કરતાં હતાં, પણ હું સામે જોઈ શાંતિથી ગાડી ચલાવતો હતો. બાજુમાંથી ટ્રકે ક્યારે ઓવરટેક કરવાનો પ્રયત્ન કર્યો તે ખબર જ ના પડી.'

'તમને કોણ દોષ આપે છે? અમને બધી ખબર છે. અમે ફુટેજ પણ જોયા. તમે શાંત થાઓ. તેમનું જીવન એટલું જ હશે અને આપણું નસીબ કે તમે બચી ગયા. અમે દુબઈ આવ્યા ત્યારે પણ તમે એ જ કહેવાનો પ્રયત્ન કરતા હતા. અમે તમારી સાથે જ છીએ.' મીરાના પિતા – વસંતભાઈએ તેનો હાથ પોતાના હાથમાં લઈ થપથપાવ્યો. તેમની આંખમાં આંસુ આવી ગયાં હોય તેમ લાગ્યું. હમણાં પોતે પણ સાવ રડી જ પડશે એમ લાગ્યું. પહેલાં આવું ક્યારેય થતું નહોતું, પણ હવે ગમે ત્યારે આંખમાં આંસુ આવી જાય છે.

'સાચવીને રહેજો. ક્યાં છો તે જણાવજો.' તેમણે પણ નીકળતી વખતે સમજાવ્યું. બધા પોતાની સાથે સારી રીતે વર્તે છે છતાં પોતાને કેમ કશાથી સારું લાગતું નથી? તે મનમાં જ વિચારતો રહ્યો.

મુંબઈ તેને ક્યારેય ગમ્યું નહોતું. ત્યાંની ભીડ તેને સહન થતી નહોતી. અહીં કોઈ કોઈને ઓળખવા માટે થોભતું નથી. પણ પોતાને આગળ શું કરવું છે કશું જ ખબર નથી. અહીં તેણે ફ્લૅટ ભાડે લીધો. રોજ સવારે લોકલ ટ્રેનથી ઊલટી દિશામાં પ્રવાસ શરૂ કરતો. એકેક સ્ટેશને ઊતરી આજુબાજુ ફરતો. ફર્સ્ટક્લાસનો પાસ કઢાવી લીધો હતો. પોતે સાવ નિરુદ્યોગી, જીવનને ધ્યેય નથી, ઉદ્દેશ નથી. બહાર ગમે ત્યાં ખાઈ લેવાનું. રાત્રે એક

જગ્યાએ જમવાનું ઠરાવ્યું હતું તે લૉજમાં જઈ જમી લેતો. અહીં થોડોક જ સામાન લાવ્યો હતો. દુબઈથી લાવેલો બધો સામાન અમદાવાદમાં એક ફ્લૅટ ભાડે રાખી ત્યાં જ મૂકી આવ્યો હતો. દિવસ પસાર થતા હતા, સારા કે ખરાબ તેનો વિચાર તે કરતો નહોતો. ફક્ત દિવસ કાઢવાના હતા.

એક દિવસ મીરાનું લૅપટૉપ ખોલી તે જ ઈમેઇલ્સ ફરી વાંચતાં તેને વિચાર આવ્યો કે પોતે માનવને મળવું જોઈએ. તેને આ સમાચાર ચોક્કસ મળ્યા હશે, પણ તેણે પોતાને એક શોકસંદેશ પણ મોકલ્યો નહીં. પોતે પણ તેને જણાવ્યું નહીં. પોતે કંઈ બધાને જણાવ્યું નહોતું, પણ દુબઈમાં ટીવી ચૅનલ્સ પર જ આ અકસ્માતના સમાચાર આવતા હતા. તે અહીં આવ્યા કે નહીં કોણ જાણે. પોતે પ્રસિદ્ધ વ્યક્તિ નહોતો, પણ તેની પત્ની પ્રસિદ્ધ લેખિકા હતી. માનવ પોતાની સાથે ફોન પર વાત કરી શકત. તેની મનઃસ્થિતિ શું હશે? તે તેનું દુઃખ, વેદના, પીડા, ત્રાસ કોઈને કહી શકતો હતો? કદાચ કોઈને જ નહીં. મીરા અને તેની વચ્ચે જે કંઈ હતું તે પોતાને તેના ગયા પછી જાણવા મળ્યું. પછી તે આ કોને કહે? તેણે ઈમેઇલ ફરી ચેક કર્યાં. માનવ મુંબઈની કોઈ કૉલેજમાં નોકરી કરતો હતો. ઈમેઇલ પરથી કૉલેજનું નામ શોધી તેણે કૉલેજ શોધી લીધી. તેણે કૉલેજની ઑફિસમાં જઈ માનવને મળવાનું કહ્યું. કોઈકે તેને કૅન્ટીનમાં બેસવાનું કહ્યું. લેક્ચર પૂરો થશે એટલે તે ત્યાં માનવને મોકલશે તેમ કહ્યું.

થોડી વારમાં જ માનવ તેને શોધતો આવ્યો. મૂંઝાયેલો જ દેખાતો હતો. વધી ગયેલી દાઢી, શ્યામ વર્ણ, જીન્સનું પૅન્ટ અને ઝભ્ભો, ખભા પર ઝોળી જેવો બગલથેલો. ટિપિકલ અવતાર અને તેનું તેમને અભિમાન પણ હોય. તે ખુરશી ખેંચી સામે બેઠો અને તન્મય સાથે હાથ મિલાવ્યા.

'હું તન્મય, મીરાનો પતિ.' તેણે પોતાની ઓળખાણ આપી.

'માનવ.' તેણે ધીમે અવાજે કહ્યું.

'મીરાના સમાચાર તને મળ્યા જ હશે.'

'હા, ખબર છે. મેં તને મૅસેજ પણ કર્યો હતો.' હવે તેને આશ્ચર્ય થયું.

'ઇઝ ઇટ? મારાથી મિસ થઈ ગયો હશે.'

'શક્ય છે, તારે ઘણી મોટી સંખ્યામાં મૅસેજ આવ્યા હશે.' તેણે તરત જ વૉટ્સએપ પર મૅસેજ કાઢીને બતાવ્યો.

'જે બની ગયું તે ભયંકર છે. તે સહન કરવાની તને માનસિક શક્તિ મળે, એટલી જ પ્રાર્થના હું આ ક્ષણે કરી શકું છું. મીરા દેવ, આત્મા વગેરે કશું માનતી નહીં. એટલે એવા શબ્દો હું વાપરતો નથી.' પછી બંને ચૂપ થઈ ગયા. બંનેએ સામે મૂકેલી ચા પીધા પછી માનવે બીજી એક ચા મંગાવી.

'મેં મીરાના ઈમેઇલ્સ તે ગયા પછી વાંચ્યા. તેના લૅપટૉપનો કોડ બ્રેક કરવો પડ્યો. પછી બધું બહાર આવ્યું.' તેણે શાંતિથી કહ્યું. માનવના ચહેરા પરના ભાવ બદલાયા.

તેના ચહેરા પર ચિંતાનાં વાદળો ઘેરાઈ ગયેલાં સ્પષ્ટ દેખાતાં હતાં. શું બોલવું તે તેને સૂઝતું નહોતું.

'તે ગઈ તેની સાથે બધું પૂરું થઈ ગયું. હવે કશાનો કોઈ અર્થ રહેતો નથી. તું હવે દેવદાસ બનીશ નહીં. તારા લગ્ન વિશે વિચાર.'

'લગ્ન આ સંસ્થાને કોઈ અર્થ હોય છે?' તેણે એકદમ કડવાશ સાથે કહ્યું.

'એટલે મીરા સાથે લગ્ન થયા હોત, તો લગ્નસંસ્થા સારી હોત અને ન થઈ શક્યાં, એટલે આ બધું બોગસ છે એમ જ ને? અને મીરાએ એક જગ્યાએ લખ્યું છે કે તારા કારણે જ તે લગ્ન થઈ શક્યાં નહીં. આ કેટલું સાચું છે?' તેણે માનવને સીધો જ પ્રશ્ન પૂછ્યો. માનવ ચૂપ થઈ ગયો.

'હું નીચલી જાતિનો. અમે બંને એક જ કૉલેજમાં હતાં, ત્યાં અમારો પ્રેમ ખીલી ઊઠ્યો. તે બ્રાહ્મણ પણ ક્યારેય જાતપાતમાં ન માનનારી. કઠોર નાસ્તિક. તેને મારી જાતિ અંગે ક્યારેય પ્રૉબ્લેમ નહોતો. મને જ હતો. મારામાં એક ભારે ઇન્ફિઆરિટી કૉમ્પ્લેક્સ હતો. તે લગ્ન માટે તૈયાર હતી. તેના ઘરમાં પણ પ્રૉબ્લેમ નહોતો. મારા ઘરમાં પણ પ્રૉબ્લેમ હોવાનું કોઈ કારણ નહોતું.

હું અભ્યાસમાં, વક્તૃત્વમાં હોશિયાર, સભાગૃહ ગજવી મૂકતો. સારા નિબંધ લખતો, વિવિધ વિષયો પર ચર્ચા કરતો. છતાં પોતાના માટે કૉમ્પ્લેક્સ હતો. પોતાના કર્તૃત્વપણા માટે ખાતરી નહોતી. મીરાને હું સહન કરી શકીશ નહીં એમ લાગતું. તેણે આ બાબતે મારી કઠોર ટીકા કરી, પણ હું પોતાને બદલી શક્યો નહીં. પણ તેના પરનો પ્રેમ એમ જ હતો. અમે બંને એક જ કૉલેજમાં નોકરી કરતાં હતાં. તેના ઘરના તેના લગ્ન માટે સ્થળ શોધવા લાગ્યાં છતાં મારા તરફથી કોઈ નિર્ણય થતો નહોતો. છેવટે કંટાળીને તેણે તને હા પાડી.' તેણે એક શ્વાસે ચા ગટગટાવી દીધી.

'એમાં તેની શું ભૂલ હતી? લગ્ન તેણે મારી સાથે કર્યાં પણ મનથી તો તે તારી સાથે જ હતી. આવા સમયે તું પણ તેને છોડી શક્યો નહીં. આ ચોરપણામાં તને સુખ અને આનંદ મળતો હતો.' પછી માનવ ચૂપ જ રહ્યો. કોને ખબર પોતાનો અવાજ ખૂબ મોટો થઈ ગયો છે એ તન્મયના ધ્યાનમાં આવ્યું.

'માફ કર. મારે તારા પર ગુસ્સે થવા જેવું નહોતું. મારી ભૂલ થઈ. લાગણીના ખેંચાણમાં આવું થયું હશે. છેવટે તારી જિંદગી તારી પોતાની છે. કોઈ વ્યક્તિ અન્ય વ્યક્તિ પર પ્રેમ કરે તેમાં કશું ખોટું હોઈ શકે જ નહીં. મારે તારા પ્રેમનો અનાદર કરવો નહોતો.' તેણે માનવનો હાથ પોતાના હાથમાં પકડી ધીમેથી દબાવતાં કહ્યું.

'મારું સાચું નામ માનવ નથી. પણ મને મારું સાચું નામ કહેવાની પણ શરમ આવતી. પછી આ નામ ધારણ કર્યું.' માનવની આંખોમાં પાણી દેખાતું હતું.

'તું તારા ક્ષેત્રમાં આટલો હોશિયાર અને આ આવું?' તેને લાગ્યું કે મીરા આ માણસના પ્રેમમાં આટલાં વર્ષ કેવી રીતે રહી? આ તો તેની સાથે લગ્ન કરવાથી પણ દૂર

ભાગ્યો, કોઈ જ જવાબદારી લીધી અને માત્ર પ્રેમ છે એમ કહેતો રહ્યો, તેનો શું અર્થ છે? હવે આને શું સમજવું? મીરા તો ગઈ. જિંદગીની કેટલીક બાબતો બ્લૅક ઍન્ડ વ્હાઇટમાં કહી શકાતી નથી. તેને ગ્રે શેડ હોય છે એ જ સાચું.

'મીરાએ મારામાં રહેલો તે કૉમ્પ્લેક્સ ધીરે ધીરે દૂર કર્યો. મને પોતાની સાથે ઓળખ કરાવી આપી. મને તે વાતનો પણ ભાર લાગતો. તેનાં તારી સાથે લગ્ન થયા પછી મને તેની બરોબરીમાં હું આવ્યો હોઉં તેવું લાગવા માંડ્યું. લગ્ન થયા પછી અમે સરખે-સરખા સંબંધમાં રહી શક્યા હોત કે કેમ, તેની સતત શંકા મને થતી. અમારાં લગ્ન સફળ થઈ શક્યાં હોત કે નહીં, એ વિશે મારા મનમાં હજુ પણ શંકા છે અને તેના કારણે તમારાં લગ્ન થયાં.'

'અજ્ઞાનમાં સુખ હોય છે. અમારું દાંપત્યજીવન જ્યાં સુધી ચાલ્યું ત્યાં સુધી તે મારા માટે આનંદ અને સુખભર્યું હતું. મીરા તરફથી મને કોઈ જ તકલીફ નહોતી. જે જાણવા મળ્યું તે તેના ગયા પછી. તે પૂરું થયું. તને મળ્યા પછી મને ખરેખર ખૂબ સારું લાગે છે. કંઈ નહીં તો આપણે હવે સારા મિત્ર બનવાનો પ્રયત્ન કરી જોઈએ.' તે ઊઠ્યો. માનવે બિલ ચૂકવ્યું. નીકળતી વખતે નંબર લીધો. બંનેએ હાથ મિલાવી ધીમેથી દબાવ્યા. તન્મય દૂર દૂર સુધી દેખાયો ત્યાં સુધી માનવ તેને જોતો બેસી રહ્યો.

તન્મય ખૂબ અસ્વસ્થ થઈ ગયો. મંદિરમાં જતો ત્યારે મીરા કહેતી, 'શાંતિ મનમાં શોધવાની હોય છે, મંદિરમાં નહીં. ત્યાં દેખાય છે તે માત્ર પૂજારીઓની એક પ્રકારની બુભુક્ષિતા અને ભક્તોની સતત કંઈક માગતા રહેવાની ભૂખ. શાંતિ લતાના સૂરમાં અથવા રવિશંકરના સિતારમાં પણ મળી શકે.'

'તું સારી છૂટી ગઈ જીવવાની અને પ્રશ્નોની જંજાળમાંથી. તું હવે છે અને નથી પણ. મારે શું કરવું? હવે મારે કેવી રીતે જીવવું? થતું હતું આત્મહત્યા કરીને આમાંથી પોતાનો છુટકારો મેળવી લેવો. મીરાને મારા પ્રત્યે પ્રેમ હશે કે નહીં હોય. પણ મને તેના માટે પ્રેમ હતો જ. તેના વગર જીવવાની હું કલ્પના પણ કરી શકતો નથી. પણ હજુ જિંદગી બાકી છે. પાછલા કેટલાક મહિનાથી નિરુદ્દેશે ભટકું છું. પોતાને શોધું છું, પણ કશું સમજાતું નથી. આ રીતે આપણે પોતાને સમજી શકીએ ખરા? હું જઈશ તો તને કોણ જોશે એનો વિચાર પણ મેં કર્યો નહોતો. તે ક્ષણે હું કેટલો સ્વાર્થી થયો હતો. તો પછી જિંદગીનું ધ્યેય શું હોવું જોઈએ? હું મૂંઝાઈ ગયો છું.'

એક દિવસ એમ જ નિરુદ્દેશે તે જહાંગીર આર્ટ ગૅલરીમાં ગયો. પોતાને સાહિત્ય ક્યારેય સમજાયું નહોતું, ત્યારે આ ચિત્ર અને શિલ્પ તો ક્યાંથી સમજાય. દુબઈમાં મીરા એકલી જ આવાં પ્રદર્શનો જોવા જતી. તેણે એક-બે વાર આગ્રહ કર્યો હતો, પણ પોતે જ નકાર આપ્યો હતો. પછી શા માટે આજે અંદર પ્રવેશ્યો, ખબર નહીં. કેટલાક પ્રશ્નોના નક્કર જવાબો નથી હોતા. જિંદગી એ ઇલલૉજિકલ જ હોય છે. છેલ્લા કેટલાક મહિનાથી પોતે મુંબઈમાં એકલો જ રહે છે, ભૂતકાળને ભૂલવાનો પ્રયત્ન કરતો. આ રીતે ભૂતકાળ ભૂલી શકાય ખરો? તેની યાદો બધી જેમની તેમ છે. તેને મેમરીમાંથી કેવી રીતે કાઢી નાખવી? ક્યારેક બૉસનો ફોન આવે છે, મીરાનાં માતા-પિતાનો પણ. ક્યારેક દુબઈના

મિત્રો વૉટ્સઅપ કૉલ કરતા. એટલે પોતાને પણ ભૂતકાળ પૂર્ણપણે ભૂલી જવો છે એવું નથી. તો પછી પોતે કોનાથી દૂર ભાગે છે? પોતાને ચોક્કસ શું નથી જોઈતું? પોતાને જ પ્રશ્ન પૂછતા રહેવાના અને ઉત્તર મળતા નથી એટલે અસ્વસ્થ થતા રહેવું.

તેણે આર્ટગૅલરીનું પ્રદર્શન જોવાનું શરૂ કર્યું. તેને ચિત્રોમાંનો નિસર્ગ, સ્ત્રીઓ કંઈક કહી રહ્યાં છે તેમ લાગતું હતું. એક ચિત્ર પાસે તે આવા જ ખેંચાણ સાથે ઊભો રહ્યો. ત્યાં જ તેના હાથને કોઈકે સ્પર્શ કર્યો

'હેલો તન્મય, મને ઓળખી તેં?' તેની બાજુમાં તેના જ વયની એક સ્ત્રી ઊભી હતી. તેણે ખૂબ આશ્ચર્ય સાથે તેની તરફ જોયું.

'અરે, રુથ તું? તું અહીં ક્યાંથી?'

'આ પેઇન્ટિંગ્સ મારાં જ છે અને તું તે જુએ છે.' તેણે કહ્યું

'અને તું અહીં કેવી રીતે? શાળામાં તો તને ડ્રૉઇંગ ગમતું નહોતું ને. મને યાદ છે કે તું મારી પાસેથી ડ્રૉઇંગનું હોમવર્ક કરાવતો અને હું તારી પાસેથી જ્યોમેટ્રી સમજતી. પછી તું સાયન્સમાં ગયો અને હું આર્ટ્સમાં. પછી ટચ રહ્યો નહીં. હમણાં ક્યાં છું?'

'ક્યાંય નહીં.' રુથે તેની તરફ અવિશ્વાસથી જોયું.

રુથે તન્મયને લંચ માટે આમંત્રણ આપ્યું. લંચ માટે થોડી વાર હતી ત્યારે તન્મય અમસ્તો ચિત્રો તરફ જોતો રહ્યો. જમતી વખતે તન્મયે પૂછ્યું, 'રુથ, મને તારા વિશે કહે.'

'મારે ચિત્રકાર જ થવું હતું. જેજેમાં ગઈ. જરૂરી શિક્ષણ પૂર્ણ કર્યું. હવે આખો વખત ચિત્ર જ કરું છું. દેશ-વિદેશમાં પ્રદર્શનો થાય છે. એકદમ બિઝી હોઉં છું.'

'અને લગ્ન?'

'નથી કર્યાં. સમય જ ન મળ્યો. અથવા એમ કહેવું જોઈએ કે ગમે તેવો સાથીદાર ના મળ્યો. જોકે તેનું દુઃખ નથી. શાળામાં તારા માટે પ્રેમ હતો.'

'તેં ક્યારેય કહ્યું નહીં.'

'ના કહ્યું. તેમાં શું કહું? તારો સાદો-સરળ સ્વભાવ ખૂબ ગમતો. ગણિત તું મનથી શિખવાડતો. પછી કોઈ મળ્યું નહીં. મેં પણ તને શોધવાનો પ્રયત્ન કર્યો નહીં.' તન્મયે નિઃશ્વાસ મૂક્યો.

'હવે તારા વિશે તો કહે.' પણ તન્મય ચૂપ રહ્યો.

'નથી કહેવું ' તન્મયને પોતે હમણાં રડી પડશે કે કેમ એવું થઈ ગયું. રુથે તેનો હાથ થપથપાવ્યો.

'કહું છું.' અને તેણે રુથને માનવ પ્રકરણ બાદ કરીને પોતાની આપવીતી કહી.

'એટલે તારા જીવનમાં હું નહીં તો બીજી પ્રતિભાવાન કલાકાર આવી હતી. તેં તેનું સાહિત્ય સમજવાનો ક્યારેય પ્રત્યન ન કર્યો?'

'ના. પણ હવે લાગે છે કે મારે પ્રયત્ન કરવા જેવો હતો. મારી જ ભૂલ થઈ ગઈ.'

'તેણે તારું આઈટી કરિયર સમજી લેવાનો ક્યારેય પ્રયત્ન કર્યો?'

'ના. હું એક સામાન્ય માણસ હતો. તે એક કલાકાર હતી. મારે તેને સમજવા જેવું હતું.'

'એવું કશું નથી હોતું. કલાકાર પોતાની આસપાસ એવો ઓરા તૈયાર કરી લે છે. તેમને તે ગમે છે. કલાકાર માત્ર કલાનિર્માણ સમયે જ જુદો હોય છે, આત્મમગ્ન હોય છે. બાકીના સમયે તે પણ સામાન્ય માણસ હોય છે અને તું પણ તારા કામમાં હોય ત્યારે એક રીતે આત્મમગ્ન જ હોય છે ને. તમે પોતાનામાં કંઈક ઓછું છે એમ માનતા રહો પણ માણસ જે વ્યક્તિને પ્રેમ કરે તે વ્યક્તિને તેના અપૂર્ણત્વ સાથે સ્વીકારવો જોઈએ. અહીં કોણ પૂર્ણ છે? તને આઈટી સમજાય છે. મશીનમાં માણસની બુદ્ધિમત્તા કેવી રીતે નાખવી એ સમજાય છે તો મને ચિત્રમાં સમજ પડે છે. બંને અપૂર્ણ જ છીએ. બધા જ હોય છે.' તે શાંતપણે અને ભારપૂર્વક બોલતી હતી. તેના ચહેરા પરના નિરામય હાસ્યમાં તેનો આત્મવિશ્વાસ છલકાતો હતો.

'આમ નિરુદ્દેશે ફરવાથી આત્મશોધ કઈ રીતે થશે? આ મિથ છે. તું તારા આઈટી વિશ્વમાં જ પાછો જા. એ જ તારું ખરું વિશ્વ છે.' તન્મય રુથની સામે જ જોઈ રહ્યો.

'આપણે ટચમાં રહીશું. મૈત્રી હંમેશાં સારી હોય છે.' બાય કરતાં રુથે કહ્યું.

થોડા દિવસમાં તેના પર માનવનો ફોન આવ્યો – 'હું મીરાના સાહિત્ય વિશે યુનિવર્સિટીમાં એક દિવસનો સેમિનાર કરું છું. ગુજરાતી, અંગ્રેજીના સારા પ્રાધ્યાપક, સમીક્ષકને બોલાવ્યા છે. તું પણ આવ.'

'મને તેમાં ક્યાં કંઈ સમજ પડે છે?'

'એવું કેમ કહે છે? તું તેનો પતિ હતો. તેનું સાહિત્ય હવે વધારે સારી રીતે લોકો સમજી રહ્યા છે. તેની પ્રશંસા તારે સાંભળવી જોઈએ. તારો આત્મા વગેરે બાબતો પર વિશ્વાસ હોય તો, તેના આત્માને ગમશે એમ સમજીને પણ આવ.'

પછી તન્મય સેમિનારમાં ગયો. મીરાના સાહિત્ય વિશે વિદ્વાન લોકો કેટલા આદરથી વાત કરે છે એ સાંભળી તેને ખૂબ સારું લાગ્યું. ક્યારેય નહીં, પણ હવે તેણે મીરાના લખાણને સમજવાનો પ્રયત્ન કર્યો. રાત્રે માનવની સાથે પ્રેમથી જમ્યો.

બીજા દિવસે તેણે સિંગાપુરના બૉસને જણાવ્યું કે તે મુંબઈ બ્રાંચ જૉઇન કરવા તૈયાર છે. અને અઠવાડિયા પછી ઑફિસ જૉઇન કર્યા પછી રુથને જણાવ્યું ત્યારે તે મનાલીમાં તેનાં ચિત્રપ્રદર્શનની તૈયારી કરતી હતી....

■

કવિતીર્થ કુપ્પાલી

હિમાંશી શેલત

ના, અહીં આવું અને ત્યાં તેવું, જેવી સરખામણી લેશ પણ નથી કરવી. એવો કશો હેતુ નથી આ લેખન પાછળ, વાત કરવી છે કોઈ એક પ્રદેશની પ્રજા એના સર્જકને કેવા ઉમળકાથી સ્મૃતિમાં જાળવી રાખે છે એની, જે મનમાં વસી ગયું અને ચિત્તને પ્રસન્નતાની ઝરમરથી આર્દ્ર કરી ગયું એની.

હજી હમણાં જ આપણી ભાષાના એક સુખ્યાત કવિએ વિદાય લીધી. મારા પ્રદેશના એક અખબારે તો એની સાદી નોંધ લેવાનુંયે આવશ્યક ન ગણ્યું. ઠેઠ પાંચ દિવસ બાદ સાહિત્ય માટે ફાળવેલી જગ્યામાં અંજલિ આવી એનો યશ પણ એ કટાર સંભાળનારને ભાગે. માતૃભાષા માટે ઠાલી ચિંતાના ડોળ કરી ગુણિયલ દેખાવા મથે, પણ માંહ્યલો જ નગુણો હોય તો શું થાય? શોક તો ઠીક, કવિએ ભાષા માટે જે કર્યું એનો ઓશિંગણ ભાવ પ્રગટ કરવાનીયે પરવા નહીં! જોકે સમૂહમાધ્યમો પાસે અન્ય અત્યંત મહત્ત્વનાં કામો હોય છે, એમાં સાહિત્ય બાબતે કોણ ગયું કે કોણ રહ્યું, એની પંચાત ક્યાં કરે એ? ઉદારતા રાખવી આપણે!

* * *

– પણ આ ખેદજનક વ્યવહાર બાજુએ હડસેલીએ. એક સાવ અલગ ચિત્ર સુધ્ધાં છે મારા દેશનું. પ્રકાશોજ્જ્વલ અને પ્રેરક. કર્ણાટકના શિવમોગા જિલ્લાનું એક ગામ છે કુપ્પાલી. સહ્યાદ્રિની પર્વતમાળાથી રક્ષાયેલું, તુંગ નદીની વિપુલ જલરાશિથી સમૃદ્ધ, નારિયેળી, સોપારી, કૉફીદાણા અને કોકાનાં વૃક્ષોના સઘન વનવિસ્તારથી લીલુંછમ, પ્રકૃતિનો મંત્રમુગ્ધ કરતો અફાટ વૈભવ, અને અહીં જન્મ્યા કવિ કુવેમ્પુ, એટલે કુપ્પાલી વેન્કટપ્પા પુટાપ્પા, અભ્યાસકાળથી જ જેમની લેખનપ્રતિભા અને વિશિષ્ટ શક્તિઓનો પરિચય કન્નડ સાહિત્યજગતને થઈ ગયેલો. આપણા સર્જક સારસ્વત ઉમાશંકર જોશી અને આ કવિ વચ્ચે ૧૯૬૮નો જ્ઞાનપીઠ પુરસ્કાર વહેંચાયો હતો. આ, રાષ્ટ્રકવિનું બિરુદ પામેલા કુવેમ્પુને, કર્ણાટક કેટલો અને કેવો સ્નેહાદર આપે છે, એ કહેવું છે અહીં.

જવાનું હતું અમારે કવિને ગામે, એમનું જન્મસ્થળ, એમનું ઘર અને એમની સમાધિ જોવા. આ સમાધિ એટલે 'કવિ શૈલ'ની ઓળખ ધરાવતી પથરાળ ભૂમિ. અહીં એ

પ્રકૃતિના ઐશ્વર્ય વચ્ચે સમય ગાળતા, અહીં રચાયાં હશે થોડાં રસાળ ગીતો જે અમે આગલે દિવસે જ સાંભળ્યાં હતાં.

'કવિ શૈલ' સહેજ ઊંચાણમાં આવેલી ખડકાળ ભૂમિ છે, ચોમેર વૃક્ષો. સ્ટોનહેન્જ – ખડકાળ સપાટી પર વિસ્તરેલા સ્મારકનું કલ્પનાચિત્ર હતું મનમાં – આ તો પ્રત્યક્ષ અને પ્રભાવક. દૂર દૂર, જ્યાં નજર પહોંચે ત્યાં પ્રગાઢ વનવિસ્તાર. જે અનુપમ સૂર્યાસ્ત કવિ અહીં બેસીને જોતા હશે તે આજેય એવો જ ભભકભર્યો, આકાશે તેજગતિમાં પલટાતી રંગછટા, અને પથ્થરના વિરાટ સ્તંભો વચ્ચે કવિને અગ્નિદાહ દીધો એ સ્થળ. ન આરસના કશા ઠઠારા, ન બીજો કશો શણગાર, ફૂલહાર-ધૂપદીપ સદંતર ગેરહાજર. અનેક પ્રવાસીઓ આવે દેશ-વિદેશના, છતાં જગ્યાને પિકનિક-સ્પોટ બનાવવાની નાની અમસ્તીયે ચેષ્ટા નહીં. કવિની સાદાઈભરી જીવનશૈલી અને સમાનતા માટેના આગ્રહનું તથા એમના સમગ્ર જીવન પર રહેલા ગાંધી-આંબેડકર પ્રભાવનું પૂરું સન્માન.

કવિ કુવેમ્પુના અવસાન (૧૯૯૪) બાદ, આજે ત્રીસ વર્ષ વહી ગયાં તોયે કર્ણાટકની પ્રજા વચ્ચે એ જીવિત છે. અહીં ઠેર ઠેર એમના નામે ઓળખાતી શાળાઓ છે, કેટકેટલા રસ્તાઓ એમને નામે ઓળખાય છે, અને કેટલાયે વળાંકો પર કે ત્રિભેટે એમની પ્રતિમાઓ છે. આઠસો એકરમાં પથરાયેલી કુવેમ્પુ યુનિવર્સિટી કવિ માટેના આદરનું જ પ્રતીક છે. પ્રજાની આંખમાં છલકે છે એમને માટેનો અસાધારણ સ્નેહ. કુવેમ્પુ એટલે કર્ણાટકના સાંસ્કૃતિક પ્રતિનિધિ, નવયુગના પ્રણેતા, કુરૂઢિભંજક સમાજસુધારક, માનવધર્મના ઉદ્‌ગાતા, કન્નડ ભાષાના વિકાસમાં સિંહફાળો આપનાર વિદ્વાન અને જનસમૂહ માટે યુગપુરુષ જનનાયક.

કર્ણાટકના પ્રજાજીવન પર એમની અસર એટલી ઊંડી છે કે જાતપાતના વાડા વળોટી કેવળ માનવધર્મની આરાધના કરવાનું આહ્વાન આપતા આ કવિ પ્રેરિત સાદાઈથી સંપન્ન થતી લગ્નવિધિને સ્વીકારી, એને સગર્વ જાહેર કરતાં યુગલો આજેય મળી આવશે. 'મંત્ર-માંગલ્ય' નામની આ રીતિમાં લગ્નોત્સુક યુગલ એમના પરિવારની હાજરીમાં સમાન અધિકારો અને પરસ્પર પ્રેમાદર જાળવવાની પ્રતિજ્ઞા સાથે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશે છે, ન ખોટા ખર્ચ, ન ચડસાચડસી, ન આર્થિક લેવડદેવડ, ન છવાઈ જવાની ઘેલછા.

કવિ કુવેમ્પુનું નિવાસસ્થાન તીર્થસ્થળનો મહિમા ધરાવે છે. એની મુલાકાતે નવી પેઢીનાં બાળકો પણ આવે, યુવા પેઢીયે હોય અને વરિષ્ઠ નાગરિકો પણ. આ સ્થળને જાળવવામાં કુવેમ્પુ પ્રતિષ્ઠાનનો ફાળો ખૂબ મહત્ત્વનો છે. ૧૯૯૨માં કવિના મૈસૂરના નિવાસસ્થાને એમને 'કર્ણાટક રત્ન'નો ખિતાબ એનાયત થયો. કુપ્પાલીનું કુવેમ્પુ-ઘર કર્ણાટકની વિશિષ્ટ બાંધણીથી શોભે છે. વચ્ચે વિશાળ ચોક, ફરતે ઓસરીવાળા ઓરડાઓ અને તે ઊંચા ઊંબરવાળા, રાચરચીલું એ સમયનું અને વાસણો પણ ત્યારનાં, ક્યાંક બેઠા હશે એ સોહામણા સર્જક, એવો ભાવ જાગે એટલું ધબકતું વાતાવરણ. અહીં એમનાં પુસ્તકોનું - કન્નડ તથા જેનું અંગ્રેજીમાં રૂપાંતર થયું છે એ તમામ - વેચાણ થાય છે. આશ્ચર્ય થાય જાણીને, કે અત્યાર સુધીમાં બે કરોડનીયે ઉપરની રકમનાં પુસ્તકો અહીંથી ખરીદાયાં છે! (આ માહિતી બાદ મારી જીભ ઝલાઈ ગઈ.)

કવિ કુવેમ્પુની જન્મશતાબ્દી નિમિત્તે ૨૦૦૪માં એક ભવ્ય, પરંતુ સાદાઈથી ઓપતું ઑપન ઍર થિયેટર 'હેમાંગણ' તૈયાર થયું. અહીં કાર્યક્રમોની પ્રસ્તુતિ તથા એની સાથે સંકળાયેલી અન્ય પ્રવૃત્તિઓ માટે પૂરી સવલતો છે. એક વાચનાલય અને તસવીર-ગૅલરી તથા કુવેમ્પુની નવલકથામાં આલેખાયેલાં કેટલાંક પાત્રોનાં શિલ્પો પણ અહીં પ્રાંગણમાં ધ્યાન ખેંચે છે. કર્ણાટક સરકારના વનવિભાગ દ્વારા ૩,૬૦૦ એકરમાં વિસ્તરેલો, કુપ્પાલી ગામની આસપાસનો પ્રદેશ 'કુવેમ્પુ બાયૉસ્ફિયર રિઝર્વ' તરીકે જાહેર કરવામાં આવ્યો છે. અહીં વન્યસૃષ્ટિનું અપાર વૈવિધ્ય સચવાયું છે, ભાગ્યે જ મળતાં અસામાન્ય વૃક્ષો, પક્ષીઓ અને વનસ્પતિવાળા આ વિશાળ ખંડને કવિના નામ સાથે સાંકળીને કર્ણાટકે સમગ્ર દેશ સામે સારસ્વત-સ્મરણનું અપૂર્વ દૃષ્ટાંત રજૂ કર્યું છે. જનસમુદાય અને સરકાર, સંસ્થાઓ અને વહીવટીતંત્ર કવિની સ્મૃતિમાં કાર્યરત પ્રતિષ્ઠાનની સાથે રહીને આ રીતે એક સર્જક પરત્વે પોતાનો સ્નેહાદર પ્રગટ કરે એ હકીકત સ્વયં ભાવુક બનાવી મૂકે તેવી છે. કવિના નામોચ્ચારમાત્રથી માથું નમાવનારાં કે ગદ્‌ગદિત થનારાં આ પ્રદેશમાં અવશ્ય મળવાનાં, અને એ શિક્ષિત હોય કે ઉપલા થરનાં હોય એવું બિલકુલ જરૂરી નહીં. એક અણધારી ઘટના હૃદયમાં કોતરાઈ ગઈ. કવિ સમાધિથી નીચેની તરફ આવી રહ્યા હતા. સૂર્યાસ્ત થવા છતાં છૂટાંછવાયાં પ્રવાસીઓ હજી આવી રહેલા દેખાયા. એમાં ત્રણેક ગ્રામીણ મહિલાઓ હતી, એકાદ બે કિશોરો પણ હતા. મને જોઈને આ જૂથની એક પ્રૌઢા અકથ્ય ઉમળકાથી મને ભેટી પડી, સ્નેહપૂર્વક મારે ગાલે હાથ ફેરવી લીધો અને મારો હાથ પોતાના હોઠે અડાડ્યો. આ ભાવપ્રદર્શનથી અવાક્ અને ચકિત હું થંભી ગઈ. એ મા પેલા કિશોરને કશુંક કહેતી રહી, અને પેલો ઝટપટ વાંકો વળ્યો પણ પાસે - એટલું જ નહીં, એણે મારે ખભે હાથ લપેટી સાથે આવેલા કોઈક જુવાનિયાને મોબાઇલમાં તસવીર ખેંચવાયે કહ્યું, સઘળું એટલું તો ત્વરિત અને નાટ્યાત્મક હતું કે એની સમાપ્તિ પછી હું કેવળ પ્રશ્નાર્થચિહ્ન બનીને કુવેમ્પુ પ્રતિષ્ઠાનના મંત્રીશ્રી પ્રકાશને જોઈ રહી.

'ઇટ ઇઝ યોર ફોટોગ્રાફ ઇન ધ કન્નડા ન્યૂઝપેપર, ધે કનેક્ટ યૂ વિથ ધ પોએટ કુવેમ્પુ...'

સમજાયું. આ સ્નેહસન્માન કવિ માટે હતું, મારી ઓળખ તો આટલી હતી, કે કવિ નામ સાથે આ નામ સંકળાયું હતું. પેલા ભાવભર્યા જૂથ માટે બીજી કશી વિગત-માહિતીની જરૂર જ ક્યાં? એક સર્જકની પોતાના પ્રદેશ અને પ્રજા માટેની પ્રતિબદ્ધતા અને વૈચારિક સંપત્તિનું આવું બહુમાન મારે માટે એક અદ્‌ભુત ઘટના હતી, અવિસ્મરણીય પણ. કવિની સ્મૃતિમાં આ પ્રદેશે જે કંઈ કર્યું છે એ બધુંયે ભક્તિભરી, અનુરાગભરી માવજતથી રળિયાત, ઉષ્મા સર્વત્ર અને આદર અખૂટ, જ્યાં જ્યાં કવિનું નામ જોડાયું છે ત્યાં ત્યાં.

ભોંઠપ નથી અનુભવી એવું ખોટું નથી બોલવું. છતાં મારા દેશના એક પ્રાંતમાં એ ભાષાના સર્જક લોકહૃદયમાં રત્નજડિત બાજઠે આજેય બિરાજમાન છે એ નક્કર હકીકતથી વિશુદ્ધ આનંદની અનુભૂતિ થઈ, એ કેવડી મોટી પ્રાપ્તિ! બંગાળે જેમ ટાગોર, એમ અહીં કર્ણાટકે કુવેમ્પુ. યુગકવિ, સાંસ્કૃતિક ચેતનાના ઉદ્‌ગાતા, જનહૃદય સમ્રાટ, જે કહો તે, પરંતુ સીમાડા ઓળંગીને વિસ્તરેલા એમનાં મોહક અને પ્રભાવક વ્યક્તિત્વની આભા

આપણા આજના સમયનું ઘણું ઘણું જીર્ણ અને નિરર્થક ખંખેરી શકે એવી પ્રદીપ્ત છે. જાતપાત અને ધર્મે સંપ્રદાયના બધા ભેદભાવો અને સંકુચિતતાને ઉલ્લંઘીને માત્ર માનવધર્મને વળગી રહેવાનો ઉદ્‌ઘોષ કરતા કુવેમ્પુ, અને આપણા કવિ ઉમાશંકર જોશીની પંક્તિઓ, 'વ્યક્તિ મટીને બનું વિશ્વમાનવી/માથે ધરું ધૂળ વસુંધરાની' સાથે જ યાદ આવે એવું હતું વાતાવરણ. જ્ઞાનપીઠ પુરસ્કાર સાથેની બેય કવિઓની એક સુંદર તસવીર પણ જોવા મળી.

* * *

પુરસ્કાર-સમારંભમાં પ્રધાનોની હાજરી તો હતી પણ પોલીસદળ નહીં, સરકારી વાહનોનો ધમધમાટ નહીં, ફૂલહાર નહીં, અને લળી લળીને થતી સલામો નહીં, એમની હાજરીનો અણસાર તો એમને મંચ પર લઈ જવામાં આવ્યા ત્યારે જ આવ્યો, કારણ કે અહીં એમને ક્યાં દીઠા હતા આપણે! દીપપ્રાગટ્ય વિનાયે કાર્યક્રમ ભારતીય ગરિમા ધરાવે, અને પ્રવક્તા વગર પણ આરંભથી અંત સુધીનું બધું એકસૂત્રે ગૂંથાઈ રહે, અને ચુસ્તી જળવાય એનો સરસ અનુભવ થયો. જેમને યાદ કરીને, જેમની વિચારધારાને યાદ કરીને, કાર્યક્રમનું આયોજન થયું છે એમના આદર્શોને અને સિદ્ધાંતોને વળગી રહેવાનો સૂક્ષ્મ વિવેક સ્પર્શી ગયો, એમાં જેટલું પ્રદાન કુવેમ્પુ પ્રતિષ્ઠાનનું, એટલું જ સરકાર અને વહીવટી તંત્રનું પણ, એ નોંધવું રહ્યું. કવિના શબ્દની ઉજવણી તથા એમનું સ્મૃતિ-સાહચર્ય એટલે આ અને આવાં, તૃપ્તિકર અને શાતાદાયી.

* * *

પુરસ્કાર-પ્રદાન પછી આપેલા પ્રતિભાવનો અંશ

ગઈકાલે આપણે માતૃભાષા દિવસની ઉજવણી કરી. આપણાં મૂળિયાં પાસે જવાનું કામ માતૃભાષા દ્વારા જ શક્ય છે અને આ મૂળ એટલે આપણી સમૃદ્ધ પરંપરા. રાષ્ટ્રકવિ કુવેમ્પુ પ્રતિષ્ઠાન અને શ્રી એમ. ચંદ્રશેખર પ્રતિષ્ઠાનના દ્રષ્ટાઓએ એમ પ્રતિપાદિત કરી દેખાડ્યું છે, કે સત્ય, સાહસ, કરુણા અને પ્રેમના શબ્દો શાશ્વત છે. એ જીવે છે પ્રજાની સ્મૃતિમાં.

હું કન્નડ ભાષા થકી મળેલા નિર્ભીક અને મુક્ત અવાજોને આજે આદરપૂર્વક યાદ કરું છું. જેમાં યુ. આર. અનંતમૂર્તિ, પી. લંકેશ, કલબુર્ગી અને ગિરીશ કર્નાડ જેવા અનેક સર્જકોનો અને વિદ્વાનોનો સમાવેશ થાય છે.

તો અહીં હું ગુજરાતથી આવી છું મારી ભાષા લઈને. કોઈ એક તબક્કે રેંટિયો અથવા ચરખો મારા પ્રદેશની ઓળખ બની રહ્યો હતો. કવિ કુવેમ્પુની પરિકલ્પના હતી આ વિશાળ દેશની વિવિધ ભાષાઓના ભાતીગળ અનુપમ વણાટની. મને આનંદ છે, કે કુવેમ્પુ પ્રતિષ્ઠાને આ કામ ક્ષમતાપૂર્વક હાથમાં લીધું છે. હું લાવી છું મારી ભાષાનો એક તાર આ ભવ્ય ગૂંથણીમાં ઉમેરવા, અને આ ઉમેરો કરવાનો પ્રસંગ સાંપડ્યો તે માટે પ્રતિષ્ઠાનનો આભાર માનું છું.

(બેંગાલુરુ, તા. ૨૨-૨-૨૫)

■

દેરિદાની વિઘટનશીલ ફિલસૂફી - ૨

સુમન શાહ

ક્યારેક મને એવું થાય છે કે હું બે જ વસ્તુઓને ચાહું છું - જીવન અને સાહિત્ય. ફિલસૂફી કે ભાષાવિજ્ઞાન હું વિધિસર નથી ભણ્યો. જ્યારે પણ એમાં ગયો છું ત્યારે સાહિત્યના સ્વાર્થે, છતાં, એ બન્નેનાં સત્યોનો દ્રોહ ન થાય એની પૂરેપૂરી કાળજી રાખીને. આ લેખમાળા પણ ફિલસૂફીવિષયક છે તેમ છતાં એના નિરૂપણનો હેતુ સાહિત્યિક છે એમ સ્વીકારવા વિનન્તી. હું હેતુ દર્શાવું:

સાહિત્ય એક કલાવિશેષ છે તેથી સાહિત્યકાર કલાકાર છે. સાહિત્ય એક સાંસ્કૃતિક આવિષ્કાર છે તેથી સાહિત્યકાર સંસ્કૃતિપુરુષ છે. સાહિત્યકાર ક્રાન્તદ્રષ્ટા છે તેથી ઋષિતુલ્ય છે. સાહિત્યકાર પ્રતિબદ્ધતાને વરેલો છે તેથી સમાજ અને રાષ્ટ્રનો હિતૈષી છે. સાહિત્યનો ખરો ભોક્તા સહૃદય છે તેથી વાચકો માટે આદર્શમૂર્તિ છે. સાહિત્યનો ફિલસૂફી ભાષાવિજ્ઞાન ધર્મ અધ્યાત્મ નીતિ-સદાચાર સમાજ અને રાજકારણ સાથેનો સમ્બન્ધ. કલાપ્રપંચ અને સત્તાપ્રપંચ. સાહિત્યમાં પૂર્વ અને પશ્ચિમ. સાહિત્ય અને અનુવાદો સમ્પાદનો પ્રકાશનો પત્રકારત્વ. સાહિત્ય અને કવિસમ્મેલનો પરિસંવાદો લોકાર્પણો પુસ્તક-મેળા સોશ્યલ મીડિયા. સાહિત્યનું પીએચ.ડી. પદવી સુધીનું અધ્યયન-અધ્યાપન. સાહિત્ય અને રુચિ. કૃતિ કર્તા અને ભાવકલક્ષી વિવેચનો. અધ્યાપકીય અને ઉન્નતભ્રૂ વિવેચનો. ભાવન આસ્વાદન અર્થઘટન અને મૂલ્યાંકન માટે વિશ્લેષણની રસલક્ષી પદ્ધતિ. સાહિત્યકારનું પુનર્વાચન અને પુનર્મૂલ્યાંકન.

વગેરે મુદ્દાઓ સંદર્ભે આપણે ત્યાં વિકસેલી માન્યતાઓ અને તેથી વિકસેલા વિચારવાતાવરણનો પરામર્શ વિઘટનની રીતે કરવો એટલે કે પ્રશ્નો કરવા, ગર્ભિત અર્થોને પ્રકાશિત કરવા, એ વાતાવરણ સરજનારાં પરિબળોને પ્રકાશિત કરવાં, અને પ્ર-ગતિ થઈ શકે તેવી નૂતન ભૂમિકાનું સર્જન કરવું, એ આ લેખમાળાનો મુખ્ય પણ અન્તિમ હેતુ છે. કેમકે એ હેતુ સુધી પ્હોંચવા જરૂરી છે કે પહેલાં તો મારે દેરિદાની વિઘટનશીલ ફિલસૂફીનો સવિશેષ પરિચય કરાવવો અને એ માટે એ સૃષ્ટિમાં જેટલે જવાય એટલે જવું.

હું અટકી અટકીને જઈ રહ્યો છું એટલે આ લેખમાળા સળંગસૂત્ર નહીં પણ શકલોમાં -fragmentsમાં- હશે. તેથી એમાં કિંચિત્ પુનરાવર્તન હશે. આ લેખમાળા શોધનિબન્ધ નથી. મેં શોખથી નહીં પણ મૂળનું મૂલ્ય સાચવવા અંગ્રેજી શબ્દો માટે ગુજરાતી અને

ગુજરાતી માટે અંગ્રેજી પર્યાયો આપ્યા છે, જોકે, કામચલાઉ છે. લેખમાળાનું સ્વરૂપ સુબોધક કલ્પ્યું છે તેથી, અલબત્ત સિદ્ધાન્તના ગૌરવને કૌંસમાં રાખીને, જરૂરી દાખલા સરળ સમજ ખાતર ઉપજાવ્યા છે એને સહ્ય ગણવા વિનન્તી.

બધા યહૂદી -Jews- પ્રાજ્ઞ હોય છે એમ ન કહેવાય પણ એમ જરૂર કહેવાય કે કેટલાક પ્રાજ્ઞ યહૂદી હોય છે.

દેરિદા ૧૯૩૦-માં અલ્જીરિયામાં અલ-બિયાર પરગણામાં યહૂદી પરિવારમાં જનમ્યા હતા. કેટલાક યહૂદી સમુદાયો સ્પેન અને પોર્ટુગાલ જઈ વસેલા. એ વસવાટનું નામ sephardic હતું. એનો નિર્દેશ બાઇબલમાં છે. sephardic jewish descent દેરિદાનું ગોત્ર છે. એ ગોત્રના બૌદ્ધિકોનું ફિલસૂફી યહૂદી-વિચાર સાહિત્ય અને સંસ્કૃતિવિષયક પ્રદાન ઉત્તમ મનાયું છે. દેરિદાના અલ્જીરિયાવાસી પૂર્વજો એ વારસાના સહભાગી હતા અને તે સંસ્કારો સ્વાભાવિકપણે દેરિદામાં ઊતર્યા હતા.

૧૬-મી સદીથી મધ્ય ૨૦-મીના સમયો દરમ્યાન ફ્રેન્ચોએ વિદેશોમાં colonies -સંસ્થાનો- ઊભાં કરીને હકૂમતો જમાવેલી. દેરિદાના શૈશવકાળનું અલ્જીરિયા ફ્રેન્ચ સંસ્થાન હતું. બીજું કે ત્યાં વસતા યહૂદીઓ ઍન્ટિ-સૅમિટિસિઝમનો ભોગ બનેલા. ધર્મ અને વંશીય ઓળખના મુદ્દે યહૂદીઓ સાથે દુર્નિવાર શત્રુવટ તેમજ ઘૃણા આભડછેટ અવમાનના શાબ્દિક/શારીરિક હુમલા તથા હિંસા સુધીના અત્યાચારનું નામ ઍન્ટિ-સૅમિટિસિઝમ છે. એનું અધમાધમ દૃષ્ટાન્ત બીજા વિશ્વયુદ્ધ દરમ્યાનનો holocaust -નરસંહાર- છે જેમાં આશરે ૬૦ લાખ યહૂદીઓનો પદ્ધતિપૂર્વક નાશ કરવામાં આવેલો.

અલ્જીરિયાના તત્કાલીન યહૂદી-વિરોધી કાયદા અનુસાર માત્ર ૭% યહૂદી બાળકોને ફ્રેન્ચ શાળામાં પ્રવેશ હતો. ઝા'ક (દેરિદા) ૧૨ વર્ષનો હતો અને ઉત્તમ વિદ્યાર્થી હતો તેમ છતાં શાળામાંથી એની હકાલપટ્ટી થયેલી. એને યહૂદીઓની સામાન્ય શાળામાં દાખલ કરાયેલો. ઘડતરકાળના એ અન્યાયને કારણે એના ચિત્તમાં ક્યારેક identityનો -ઓળખનો- કોયડો ઊપસ્યો હશે. શું કેન્દ્રમાં ને શું હાંસિયામાં તે સમજાઈ ગયું હશે. મનુષ્યોને કિનારે ધકેલી દેનારું હાંસિયાકરણ -marginalization, મનુષ્યોનો બહિષ્કાર -exclusion, સંસ્થાનવાદ -colonialism વગેરે પ્રશ્નો દેરિદાના દર્શનમાં પ્રમુખ સ્થાને છે એનું કારણ એમનું એ દમિત શૈશવ છે. એવો જન સંસ્થાપનાઓને પડકારે નહીં તો જ નવાઈ. દેરિદાની ગરવાઈ એ છે કે બધા પડકારો એમણે એક પ્રાજ્ઞ મનુષ્યને છાજે એવી તાત્ત્વિક ભૂમિકાએથી કર્યા.

પ્રારમ્ભિક મૂલ્ય ધરાવતી આ હકીકતોમાં મારે ઉમેરવું જોઈએ કે દેરિદા મુખ્યત્વે continental philosopher છે. analytical અને continental philosophy પશ્ચિમની અર્વાચીન ફિલસૂફીની બે પરમ્પરાઓ છે. બન્ને પરમ્પરાઓ એકબીજાને સ્પર્શે છે છતાં બન્નેનાં સ્વરૂપ કાર્ય અને પદ્ધતિમાં ફર્ક છે.

ફિલસૂફી analytical -વિશ્લેષણાત્મક- એ કારણે કે વિશદતા અને અસંદિગ્ધતા માટે એમાં સંકુલ વિભાવનાઓનું વિશ્લેષણ કરવામાં આવે છે. એથી ફિલસૂફીવિષયક

કોયડા સ્પષ્ટ થાય છે. ભાષા માનવચિત્ત જ્ઞાન વિજ્ઞાન આ ફિલસૂફોના ધ્યાનવિષયો છે. તેઓ મુખ્યત્વે અનુભવપરક -empirical- પદ્ધતિનો આશ્રય કરે છે. આ ફિલસૂફોમાં અનિવાર્યપણે લેવાતાં નામ છે, બર્ટ્રાન્ડ રસેલ, લુડવિગ વિટ્ગેન્સ્ટાઇન, કાર્લ પોપર, ડેવિડ લૂઇસ, રુડોલ્ફ કાર્નેપ.

ફિલસૂફી continental -ઉપખાણ્ડીય- એ કારણે કે એનાં મૂળ ઉપખાણ્ડ યુરપમાં છે. જર્મન આદર્શવાદ અને phenominology -પ્રતિભાસવિજ્ઞાન- તેમજ અસ્તિત્વવાદ સંરચનાવાદ અનુ-સંરચનાવાદ વિઘટનશીલ ફિલસૂફી અને તત્ત્વજ્ઞાનવિષયક વાદવિવાદોથી બોધદાયી નીવડેલાં આંદોલનોનો એમાં સમાવેશ થયેલો છે. વિવિધ સત્તાઓ ઐતિહાસિક સંદર્ભો માનવ-અસ્તિત્વ સંસ્કૃતિ સાહિત્યસમીક્ષા અને કાળક્રમે વિકસતા વિચારવિશેષોની તપાસ આ ફિલસૂફોના ધ્યાનવિષયો છે. એ માટે તેઓ વિવિધ પદ્ધતિઓનો વિનિયોગ કરીને લાભે છે. જેમકે, ફીનૉમિનોલૉજિની પદ્ધતિ એમને ચેતનાપરક આત્મલક્ષી અનુભવો તપાસી આપે. અસ્તિત્વવાદની પદ્ધતિ સત્ત્વ અસ્તિત્વ સ્વાતન્ત્ર્ય દાયિત્વ અસંગતતા તેમજ અર્થની અશક્યતાઓ દર્શાવે. સંરચનાવાદની પદ્ધતિ ભાષા અને સંસ્કૃતિ અન્તર્ગત સંરચનાઓનું સ્વરૂપ સ્પષ્ટ કરી આપે. અનુ-સંરચનાવાદની પદ્ધતિ સુસ્થાપિત સંરચનાઓ અને અર્થોનાં વિઘટન સૂચવે. આ ફિલસૂફોમાં અનિવાર્યપણે લેવાતાં નામ છે, માર્ટિન હાઈડેગર, ઝાં-પૉલ સાર્ત્ર, મિશેલ ફૂકો, અને ઝા'ક દેરિદા.

દેરિદાનું વિચારવિશ્વ મને સમજાયું છે તે રીતની થોડીક વાત કરું:

એ મને ભાષા સંજ્ઞાઓ સંરચનાઓ તન્ત્રો અને જ્ઞાનવિષયક વિવિધ માનવીય પુરુષાર્થોનાં સત્યો વિશે મુખ્યત્વે પ્રશ્નકારક -interrogative- લાગ્યું છે. અન્યથા હું એને મનુષ્યજીવનની અસંગતતાની -absurdityની- અનુકમ્પામય પર્યેષણા ગણું છું.

પશ્ચિમની ફિલસૂફી logocentric અથવા શબ્દ કે તર્કકેન્દ્રી છે એમ દેરિદા કહે છે તેના મૂળમાં અધ્યાત્મવિદ્યા -metaphysics- છે. અધ્યાત્મવિદ્યામાં માનવ-અનુભવો અને જીવનના અર્થની શોધ મુખ્ય હોવાથી એમાં પ્રમાતા -subject- એટલે કે ચિન્તનશીલ વ્યક્તિ અને તેની ઉપસ્થિતિ -presence- અનિવાર્ય છે. એ વ્યક્તિનો આત્મલક્ષી અનુભવ કોઈનીયે મધ્યસ્થી વિનાનો -unmediated- અને સદ્યોવેદી -immediate- હોય છે. દેરિદાએ અધ્યાત્મવિદ્યાની આ ઉપસ્થિતિ-વિભાવનાને પડકારી છે. એમનું કહેવું એમ છે કે પહેલેથી બધું ભાષાથી ચેપાયેલું -influenced- હોય છે તેથી, અને અનુભવ આત્મલક્ષી હોય છે તેથી, એને મધ્યસ્થી વિનાનો અને પ્રાંજલ અથવા શુદ્ધ ન ગણી શકાય.

અર્થવિષયક સંરચનાવાદી સિદ્ધાન્ત પણ શબ્દ કે તર્કકેન્દ્રી છે. દેરિદા કહે છે કે સંરચનાઓ અસ્થિર હોય છે કેમકે એમાં તફાવતોની લીલાનું -play of differnces નું- પ્રવર્તન હોય છે. તેઓ જણાવે છે કે સંરચનાત્વ -structurality- સંરચનાનું પ્રકૃતિપરક સત્ત્વ છે -essence of structure. એ એક માળખું -frame- છે જેમાં તત્ત્વો -elements- એકબીજાથી સમ્બન્ધિત હોય છે. સંરચનાવાદીઓએ સંરચનાને સ્થિર

અને અવિચળ કેન્દ્રનો દરજ્જો આપ્યો હતો. એ માન્યતાની ટીકા કરતાં દેરિદાએ જણાવ્યું કે ત્યારે તેઓ સંરચનાત્વના ગતિમન્ત અને પ્રવહમાણ સ્વરૂપની અવહેલના કરતા હોય છે જેને કારણે એ સ્વરૂપ ન્યૂન અને તટસ્થ -reduced and neutralized- રહી જાય છે.

હું દાખલો આપું: વર્ગમાં અધ્યાપકશ્રી બેઠા છે. ખરેખર તો તેઓ કેળવણીવિષયક સંરચનાના કેન્દ્રમાં બેઠા છે. એ સંરચનામાં અન્ય અધ્યાપકો વિદ્યાર્થીઓ અભ્યાસક્રમો વ્યાખ્યાનપદ્ધતિ તેમજ પરીક્ષા વગેરે તત્ત્વો -elements- જોડાયેલાં છે. એ તત્ત્વો એકબીજા સાથે ગતિમન્ત રહીને ભણવા-ભણાવવાની પ્રક્રિયામાં પોતાનો ફાળો આપે છે. પણ એઓશ્રી-કેન્દ્રી વર્ગમાં એ પ્રક્રિયાને ઘટાડી નાખીને એઓ બધું સીધુંસાદું કરી નાખે છે. એ કારણે વિદ્યાર્થી અને અધ્યાપક વચ્ચે પ્રશ્નોત્તર થાય એ 'interactive method of teaching' જેવા અધ્યાપનના અન્ય વિકલ્પો પણ ન્યૂન અને તટસ્થ રહી જાય છે.

સંરચનાવાદી સિદ્ધાન્તમાં 'દૃઢ મૂળ' -fixed origin- એક જાણીતો વિભાવ છે. એ ચૉક્કસ અર્થો આપનારો મૂળાધાર છે એમ સંરચનાવાદ માને છે. આ વિભાવને દેરિદા transcendental signified કહે છે -સંજ્ઞાતન્ત્રોની બહારનો અન્તિમ સંકેતાર્થ. સંરચનાવાદ એને કેન્દ્રસ્થ ગણે છે.

હું દાખલો આપું : આપણી તેમજ બીજી સંસ્કૃતિઓમાં 'સફળતા' એક transendentle signified છે -સફળતા જ અન્તિમ અર્થ. અપરિવર્તનીય અને સિદ્ધિ-સમૃદ્ધિના વિષયમાં સિદ્ધાન્તરૂપે પ્રજાજીવનમાં એ સંકેતાર્થ સ્થિર થયેલો છે. પરીક્ષામાં વેપારધંધામાં કે દામ્પત્યજીવનમાં સફળતા નિર્ણાયક માનદણ્ડ છે. કેટલીયે વ્યક્તિઓ સફળતાને ઘોડે ચડીને જિન્દગી જીવતી હોય છે. સફળ નહીં તે જિન્દગી હાર્યો એ હદે એ ખયાલ વિસ્તર્યો છે. બીજા પરિપ્રેક્ષ્યો ધ્યાનમાં આવે નહીં કે સફળતાવિષયક સમજનું નવઘડતર થાય એવા રસ્તા સૂઝે નહીં ત્યારે આ સંકેતાર્થ neutral anchor -તટસ્થ સંચાલક- ભાસે છે. ચૉતરે બેસેલાઓ કારકિર્દીની ચર્ચા ચલાવતા હોય ત્યારે ચર્ચાના કેન્દ્રમાં સફળતા હોય છે અને વાતો ક્રમે ક્રમે ન્યૂન થઈ જતી હોય છે. એમાં વિવિધ દૃષ્ટિબિન્દુઓ નથી હોતાં અને જીવનસિદ્ધિવિષયક અન્ય વિચારોનાં તો બારણાં જ બંધ હોય છે. દેરિદાએ આ 'દૃઢ મૂળ' વિભાવને ધરાર નકાર્યો છે.

આ લેખમાળાના સંદર્ભમાં સંકેતવિજ્ઞાન અને વિઘટન-વિચાર અનુસાર ભાષાની સર્વસામાન્ય વિભાવના શું છે એ સમજવું મને અનિવાર્ય લાગ્યું છે. કહી શકાય કે --

શબ્દની પ્રકૃતિ સમ્બન્ધપરક છે -relational. એક શબ્દ અન્ય શબ્દોથી અલગ રહીને પોતાનો અર્થ નથી આપી શકતો. હું 'ટેબલ' બોલું એથી સ્પષ્ટ નથી થતું કે કયું ટેબલ અને 'ટેબલ' સાથે 'મારું' જોડીને 'મારું ટેબલ' બોલું તો અર્થમાં વૃદ્ધિ થાય છે ખરી પણ વિશ્વનાં બાકી ટેબલનો બોધ તો અવ્યક્ત જ રહે છે. કોઈપણ શબ્દ બીજા શબ્દો સાથે જોડાય ત્યારે જ અર્થ આપી શકે છે અન્યથા એ એક absence -ખાલી અવકાશ- હોય છે. શબ્દો કે સંજ્ઞાઓ દ્વિદલ છે - સંકેતક અને સંકેતાર્થ. 'સંકેતક' દલ

એક ધ્વનિ છે અને વસ્તુને રજૂ કરનારી વિભાવના માટેનું દલ 'સંકેતાર્થ' છે. દેરિદા ભાષાને તફાવતપરક -differential- કહે છે. ઉમેરે છે કે ભાષામાં તફાવતોની લીલા હોય છે, જેમકે, catનો અર્થ rat કે bat સાથેના તફાવતને કારણે મળતો હોય છે. એ લીલા વડે સરજાય છે અર્થો અને અર્થઘટનોની એક અન્તહીન web -જાળ- જેમાં deferrals -વિલમ્બનો- પણ હોય છે.

દેરિદા એટલે સુધી કહે છે કે વિલમ્બનોની એક ચેઇન બનતી હોય છે. એને pass the meaning-ની રમત પણ કહી શકાય. (ખોખો જેવી?). એ ચેઇનમાંથી કોઈ અર્થને અંકિત કરીએ એટલે તરત આપણે એ શબ્દના વિરુદ્ધાર્થમાં પાછા જવાના. 'પ્રકાશ'-ને સમજવા માગીએ એટલે ચિત્તમાં એની વિરુદ્ધનો 'અન્ધકાર' આવે. એ જાતનું redoubling back સંભવતું હોય છે. તદુપરાન્ત ભાષામાં વાણી-લેખન કેન્દ્ર-હાંસિયો નર-નારી મિલન-વિરહ જીવન-મૃત્યુ જેવાં વિરોધી દ્વૈતની -binary oppositionsની- ચાલના હોય છે. પુરવાર તો એ જ થાય છે કે અર્થો નક્કી નથી બલકે ભાષાની આવી બધી સંકુલ લીલાનું ફળ છે.

દેરિદાની différance વિભાવના એમની ફિલસૂફીમાં કેન્દ્રસ્થાને છે. ફ્રેન્ચ ભાષા અનુસાર આ વિભાવના difference અને deferral એવી બે સમજને એક સાથે રજૂ કરે છે. એક સમજ, તફાવત; બીજી, વિલમ્બન. તાત્પર્ય એ કે સંજ્ઞાના અર્થનો અન્ય અર્થ સાથે તફાવત તો હોય જ છે પણ અર્થ મળવામાં વિલમ્બ પણ થતો હોય છે. તફાવતપરક cat rat bat જેવો આ દાખલો જુઓ : 'ગુલાબ'-નો અર્થ 'મોગરો'-ના અર્થથી જુદો છે. મને ગુલાબનો અર્થ જે ગુલાબ નથી એથી મળે છે. વળી, ગુલાબથી જે સમજવાનું છે એ જે તે સંદર્ભોને અધીન હોય છે. ગુલાબદાસ કે ગુલાબબા -દરેકનો સંદર્ભ અલગ છે. તેથી અર્થ ત્વરિત નહીં પણ વિલમ્બિત રહે છે.

દેરિદાના વિઘટનવિચારમાં એક વિભાવના છે, ચિહ્ન અથવા નિશાન -trace. જે હાજર નથી તેની ગેરહાજરીનું નિશાન. શબ્દ પોતામાં અન્ય શબ્દાર્થોનાં નિશાન લઈને બેઠો હોય છે. દાખલા તરીકે, દાસ અર્થનો 'ગુલાબ' પોતા સાથે 'બા'-નાં નિશાન ધરાવે છે. 'લોકશાહી'-માં 'શાહી' 'રાજાશાહી'-નું નિશાન છે.

મને પ્રશ્ન થયો કે વિઘટન કરીશું એટલે શું કરીશું. દેરિદા-શૈલીએ વાચન કરીશું. એટલે કે તન્ત્રો અન્તર્ગત સંરચનાઓના સંરચનાત્વને પ્રમાણીશું. અર્થનો સ્વઅર્થે નિર્ણય કરી નાખનારા સત્તાપ્રપંચોને ઉઘાડા પાડીશું. ટૅક્સ્ટમાં કાર્યરત અન્તિમ સંકેતાર્થો સંદિગ્ધતાઓ પૂર્વધારણાઓ અને વિલમ્બનોની ભાળ મેળવીશું. વિરોધી દ્વૈતનાં પદોનો સ્થાનફેર કરીશું, જેમકે, વિચારના કેન્દ્રસ્થાને 'જીવન' હોય પણ એ સ્થાને 'મરણ' મૂકીને વિચારીશું. 'મિલન-વિરહ' હોય પણ 'વિરહ-મિલન' એમ પદોને પલટાવીને પણ વિચારી જોઈશું. છેવટે, એ દરેક પ્રાપ્તિનાં કાર્ય અને પ્રભાવ વિશે પ્રશ્નો કરીશું. નવેસર ખરું વાંચતા તો જ આવડે અને તે પછી જ બધી ગતાગમ પડે. **(ક્રમશઃ)**

■

હેમંત ધોરડા – ગઝલકાર અરૂઢ પણ...

ધ્વનિલ પારેખ

ગુજરાતી ગઝલ ક્ષેત્રે હેમંત ધોરડાનું નામ યાદ કરીએ તો પહેલું શું યાદ આવે? એમની ઓળખ સમાન એમનો એક જાણીતો શે'ર યાદ કરીએ –

'નોટમાં વાળે છે સિક્કામાં ચલાવે છે મને,
યાદ આવું છું તો સસ્તામાં વટાવે છે મને.'

હેમંત ધોરડાને યાદ કરીએ તો બીજું શું યાદ આવે? 'તાણાવાણા' ભાગ-૧, ૨ એમના વિવેચનસંગ્રહો છે. આ સંગ્રહોમાંથી જે મિત્રો પસાર થયા હશે એમને ખ્યાલ આવ્યો હશે કે, હેમંત ધોરડાની ગઝલપ્રકાર વિશેની જાણકારી, ગઝલના કડક વિવેચક હેમંત ધોરડા રહ્યા છે. એમના પૂર્વસૂરિઓ આદિલ મન્સૂરી, ચિનુ મોદી, રાજેન્દ્ર શુકલ, ખલીલ ધનતેજવી અને છેક સ્નેહી પરમાર સુધીના ગઝલકારોની ગઝલોની એમણે જે રીતે ચિકિત્સા કરી છે, એમાંથી ખ્યાલ આવે છે કે બહુ આકરી ટીકાઓ એમણે આ ગઝલકારોની કરી છે. આ ગઝલની વિવેચનામાંથી ગઝલને મૂલવવાની એક આખી પ્રક્રિયાનો પણ ખ્યાલ આવે છે. હેમંત ધોરડાની ગઝલો વિશે વાત કરતાં પહેલાં આ બે બાબતો તરત યાદ આવે.

ત્રણ ગઝલ સંગ્રહો એમની પાસેથી પ્રાપ્ત થાય છે. 'અણસાર' ૧૯૮૮-૪૦ ગઝલો, 'અણસાર કેવળ'–૨૦૦૦ – ૬૦ ગઝલો અને 'માત્ર ઝાંખી'–૨૦૧૩ – ૭૪ ગઝલો. આમ, કુલ ૧૭૪ ગઝલોને કેન્દ્રમાં રાખીને મારી વાત કરવાની થાય છે. આ સંગ્રહો પછી સામયિકોમાં એમની જે ગઝલો પ્રગટ થતી રહી છે, એને અહીં ધ્યાનમાં નથી લીધી. હેમંત ધોરડાએ ગઝલનું જે બંધારણ અપનાવ્યું હોય એ બંધારણ પણ ગઝલના અંતે એ મૂકે છે. ઘણું જટિલ છંદબંધારણ એમણે અપનાવ્યું છે. ગઝલના છંદોમાં છૂટછાટના નિયમો હોવાને કારણે ક્યારેક અપ્રચલિત છંદને ઓળખવો અઘરો બને છે. આ પ્રકારની સ્પષ્ટતા કરવાને કારણે હેમંત ધોરડાની ગઝલના છંદબંધારણનો ખ્યાલ આવે છે.

ત્રણે સંગ્રહોમાંથી એક એક શે'ર જોઈએ, જે મને સ્પર્શી ગયા છે –

'બારીમાં બંધ કાચ ઉપર ભેજ થઈ જઈશ,
ભૂંસીને આંગળીથી મને શબ્દ પાડશો.' (અણસાર, પા. ૨૨)

'બિલકુલ સ્પષ્ટ ઉજાસ છે એનો,
રાતે એ બહુ અઘરું બોલે.' (અણસાર કેવળ, પા. ૩૭)

અહીં 'સ્પષ્ટ' અને 'અઘરું' વિરોધાભાસ પકડાય તો, શે'રની મજા એમાં છે.

'ક્યારે પડશે કે સુક્કો ઘસરકો,
ભીના ચકમક જેવા વીતે છે દિવસો' (માત્ર ઝાંખી, પા. ૫૬)

ત્રણે સંગ્રહોમાંથી પસાર થયા બાદ એમની ગઝલોમાં કેટલાક વિષય અને ભાવ કેન્દ્રસ્થાનમાં જોવા મળે છે. પ્રણય, વિષાદ, તિમિરને કેન્દ્રમાં રાખીને ઘણી બધી ગઝલો એમની પાસેથી મળે છે. આ ત્રણે વિષયની પુરાણશીલ-સળંગ-ગઝલો પણ એમની પાસેથી મળે છે. પ્રણયને કેન્દ્રમાં રાખીને ઘણા શે'રો અને સળંગ ગઝલો પ્રાપ્ત થાય છે. ત્રણે સંગ્રહના એક એક શે'ર અને પૃષ્ઠક્રમાંક પણ અહીં નોંધું છું. ૭, ૮, ૯, ૧૩, ૩૧, ૩૮ (અણસાર), ૩, ૪, ૫, ૬, ૩૨, ૩૪, ૫૪, ૫૮ (અણસાર કેવળ), ૨, ૫, ૧૯, ૨૧, ૨૨, ૩૦, ૩૧, ૬૮, ૭૩ (માત્ર ઝાંખી) – પ્રણયને કેન્દ્રમાં રાખતી ગઝલો છે. આ પ્રકારના ત્રણ શે'ર જોઈએ –

'અધર પર આવીને અટક્યું એ નામમાં હું નથી,
અધર કરડતાં જે ઊપસી છે એ રતાશમાં છું (અણસાર)

'એની મરજી હો તો સહીએ પાન પરથી ઓસ જેમ,
સરતાં સરતાં ને જોવા પળ બે પળ રોકાઈ' (અણસાર કેવળ)

'કદી હોઠ પર રમાડજો કદી આંખમાંય લાવજો,
હવે સ્પર્શનું સ્મરણ છું હું મને સાચવીને રાખજો.' (માત્ર ઝાંખી)

પ્રણયવિષયક અભિવ્યક્તિમાં સામેના પ્રિય પાત્રને ઉદ્દેશને 'હું આમ છું ને તું તેમ છે', 'હું આમ કરું છું ને તું તેમ કરે છે' - એવી જાણીતી પ્રયુક્તિઓનો વિનિયોગ પણ જોવા મળે છે –

'ન મને તું કોઈ સવાલ કર ન તને હું કોઈ જવાબ દઉં,
મને મોગરા વિશે તું પૂછે તને હાથમાં હું ગુલાબ દઉં. (માત્ર ઝાંખી પા. ૭૩)

પ્રણયની જેમ તિમિર પણ કવિનો ગમતો વિષય છે. એને લગતી પુરાસસલ ગઝલો પણ મળે છે –

'ટેબલ તળે પડેલું રહ્યું આડું રાતભર,
પ્લાસ્ટિકનું પારદર્શી પિયાલું તિમિરભર્યું' (માત્ર ઝાંખી, પા. ૧૨)

- આ શે'ર આધુનિકતાનો અનુભવ કરાવે છે.

હેમંત ધોરડાની ગઝલોના મિસરા પણ નવીન અભિવ્યક્તિને કારણે સ્પર્શક્ષમ બને છે. આવા કેટલાક મિસરા –

'દોડ્યા કરે રે આંખોમાં ઊંટની ગતિઓ' (અણસાર, પા. ૧૧)

'ઝીણો ઉજાસ વણે સ્થિર ભાત ભીંત ઉપર' (અણસાર, પા. ૨૯)

'ભાર ભીંત પર ખીલીના પડછાયાનો વધતો' (માત્ર અણસાર, પા. ૪૪)

'મારું તિમિર સમેટું તો તલ બને તારા મુખ ઉપર' (માત્ર અણસાર, પા. ૫૨)

'ટેરવાં પર પાંખડીનો સ્પર્શ જાળવજો સદા' (માત્ર ઝાંખી, પા. ૩૦)

'કાટ ખાઈને હવા પણ કેવી કડવી થાય છે' (માત્ર ઝાંખી, પા. ૩૫)

વાતને બેવડાવીને અભિવ્યક્તિ કરવાની એમની શૈલી ત્રણે સંગ્રહમાં જોવા મળે છે.

'જાગે છે એક ખાસ ગઝલ મારા હાથમાં,
સંભળાવવા કહો ફરી સંભળાવવા કહો.' (અણસાર, પા. ૦૮)

'લંબાયા કરે થોરના કાંટા,
હમણાં અડી હમણાં અડી પાંપણ (માત્ર અણસાર, પા. ૪૦)

'તણખો બોલો તો બરફદેશમાં જીવી શકશો
પાછો બોલો ફરી પાછો ફરી પાછો બોલો. (માત્ર ઝાંખી, પા. ૦૬)

– આ પ્રકારની શૈલી એમની વિશેષતા પણ છે છતાં સતત આ પ્રકારની અભિવ્યક્તિને કારણે એ મર્યાદા પણ બની રહે છે.

વિષય અને અભિવ્યક્તિની રીતે હેમંત ધોરડાની ગઝલોની લાક્ષણિકતા જોયા પછી હવે ગઝલપ્રકારને આધારે એમની ગઝલોનું પૃથક્કરણ જોઈએ. આ ગઝલકારની મોટા ભાગની ગઝલોમાં રદીફ હમ કાફિયાનો વિનિયોગ થયો છે. પણ એમ કરવાને કારણે રદીફનું વૈવિધ્ય અહીં જોવા મળતું નથી.

'હું સ્થિર નદીથી પાછો વળી પણ શકું નહીં નહીં
ડૂબી શકું નહીં કે તરી પણ શકું નહીં નહીં' (માત્ર ઝાંખી, પા. ૪૦)

અપવાદ રૂપે આ એમની લાંબામાં લાંબી રદીફ છે ને અહીં પણ જોઈ શકાય છે, કે વાત બેવડાવીને રજૂ કરી છે. એકાક્ષરી કે દ્વિઅક્ષરી જાણીતી રદીફોને એમણે ખપમાં લીધી છે. મોટે ભાગે તો એમણે હમ રદીફ હમ કાફિયા દ્વારા જ અભિવ્યક્તિ સાધી છે. 'હું પણ બોલું તું પણ બોલ'. જેવી એકાદ જુદી રદીફ મળી આવે છે.

હમ રદીફ હમ કાફિયા દ્વારા અભિવ્યક્તિ થઈ છે, એમાં પણ કાફિયાની ચુસ્તી જળવાતી નથી. મોટા ભાગની ગઝલોમાં મુક્ત કાફિયા જોવા મળે છે –

'રેતીમાં દટાવાનું ગળા લગ,
બપ્પોર તમારી તમે શિર પર' (અણસાર કેવળ, પા. ૪૦)

આ કોઈ મોટી મર્યાદા નથી પણ મોટા ભાગની ગઝલો આ પ્રકારની હોવાને કારણે નોંધવું પડે છે.

'માત્ર ઝાંખી' સંગ્રહના અંતે એમણે ત્રણે ગઝલસંગ્રહમાં જે છંદોનો ઉપયોગ કર્યો છે એની ગઝલ પ્રમાણે નોંધ આપી છે. એમાંથી કેટલાક છંદોનો ઉપયોગ ગુજરાતી ગઝલ ક્ષેત્રે ભાગ્યે જ થાય છે. ગઝલના છંદમાં લઘુ-ગુરુની છૂટને કારણે ગઝલકારે ન જણાવ્યું હોય તો છંદ પકડવો મુશ્કેલ બને છે. એટલે એમણે જે છંદો વિશે સ્પષ્ટતા કરી છે, એ જરૂરી હતી. ઘણા જટિલ છંદબંધારણમાં એમણે ગઝલો આપી છે. પૂર્વે રતિલાલ 'અનિલ' કે હમણાંના વિવેક ટેલર સિવાય ભાગ્યે જ આ છંદોનો ઉપયોગ જોવા મળે છે. બે-ત્રણ બંધારણ જોઈએ –

'ગાલગાગા (લલગાગઈ, લગાલગા ગાગા (લલગ)

જ્યાં ગુરુને સ્થાને બે સ્વતંત્ર લઘુ પણ આવી શકે, એવા અન્ય બંધારણોમાં પણ ગઝલો જોવા મળે છે –

'ગાલગાગા ગાલગાલ ગાલલગા ગા.'

જટિલ છંદ બંધારણને સાચવવાને કારણે ક્યારેક ગઝલની ભાષા પણ જટિલ બને છે, સહજ રહેતી નથી. જેમ કે,

'લગાલગા લગાલગા લગાલગા લગાલગા' બંધારણમાં લખાયેલો એક શે'ર જુઓ –

'વિખેરવેર હું ફૂટેલી આરસીમાં તેમ આમ
બિલોરી આંખોમાં મને ફરીથી ક્યારે જોઉં હું' (અણસાર કેવળ, પા. ૨૩)

અહીં 'વેરવિખેર' ને બદલે 'વિખેરવેર' અને 'આમતેમ'ને બદલે 'તેમ આમ' જોવા મળે છે. આ જ ગઝલમાં એક જગ્યાએ 'છલો છલો છલક' શબ્દપ્રયોગ છે. એટલે, ભાષા અહીં સહજ કે બોલચાલના કાકુ વાળી રહેતી નથી. વળી, જે શબ્દો પ્રચલિત છે એને ઘણી વાર એ તોડે છે અને એને કારણે પણ ભાષાની પ્રવાહિતા કે સહજતાનો અનુભવ થતો નથી.

'ચુપ બહુ ચાપ' (અણસાર કેવળ, પા. ૦૧), 'અલપ એ મને સ્મરે ઝલપ' (અણસાર કેવળ, પા. ૦૩), 'આસથી પાસમાં' (અણસાર કેવળ, પા. ૧૧), 'વેર છું હું વિખેર' (અણસાર કેવળ, પા. ૫૯), 'આછું ને પાતળું' (અણસાર કેવળ, પા. ૬૦), 'પૂછ્યું કે ન ગાછ્યું' (માત્ર ઝાંખી, પા. ૩૭), 'વાત પણ ને ચીત પણ' (માત્ર ઝાંખી, પા. ૩૯)

'ધૂંધવાતા ધૂમ્રસેરોમાં' (માત્ર ઝાંખી, પા. ૧૭), 'અંધારે રાતભર' (માત્ર ઝાંખી, પા. ૨૬), 'તપતા તાપમાં' (અણસાર કેવળ, પા. ૨૧), 'પગનો પગરવ' (અણસાર કેવળ પા. ૩૪) વગેરે શબ્દપ્રયોગો પણ ખટકે છે. 'તમે બધુંઅ ગગનથી ઝળૂંબનો લખજો' (માત્ર ઝાંખી પા. ૨૬), મિસરા પણ વર્ણસગાઈથી વધુ કશું સિદ્ધ કરતો નથી. અહીં પણ 'બધું ઝળૂંબ' શબ્દને તોડવામાં આવ્યો છે.

'ઉઘાડ મથ્થાં' (માત્ર ઝાંખી, પા. ૦૪), 'મનમિચોલી' (માત્ર ઝાંખી, પા. ૦૫), 'મૌનવટુ' (માત્ર ઝાંખી, પા. ૨૦), 'કિરણરંગ' (અણસાર કેવળ, પા. ૦૭), 'જળશિલ્પ'

(માત્ર ઝાંખી, પા. ૩૭) વગેરે નવા શબ્દો કે કાફિયા ભાષાની રીતે એમના જમાપક્ષે છે. હવે આ એક શે'ર જુઓ –

'તમે હા કહો તો હા તમે ના કહો તો ના
બતાવો તમે ખોબામાં દરિયા તો હા દરિયા.' (માત્ર ઝાંખી, પા. ૫૧)

– અહીં ભાષાની પ્રવાહિતા, સહજતા છે એ બહુ ઓછા સ્થાને જોવા મળે છે. ગઝલ પાસે અપેક્ષિત સંઘ પ્રત્યાયત ક્ષમતાનો ગુણ પણ અહીં ઓછો જોવા મળે છે.

'કાપામાં અક્ષર સમું કંઈ થયું ઉપર,
માટીમાં પગલાંની ઊપસતી લિપિ' (અણસાર કેવળ, પા. ૩૩)

આ શે'રનું બંધારણ 'ગાલલગા ગાલલગા ગાલગા' ગઝલકારે આપ્યું છે. અહીં બીજા મિસરામાં 'લિપિ' એ લઘુ એકસાથે ઉચ્ચારાતો હોવાથી ગુરુ થાય પણ 'લિ'ને લઘુ ગણ્યો છે. અને 'પિ' – અંતિમ અક્ષર હોવાથી એને ગુરુ ગણ્યો છે. પણ અંતિમ અક્ષર સ્વતંત્ર લઘુ હોય તો એ ગુરુ બને છે. અહીં 'પિ' સ્વતંત્ર લઘુ નથી. એટલે, મારી દૃષ્ટિએ અહીં છંદદોષ છે. આવા એકાદ છંદદોષને બાદ કરતાં જટિલ બંધારણમાં છંદસફાઈ પણ ગઝલકારના પક્ષે છે.

'અણસાર', 'અણસાર કેવળ', 'માત્ર ઝાંખી' – સંગ્રહનાં શીર્ષકો પણ સૂચિત છે. કશાનો સ્પષ્ટ ખ્યાલ નહીં પણ માત્ર અણસાર આપવાનો જ ગઝલકારનો ઉદ્દેશ હોય એમ લાગે છે. મોટા ભાગે પાંચ શે'રની ગઝલનું રૂપ સ્વીકારનારા હેમંત ધોરડા મુશાયરામાં સદ્ય પ્રત્યાયનક્ષમતાને આધારે દાદ ઉઘરાવનારા ગઝલકાર નથી. એમની અભિવ્યક્તિને સ્થિર ચિત્તે એકથી વધુ વખત પસાર થવાથી તીવ્રતાનો અનુભવ કરાવે એવી છે. એ રીતે એ આપણા અરૂઢ ગઝલકાર છે.

■

સાચું કહું તો નથી આ બધું હું વેપારીઓના લાભાર્થે કરતો કે નથી કરતો કેવળ મારી 'વીસમી સદી' માટે. હું તો બસ એક જ ખેવના રાખું છું તે એ કે મારા ગુજરાતમાં કોઈ બર્નાર્ડ શૉ પાકે, કોઈ જી. કે. ચેસ્ટર્ટન પાકે, કોઈ એચ. જી. વેલ્સ પાકે. બસ, મારો લેખક મૂંઝાય નહીં, દુભાય નહીં, વિકસે, ખીલે, એને પણ થાય કે એની કલમની કદર છે. પરખ છે કોઈને. હું હજાર લેખકને સાચવું એમાંથી પાંચ જણ એ બરના પાકે તોય ધન્ય થઈ જવાય.

('હાજી મહમ્મદ' શબ્દનાં સગા પૃ. ૩૩૭,
લે. : રજનીકુમાર પંડ્યા)

ગુજરાતી લલિત / દલિત કવિતામાં કલ્પન, પ્રતીકાદિ તત્ત્વોના વિનિયોગ વિશે તુલનામૂલક થોડી વિચારણા

વિનોદ ગાંધી

ગુજરાતી લલિત, દલિત ધારાની કવિતામાં કલ્પન, પ્રતીક, પુરાકલ્પન જેવાં કાવ્યતત્ત્વોની શોધ કરવાનો શ્રમ કરવાનું મને ગમ્યું છે. આ બધાં તત્ત્વો સ્થળકાળ સંદર્ભે બદલાતાં રહે છે, તેમ કાવ્યસાહિત્યમાં આવતા વિષયો સંદર્ભે પણ બદલાતાં રહે છે. કહેવાનો મતલબ એ છે કે બ્લૅક લિટરેચરમાં વપરાતાં કાવ્યતત્ત્વો સીધા શિષ્ટ સાહિત્યમાં વપરાતાં તત્ત્વોથી જુદાં હોવાનાં; એમ દેશફેર પણ આ તત્ત્વો બદલાતાં જ રહેવાનાં. જેમ ભારતીય પારંપરિક સંસ્કૃતિમાં દીકરીને ગાય સાથે સરખાવી છે તે રીતે અમેરિકન સંસ્કૃતિમાં નથી સરખાવાતી. આ રીતે એક જ સ્થળે રહેતા બે ભિન્ન સમાજોના સાહિત્યમાં પણ કલાતત્ત્વો બદલાતાં રહેવાનાં. ધનિકો અને ગરીબોની જીવનરીતિમાં ભિન્નતા હોવાથી જેમ ધનિકોના વિષયને આલેખતાં કાવ્ય-સાહિત્યમાં જે કાવ્યતત્ત્વો આવે એ ગરીબોના વિષય સંદર્ભે લખાયેલા કાવ્યસાહિત્યમાં જુદા હોય. ઉદાહરણ તરીકે જોઈએ તો – 'માજાવેલાનું મૃત્યુ' (સુંદરમ્) વાર્તામાં 'સૂતરફેણી' કોને કહેવાય એ પેલા પૌત્રબાળકને સમજાવતા માજાવેલાને નાકે દમ આવી ગયેલો. એ સમજાવવા એણે ઉપયોગમાં લીધેલી ઉપમાઓ ગરીબને સૂઝે તેવી જ હતી. કારણ એ કે બાળકને એના અનુભવજગતમાં આવી હોય એ જ વસ્તુની ઉપમા દ્વારા જ સમજાવી શકાય. ગામને છેવાડે રહેતા દલિતોનું જીવન મૂળભૂત રીતે અતિપ્રાકૃત હોય છે. એ જીવન શિષ્ટ, સંસ્કૃત હોતું નથી અને એટલા માટે, દલિતો માટે શિષ્ટોનું જીવન અહોભાવથી જોવાનું બની રહેતું હોય છે. શિષ્ટોની જીવનરીતિ, જીવનસાધનો જુદાં હોવાથી, એ શિષ્ટ સમાજના સાહિત્યમાં વપરાતાં કાવ્યતત્ત્વો પણ જુદાં હોવાનાં. તો એ જ રીતે દલિતોના સાહિત્યમાં વપરાતાં આ કાવ્યતત્ત્વો દલિત જીવન અનુભવજગતમાં આવતાં સાધનોના સંદર્ભનાં જ હોવાનાં. દલિતોનાં વ્યાવસાયિક સાધનો જેવાં કે ઝાડૂ, પાવડો, કોદાળી, રાંપી, કરપી, કોસ, દાતરડું વગેરે શિષ્ટજીવનજનો વ્યાવસાયિક રીતે નહીંવત્ ઉપયોગમાં લે. આવાં સાધનોના ઉપયોગ કરવાવાળા વ્યાવસાયિક જનોને એ મજૂર લેખે બોલાવી પોતાનાં કામ કઢાવી લેતા હોય છે. આમ સ્વભાવે જ સાહ્યબી અને સાહેબી ભોગવવાની ટેવવાળા શિષ્ટજનોના લલિત જીવનમાં અને દલિતજનોના જીવનમાં, જીવનરીતિમાં ભેદ હોવાથી એમના દ્વારા લખાતાં 'સાહિત્યો'માં પણ વિષયગત અને રીતિગત ભેદ રહેવાનો.

સાહિત્યના સર્જનાત્મક વહેણની સાથે સાથે વિવેચનાત્મક વહેણ પણ ચાલતું જ હોય. આ વિવેચનાત્મક વહેણ સૈદ્ધાંતિક વાત કરતું હોય છે, તો કૃતિલક્ષી પ્રત્યક્ષ વિવેચનાત્મક વાત કરતું હોય છે; કહેવું હોય તો કહી શકાય કે સૈદ્ધાંતિક વિવેચને બાંધેલા માપદંડો દ્વારા મૂલ્યાંકન કરવાનું કામ કરતું હોય છે.

દલિત / દલિત કાવ્યસાહિત્યમાં કલ્પન, પુરાકલ્પન, પ્રતીક આદિ કાવ્યતત્ત્વો વિશે ચર્ચા કરવા જઈ રહ્યા છીએ ત્યારે આ કાવ્યતત્ત્વો શાં છે, તે સહેજ એક લસરકે જોઈ લઈએ. કલ્પનપ્રતિરૂપ – ઇમેજ એ મૂળે સાઇકોલૉજીની સંજ્ઞા છે, બાહ્ય જગતનો મન પર પ્રભાવ પડતાં જે પ્રતિમા, મૂર્તિ, છાપ, રૂપ, આકૃતિ માનસપટમાં ઊભી થાય છે તે કલ્પન. આ કલ્પન તાદૃશ્યતા, ચિત્રાત્મકતા, દૃશ્યાત્મકતા જેવા ગુણો ધરાવે છે. કલ્પન દ્વારા કવિ મનોગત રૂપને શબ્દોમાં મૂર્તિમંત કરવાનો પ્રયત્ન કરતો હોય છે. જુઓ –

'આજ અંધાર ખુશ્બોભર્યો લાગતો, / આજ સૌરભભરી રાત સારી, /
આજ આ શાલની મંજરી ઝરીઝરી / પમરતી પાથરી દે પથારી.'

અહીં ઇન્દ્રિયગ્રાહ્યતાનો ગુણ ઇન્દ્રિયવ્યત્યયની રીતે કવિતાને સંવેદ્ય બનાવે છે.

પ્રતીક, મૂળે ગ્રીસમાં વેપારમાં વપરાતા cymbola – એક સિક્કાનાં બે અડધિયાં – પરથી આવેલી સંજ્ઞા છે. વેપાર માટે કરેલા સોદાની શરતો યાદ રાખવા બે વેપારીઓ પોતાની પાસે એક એક અડધિયું રાખતા અને વેપારની વાસ્તવિક ક્ષણે આ બે અડધિયાં જોડાતાં તો વેપાર કરતા. આમ એકની અવેજીમાં બીજું મૂકી મૂળ એકનું અભિવ્યંજન કરવું તે પ્રતીકનું કામ. પ્રતીક પ્રસ્તુત અને અપ્રસ્તુતને કોઈ એક બિન્દુએ એકત્ર કરી અભૂતપૂર્વ અર્થ પ્રગટાવવાનું કામ કરે છે.

પુરાકલ્પન ઐતિહાસિક, પૌરાણિક પાત્રો-કથાનકો દ્વારા કવિતામાં આધુનિક સંદર્ભે અર્થ પ્રગટ કરે છે.

તો મૂળ વાત પર આવીએ તો –

'ગુજરાતી દલિત સાહિત્યનાં લેખાંજોખાં' પુસ્તકના સંપાદક ડૉ. નાથાલાલ ગોહિલે ગુજરાતી દલિત કવિતાનાં વિશેષો તારવવાનું કામ 'બિનદલિત' વિવેચક રાજેશ પંડ્યાને સોંપેલું. પોતાના લેખમાં રાજેશ પંડ્યાએ હરીશ મંગલમ્‌નું એક અવતરણ ટાંકેલું - 'માલ અમારો, કાટલાં તમારાં'. આ સૂત્રાત્મક લાગતા વિધાનનો અર્થ એ થાય કે દલિત સાહિત્યના વર્ણ્ય વિષયો દલિતોના જીવનમાંથી આવે છે, જે શિષ્ટ જીવનના વિષયો કરતાં તદ્દન ભિન્ન છે. હવે કાટલાં કહેતાં વિવેચન કે સમીક્ષાનાં જે સાધનો છે, માપદંડો છે એ તો પરંપરિત કાવ્યશાસ્ત્રનાં છે, જે મોટે ભાગે પ્રશિષ્ટ સાહિત્યને માપવામાં જ ખપમાં લાગે એવાં છે, જેનાથી દલિત સાહિત્યને તપાસવું / માપવું બરાબર નથી. હરીશ મંગલમે નોંધ્યું છે કે સ્થાપિત કાવ્યશાસ્ત્ર ક્યારેય ન્યાયોચિત સમતુલા જાળવી શક્યું નથી. દલિત કાવ્યના માલ(કન્ટેન્ટ)માં, વિષય, રીતિ વગેરેમાં લલિત સાહિત્ય જેવું 'સુષ્ઠુ સુષ્ઠુ' કશું નથી. દલિત સાહિત્યમાં તો અન્યાય સામે આક્રોશ, અપમાનો, અવહેલનાઓ, વિદ્રોહ, વિરોધ, પ્રતિરોધ વગેરે આવે છે. તેને લલિત સાહિત્યના પરંપરિત માનદંડોથી માપી શકાય

નહીં, જેમ દૂધ માપવા લૅક્ટોમિટર જોઈએ, ફૂટપટ્ટી નહીં.

કવિતા વેદનામાંથી જન્મે છે પણ લલિતોની વેદના પણ લલિત જ છે. પ્રેમમાં વિયોગ-વિરહની વેદના, પ્રેમના અંદરથી સુખાળવા લાગતા દુઃખની વેદના-પીડા. જ્યારે દલિતોની વેદના સુખાળવી પીડા નથી. એ પીડા કહેવાતી શિષ્ટ પ્રજાએ આપેલી અંદરબહારથી ચીરી નાંખતી પીડા છે. એ પીડા જીવવા કરતાં મરવું સારું એવી લાગણી જન્માવતી, એવો અનુભવ કરાવતી પીડા છે. એટલે દલિત કવિતામાં રેશમી કલ્પનો, સુંવાળાં પ્રતીકો, રોમૅન્ટિક પુરાકલ્પનો હોય એવી કલ્પના કરવી કે વિચારવું યોગ્ય નથી. દલિત કવિના હાથમાં કલમ આવી ત્યારે એના રોજબરોજના જીવનના ભરપૂર દુઃખદાયક અનુભવો અને એ અનુભવો સામેનો આક્રોશ ખુલ્લી રીતે વ્યક્ત કરવાનું આવ્યું. દલિત કવિતા સીધી પાટા પર જ ચાલવા લાગેલી, એને

'બીજને ઝરૂખડે ઊગી'તી ચંદ્રિકા / ઝાઝેરો ઘૂમટો તાણી...'

જેવી રોમૅન્ટિક ઉત્પ્રેક્ષા કેમ પાલવે?

'ચાંદો નીચોવી મેં તો વાટકા ભર્યા / એને મોગરાની કળીએ હલાવ્યા...'

કે પછી –

'ખોબો ભરીને અમે એટલું હસ્યા / કૂવો ભરીને અમે રોઈ પડ્યા... '

જેવાં વહાલકુડાં લાગે એવાં કલ્પનો એને કેમ પોષાય?

દલિત શકુન્તલાઓને દુષ્યન્તો સાથે પ્રેમ થાય તોયે પેલા દુષ્યન્તોને તો દલિત શકુંતલાઓનું જાતીય શોષણ કરવામાં જ રસ હોય. એટલે, આ શકુન્તલાઓ કાંટામાં ભરાયેલી ઓઢણીને કંટકમાંથી મુક્ત કરવાને બહાને પાછું વળીને દુષ્યન્તોને કેમ કરીને જુએ?

એટલે, કલ્પનો કે પ્રતીકો લલિત અને દલિત કવિતાઓમાં જુદાં જુદાં અને જુદી જુદી રીતે આવ્યાં છે એ અહીં વર્ણ્ય મુદ્દો છે. વળી દલિત કવિતામાં કલ્પનો આવ્યાં તેય દલિતકવિતા અને કવિ ઠરીને ઠામ થવા લાગ્યા ત્યારે ! બાકી તો દલિત કવિ અભિધાના સ્તરે

'ચમ'લ્યા, અલ્યા ફાટી જ્યુ'સ?'ની રીતે શોષકો – પીડકોને ધુત્કારે છે.

વચ્ચે એક વાત કરી લઉં કે –

પરંપરિત કાવ્યશાસ્ત્રે પુરાકલ્પન કે પ્રતીક આદિ વિશે સ્પષ્ટ રીતે કશી વિચારણા કરી નથી. પણ એનો અર્થ એ નથી થતો કે ગુજરાતી સાહિત્યના મધ્યકાલીન ગાળામાં કવિતામાં આ તત્ત્વો આવ્યાં નથી. આવ્યાં છે, જુઓ –

'ચિત્ત ચૈતન્ય વિલાસ તદ્રૂપ છે / બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે'

કે પછી

જૂનું તો થયું રે દેવળ જૂનું તો થયું, / મારો હંસલો નાનો ને દેવળ જૂનું તો થયું.'

અહીં નરસિંહ અને મીરાંમાં અનુક્રમે કલ્પન અને પ્રતીક-રૂપક વપરાયાં છે. ગંગા સતી એમ કહેતાં હોય કે –

'વીજળીને ચમકારે મોતીડાં પરોવો, પાનબાઈ'માં કે 'કાચનું મંદિર' (અખો), 'મનજી મુસાફર'(દયારામ)માં આ કલાતત્ત્વો આવ્યાં છે જ. પણ પાશ્ચાત્ય વિવેચનાના સંદર્ભે આપણે એને સંજ્ઞા આપીને જોતાં થયા છીએ.

પણ વાત એ છે કે આ સંજ્ઞાઓ ધરાવતાં કલાતત્ત્વો દલિત કવિતામાં તો સાવ નોખાં છે. કવિ અવિનાશ વ્યાસની નાયિકા પોતાના પ્રિયતમ પાસે

'ઓ ઘેલાજી રે! મારી હાટુ પાટણથી પટોળાં મોંઘાં લાવજો, /
રૂડા રે મોરલિયા ચિતરાવજો....'

એવું કહી શકે, પણ કવિ સુંદરમ્‌ની દલિત સ્ત્રી તો –

'શેઠાણી પહેરે રંગ ચૂંદડી રે રંગચૂંદડી રે / જ્યારે નીકળે એના પ્રાણ...' /
ભંગડી પહેરે રંગ ચૂંદડી રે રંગ ચૂંદડી રે / જ્યારે નીકળે છૈયાની જાન.'

અહીં વિષમતા તો જુઓ શેઠાણીના મૃત્યુ વખતે એના શબ પર ઓઢાડેલું ખાપણ, પેલી સ્ત્રી એ જ ખાપણ, પોતાના દીકરાના લગ્ન જેવા શુભ પ્રસંગે પહેરે છે. રાજેશ પંડ્યાએ નોંધ્યું છે તેમ યજુર્વેદના પુરુષસૂક્તમાં વિરાટ પુરુષની કલ્પના છે –

'વિરાટ પુરુષના મુખમાંથી બ્રાહ્મણો, બાહુમાંથી ક્ષત્રિયો, જાંઘમાંથી વૈશ્ય અને પગમાંથી શૂદ્રો ઉત્પન્ન થયા.'

આ સૂક્તના પ્રતિકારમાં 'પગ' પ્રતીક બનીને દલિત કવિતામાં આવે છે. પ્રવીણ ગઢવી, પુરુષોત્તમ જાદવ, રાજુ સોલંકી, યશવંત વાઘેલા 'પગ'ના પ્રતીકનો ઉપયોગ વ્યંગ્યાત્મક અને વ્યંગાત્મક રીતે કરે છે. એનો વેધક ઉપયોગ જાદવે કર્યો છે - 'સવર્ણોક્તિ'માં.

આ તો દિયોર હેંડવા માંડ્યા, પગનું કોંક કરો, /
આ તો દિયર દોડવા માંડ્યા, પગનું કોંક કરો, /
એટલે અ તો બાયણું કર્યું'તું આડું /
અન હોંકળે માર્યું'તું તાળું... (પણ)

આ તો દિયર વહેવા માંડ્યા, પગનું કોંક કરો. અહીં પગ શૂદ્ર – દલિતના પ્રતીક રૂપે આવે છે. પ્રવીણ ગઢવીની દલિત કવિતાઓમાં પુરાકલ્પનો ભારોભાર પડ્યા છે. ઇતિહાસબોધ કરાવતાં આ પ્રતીકો વિરલ છે. હરિશ મંગલમે નોંધ્યું છે કે દલિત કવિતામાં એકવિધતા સર્જાય છે ત્યારે દલિતોની વ્યથા ઇતિહાસનાં પુરાકલ્પનો દ્વારા પ્રગટ થાય છે. ડૉ. પથિક પરમાર પ્રવીણ ગઢવીનાં નોખાં-અનોખાં પુરાકલ્પનો વિશે લખે છે, 'ઐતિહાસિક વરવા કથાસંદર્ભો અને અધ્યાસો લઈને આવતી તેમની અછાંદસ દલિત કવિતાઓમાં જાગતિક ચેતના વૈશ્વિક સ્તરે વિસ્તરે છે. અભિવ્યક્તિનું નાવીન્ય ક્યારેક કલ્પન, પ્રતીકયુક્ત ભાષા પ્રયોજી અર્થઘનતા અને વ્યંજનાત્મકતા પ્રગટાવે છે.

હજી કોણે બાંધી રાખી છે પાળ / આપણા રક્તપ્રવાહો વચ્ચે....

શિષ્ટ કવિતાનો કૃષ્ણ પ્રેમનું પ્રતીક બનીને આવે છે જ્યારે દલિત કવિતામાં –

રે પૂર્વજન્મમાં વસુદેવ જેવા પિતા – દેવકી જેવી માતા /
મને મારી ભૂલ સમજાય છે. મેં જ પાડી હતી. વર્ણની /
ચંડાળ ચોકડી, પણ ત્યારે તો હું હતો બ્રાહ્મણ-ક્ષત્રિય /
મને ક્યાં સંભળાતા હતા કોત્યાની વહુના ચિત્કાર ? /
આ જન્મે એની કૂખમાંથી અવતર્યો છું એટલે / સાંભળું છું, મિલોના ચિત્કાર.

મધુકાન્ત 'કલ્પિત'નાં કાવ્યોમાંની ઇમેજ ઘણા વિવેચકોને ગમી છે.

અંધારે પીઠ ઘસી તડકો થયો છું, દોસ્ત ! /
હદપાર થતી સરિયામ પીડા / ફૂંક મારીને ઓલવી શકાય એવા સણકાઓ.

આ નમૂનાદાખલ કલ્પનો છે. એમનાં ગીતોમાં પણ અનોખાં કલ્પનો મળે છે. અઢળક કલ્પનો દલિત ભાવવેદના સંવેદના પીડાને વ્યક્ત કરે છે.

સપાટી નીચે ખદબદતો / અંધારભર્યો સ્વર્ણિમ કુંભ...

* * *

સ્પર્શ થતાં તો લોહીમાં છબ્બાક છાંયડી પડી જાય...

* * *

લોહી કિનારા તોડીફોડી /
આંગળીઓ પર પલાણ માંડી ચબરક ચબરક પંડ ઘૂઘવતાં ચાલ્યાં...

* * *

આ અને અનેક આવી કાવ્યપંક્તિઓ પ્રતીકો, કલ્પનોથી ભરીભાદરી છે. આ કલ્પનો શિષ્ટ-કવિતાનાં કલ્પનોથી જુદા પડી આવે છે. એવું જોનારને લાગશે. દલિત કવિ 'સપનાનું ખિસ્સું ફંફોસીને સોનેરી ચૉકલેટ' કાઢનારો કવિ નથી, એ તો છે, 'મિલની વ્હિસલો સન્નાટો ઓઢીને સૂઈ ગઈ છે' એનો ઘોંઘાટ સાંભળનારો કવિ છે. મિલોના ભૂંગળાના અવાજે, જાગતો, દોડતો, ખાલી ટિફિનો ફંફોસતો ભૂખ્યો, થાકેલો હારેલો છે. કાપડની મિલના કસ્તરથી કંતાઈ ગયેલાં ફેફસાંની ખાંસથી ઘેરાઈ ગયેલો છે એટલે એને 'અમે બરફના પંખી રે.. કંઈ ટહુકે ટહુકે પીગળ્યાં' એવું ન સૂઝે. 'કાચી સોપારીના કટ્ટકાઓ' કે 'લીલું લવિંગડુંનું પાન'ના સ્વાદ એની કલમની જીભને પરવડતા નથી.

અઢળક દલિત કલ્પનો, પ્રતીકોની લાંબી હારમાળા આ કાગળને પહેરાવી શકાય.

■

વીજળીના ચમકારે – ૩

દર્શના ધોળકિયા

'શાંતિ પમાડે તેને સંત કહીએ' – બાપુસાહેબ ગાયકવાડ

પ્રસ્તુત પંક્તિ એક રીતે જોવા જતાં પસંદગીની કલા શીખવતી પંક્તિ તરીકે શાણા જનો માટે રચાઈ છે. લગભગ સંસારીજનો, ભવાટવીમાં અટવાતા લોકો વ્યવહારની જાળમાં ફસાઈને એવા તો અંધ બની જતા હોય છે કે તેમની આજુબાજુમાં જ વસતા, શ્વસતા ને છતાંય જીવનપંથનાં સોપાનો ચઢતાં ચઢતાં ઊર્ધ્વારોહી બની ગયેલા ને પરિણામે આમલોકથી જુદા પડી ગયેલા પરમહંસોનાં ચરણ સેવવાનું ચૂકી જ જાય છે. બાપુસાહેબને મતે એકમાત્ર આ જ કામ ડાહ્યા લોકે કરવાનું છે – સંતની ઓળખ પામવાનું. તેમને મતે સંતની ઓળખ શી છે? પદના ઉઘાડની એક જ માર્મિક પંક્તિ આખાય પદનો સાર આપતી પંક્તિ બની રહે છે જે કવિને પોતાના દર્શનમાંથી લાધી છે જેથી એ મધ્યકાલીન સાહિત્યના ઉત્તમ કવિઓની લગોલગ તેમને સ્થાન આપે છે :

'શાંતિ પમાડે તેને સંત કહીએ'

જેમની પાસે બેસવામાત્રથી મનુષ્યના ચિત્તનું શમન થઈ જાય, તેની તમામ ફરિયાદો નામશેષ બની જાય, તેનું ડહોળાયેલું મન નીતર્યા નીર જેવું સ્વચ્છ થઈ જાય – આવું જે કરી શકે તેનું નામ સંત. આવા સંતમાંથી ઊઠતાં આંદોલનમાત્રથી આસપાસની હવાને એનો ચેપ લાગતો હોય છે. એમના હોવામાત્રથી આખુંય વાતાવરણ અપ્રદૂષિત બની જતું હોય છે. આવો મનુષ્ય જ્યાં જાય છે ત્યાં એનામાં રહેલા પાવિત્ર્યનો ભાવ વિસ્તારતો રહે છે. આથી જ તો અજ્ઞાતવાસમાં ગુપ્ત રીતે રહેતા પાંડવોને શોધવાની પેરવી કરતા દુર્યોધનને જોઈને વિષાદગ્રસ્ત બનેલા ભીષ્મ વ્યંગપૂર્વક તેને જણાવે છે તેમ, 'યુધિષ્ઠિરની તે શોધ કરવાની હોય? એ જ્યાં હોય ત્યાં દેખાઈ જ જવાના, કારણ કે તેની ઉપસ્થિતિમાત્રથી એ પ્રદેશની હવા શીતળ બની ગઈ હશે. કોઈ પણ ઋતુમાં ત્યાં વસંતઋતુની પ્રફુલ્લતા વ્યાપી હશે. લોકો રાજાને વશ હશે ને આખાય સમાજની ઇન્દ્રિયો વશ વર્તીને કામ કરતી થઈ ગઈ હશે.' આ છે સંતની હેસિયત. નરસિંહ આવા મનુષ્યને આથી જ વૈષ્ણવજન કહીને તેનું અભિનંદન કરે છે. બાપુસાહેબ આવી વ્યક્તિના જ નહીં, તેનાય દાસના નોકર થઈને રહેવાનું સૌને ઇજન આપે છે. આવી વ્યક્તિ સીધેસીધી મળે તો તો સ્વર્ગનાં દ્વાર ઊઘડે પણ તેના દાસ દ્વારા થઈને મળે તોય ભાગ્ય.

આવા જણને દેશ, વેશ, કર્મકાંડ – શેનીય આવશ્યકતા નહીં. તેનામાં રહેલી ચેતના ને તેના ચેપથી અન્યમાં સંક્રમિત થતી એ ચેતનાની ફલશ્રુતિ રૂપે થતી શાંતિની અનુભૂતિ એ જ એણે અર્જિત કરેલા સંતત્વની પ્રમાણભૂતતા. જેનામાં આ પ્રતીતિ પ્રમાણિત ન થાય એ અસંત એવો આ પંક્તિનો ઉત્તરાર્ધ કવિએ ભાવક પર છોડીને પોતાનું સંતત્વ આડકતરી રીતે દર્શાવી દીધું છે.

■

‘બાલ્કની’ સ્ત્રી-પુરુષના સંબંધમાં આકર્ષણ-અપાકર્ષણ રજૂ કરતું નાટક

દક્ષા વસાવા
(SRF),
ગુજરાત યુનિવર્સિટી

[સંદર્ભ : ‘બાલ્કની’ – લે. સતીશ વ્યાસ, પ્ર. અરુણોદય પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ૨૦૨૩, પૃ.૮૦, કિં. રૂ. ૧૦૦]

ગુજરાતી સાહિત્યમાં ‘પશુપતિ’, ‘કામરુ’, ‘અંગુલિમાલ’, ‘અરણ્યા’, ‘મન મગન હુઆ’ વગેરે નાટકો આપનાર સર્જક સતીશ વ્યાસ નાટ્યકાર, સંપાદક અને વિવેચક છે. તેઓ નાટકની ભજવણી સાથે પહેલાંથી જ જોડાયેલા હતા તેથી વિદ્યાર્થીઓને નાટક ભજવવાની પ્રેરણા આપતા. એ સાથે જ તેમને નાટ્યલેખનની શરૂઆત કરી. સર્જકે લેખન-પ્રવૃત્તિનો પ્રારંભ એકાંકી લેખનથી કર્યો. તેમને અગિયાર દ્વિ-અંકી નાટકો અને ત્રણ એકાંકીસંગ્રહો આપ્યા છે. તેઓ પ્રયોગશીલ નાટ્યકાર છે. તેમનાં નાટકોમાં સમાજનાં સુખ-દુ:ખ, માનવો વચ્ચેના સંબંધો, સંઘર્ષો, વ્યક્તિગત મનોભાવો, સમાજવ્યવસ્થા, ધર્મ, રાજકારણ, સામાજિક ભેદભાવ, આધુનિકતાની સમાજ અને લોકો પર પડેલી અસર જોવા મળે છે. આવું જ એક નાટક સમાજની સમસ્યાને વિષયવસ્તુ બનાવતું, સાંપ્રત સમાજમાં આત્મકેન્દ્રી બની જીવન જીવતા સ્ત્રી-પુરુષના સંબંધ પર આધારિત છે. નાટ્યમંચની ક્ષમતાઓ ધરાવતું આ નાટક ‘બાલ્કની’ ઑક્ટોબર, ૨૦૨૩માં અરુણોદય પ્રકાશન દ્વારા પ્રકાશિત થયું છે.

આ નાટક બે અંકોમાં વહેંચાયેલું દ્વિ-અંકી નાટક છે. પ્રથમ અંકમાં સુહાસ, શીલાને મળવા માટે હિલસ્ટેશન પર આવે છે ત્યાંથી શીલાનો પતિ મૃત્યુ પામે છે ત્યાં સુધીનો વર્તમાન સમય નિરૂપાયો છે. એટલે કે પ્રથમ અંકમાં નાટક વર્તમાનમાં ચાલે છે જ્યારે બીજા અંકમાં સુહાસના જવાના નિર્ણયથી વર્તમાન સમયમાં ચાલતી ભૂતકાળની વાતોનો એટલે કે ફ્લૅશબૅકનો સમાવેશ થાય છે. આમ ભૂતકાળનું કથન છે અને વર્તમાનનું આલેખન છે.

આ નાટકમાં ત્રણ પાત્રો છે : સુહાસ, શીલા અને શીલાનો પતિ, જેનો એક શખ્સ તરીકે ઉલ્લેખ થયો છે. સુહાસ અને શીલા કૉલેજકાળનાં મિત્રો છે. તેઓ કૉલેજ પૂર્ણ થયાં પછી પણ એકબીજાના સંપર્કમાં છે. કૉલેજકાળ દરમિયાન સુહાસ અને શીલા બંને સાથે ગીતો ગાતાં, શીલાને સુહાસ ગમતો તેથી તેની સમક્ષ પ્રેમ-પ્રસ્તાવ મૂકીને શીલા સુહાસને

પોતાના મનની વાત જણાવે છે અને બંને પોતાની ઇચ્છાથી લીવ ઇન રિલેશનશિપમાં રહે છે. સમય જતાં શીલાને જમવાનું બનાવવામાં, સંતાનપ્રાપ્તિ તેમજ સંતાનઉછેરમાં રસ ન હોવાથી બંને પરસ્પરની સંમતિથી છૂટાં પડી જાય છે. સુહાસ લગ્ન કરતો નથી જ્યારે શીલા તો લગ્નબંધનમાં બંધાઈ છે. જોકે થોડા સમયમાં પતિ સાથે ઝઘડો થતાં એ ચાલ્યો જાય છે. તેનો અકસ્માત થતાં એ મળતો નથી. ત્યારબાદ જ્યારે જ્યારે પોલીસને કોઈનો મૃતદેહ મળતો ત્યારે ત્યારે પોલીસ શીલાને ઓળખાણ માટે બોલાવે છે.

નાટકમાં આરંભથી જ સુહાસ-શીલા સામસામે આરોપો મૂકતા કટાક્ષમાં વાતો કરે છે. હિલસ્ટેશન પર શીલાના ઘરે આવેલો સુહાસ ભૂતકાળનાં કેટલાંક રહસ્યો શીલા સમક્ષ ખોલે છે. ભૂતકાળનો શીલા પ્રત્યેનો ભાવ દર્શાવતાં તે કહે છે,

સુહાસ : 'મને તો તારા, એ સમયના, ગાલ પણ કૂણા કૂણા લાગતા. સ્પર્શ કરી લેવાની લગરીક ઇચ્છા પણ થતી, પણ પછી મારો સંકોચ મને રોકતો. ચલાવી લેતા આ બુદ્ધીના બાલથી.' (પૃ.૧૭)

સુહાસના શબ્દો સાંભળી શીલા પણ પોતાના મનની વાત જણાવે છે,

'શીલાઃ તને જ સાંભળી સાંભળીને. તેં મારા સાતેય સૂરને સંભાળી સંભાળીને ખીલવ્યા. તું ગાતો ત્યારે મને કેટલીય વાર થતું કે તારી સાથે ક્યારેક યુગલગીત ગાવા મળે તો સારું.' (પૃ.૧૮)

એકબીજા માટે મધુર શબ્દોનો પ્રયોગ કરતાં બંને નાની નાની વાતમાં ઝઘડી પણ લે છે. શીલા સુહાસને ગધેડો, સાલો છછુંદર, ઉંદર, બંદર, કાળમુખો, ગમાર, બબૂચક, અક્કલમઠો અને દુષ્ટ ભુલકણો કહે છે તો સુહાસ તેને જાતવંત કડવાણી લીંબડી કહે છે. સુહાસ, શીલાને ફ્રીજમાં ફ્રોજન કરીને રાખેલી વસ્તુ સાથે સરખાવે છે. જેમ ફ્રીજમાં રાખેલી વસ્તુ લાંબા સમય સુધી એવી જ રહે છે તેમ હિલસ્ટેશનમાં રહેવા આવેલી શીલા પણ એવી જ મૂળ સ્વભાવની રહી છે.

નાટકમાં શીલાના ઘરનાં દૃશ્યો છે. સુહાસ શીલાને મળવા હિલસ્ટેશન પર આવે છે. જ્યાં શીલાનો પતિ અચાનક આવી ચડે છે અને શીલાના ખોળામાં મૃત્યુ પામે છે. શીલાના ઘરે સુહાસ-શીલા વચ્ચે થતી વાતચીત અને ચા-નાસ્તાનું દૃશ્ય, બંને દ્વારા બાલ્કનીમાં બેસીને ચા પીતાં પીતાં થતી વાતોનું દૃશ્ય અને શીલાનો પતિ મરવાની ક્ષણે શીલાના ઘરે આવે છે ત્યારનું દૃશ્ય. આ દૃશ્યો વર્તમાન સમયનાં છે.

વિસ્તૃત વર્ણનમાં ન રોકાતાં સર્જકે પાત્રોના સંવાદો દ્વારા જ પાત્રના વ્યક્તિત્વનો વિકાસ સાધ્યો છે. સુહાસ અને શીલા એકબીજા સાથે પોતાના મનની વાત કરવા માટે ગીતોનો સહારો લે છે. આ ગીતો દ્વારા તેઓ પોતાના સંબંધમાં રહેલી ખામીઓ અને ખૂબીઓ વિશે વાત કરે છે. સુહાસ, શીલાને જલેબી જેવી ગૂંચળાવાળી કહે છે તો શીલા સુહાસને ફાફડા જેવો ખરબચડો કહે છે. આવી તો ઘણી ઉપમાઓ તેઓ એકબીજાને આપે છે. આ દ્વારા નાયક-નાયિકા વચ્ચે સામ્ય-વૈષમ્ય ઊભું થાય છે. જેમ કે સુહાસને માંસાહાર અને મદિરાપાન જેવી કુટેવો છે તો શીલાને સિગારેટની આદત છે. સુહાસને

શીલાના હાથનું બનેલું ભોજન ખાવું છે. જ્યારે શીલાને ભોજન બનાવતાં આવડતું નથી. એને રસોઈ કરવી ગમતી નથી. તેથી તેઓ ટિફિન મંગાવે છે. તેમનાં ટિફિન જુદાં જુદાં હોય છે. એ વિશે બંને પોતાનો મત પ્રગટ કરતાં કહે છે,

'શીલા : આપણાં ટિફિન જુદાં થયાં એના મૂળમાં આપણા સ્વભાવની ભિન્નતા જ કારણભૂત હતી.

સુહાસ : સ્વભાવની નહીં, રુચિની, ટેસ્ટની ભિન્નતા! તું તારા ટેસ્ટને ચઢિયાતો માનતી અને મારા ટેસ્ટને દેશી! તારું ટિફિન અર્બન, મારું ગામઠી! તું મૉડર્ન, હું ટ્રેડિશનલ! મારું નૉનવેજ પણ તને દેશી લાગતું અને તારાં અળસિયાં જેવાં નુડલ્સને તું મૉડર્ન માનતી.

શીલા : હા, મનેય ખાતરી થઈ ગઈ હતી કે આપણું સહજીવન લાંબું ચાલશે નહીં. આથી જ્યારે તેં કહ્યું કે...

સુહાસ : ...શીલા વાંધો ન હોય તો આપણે છૂટાં પડી જઈએ.

શીલા : ને મેં ક્ષણનાય વિલંબ વિના સંમતિ આપી.

સુહાસ : હા. મેં કહ્યું કે...

શીલા : આજેય આપણને કાળા કોટવાળાની જરૂર તો નહીં જ પડે.

સુહાસ : હા, આપણે જોડાવા માટે પણ એની પાસે ગયાં નહોતાં તો પછી છૂટાં થવા તો જવું જ ન પડે.' (પૃ.૬૪)

આજના સમયમાં દુનિયામાં કેટલાંક એવાં સ્ત્રી-પુરુષો છે. જેમને સાથે રહેવા માટે લગ્ન જેવા બંધનની જરૂર લાગતી નથી. તાલમેલ બેસે તો સાથે રહેવાનું, ના બેસે તો બંનેના રસ્તા જુદા જુદા થઈ જાય છે. આ નાટકમાં પણ આ જ પરિસ્થિતિ ઊભી થાયછે.

નાટકનું શીર્ષક 'બાલ્કની' નાનકડા પ્રસંગને આધારે અપાયું છે. બાલ્કનીનું દૃશ્ય નાટકમાં એક જ વાર આવે છે. શીલા અને સુહાસ ચા પીતાં પીતાં બાલ્કની બહારનાં દૃશ્યોને નિહાળે છે. બાલ્કની અહીં નિરાંતનું પ્રતીક બને છે. જ્યાં શીલાને રોજ શાંતિનો અહેસાસ થાય છે તો સુહાસ માટે પણ એ થોડીક ક્ષણો માટે શાતા આપવાનું સ્થાન બને છે. સુહાસ અને શીલાનો સંબંધ પણ બાલ્કની જેવો છે. જ્યાં બંનેને થોડીક ક્ષણો વિતાવવી ગમે છે. બાલ્કનીમાં જેમ કાયમી વસવાટ થઈ શકતો નથી તેમ બંનેને પોતાના એ સંબંધનું કાયમી બંધન ગમતું નથી. જેમ બાલ્કનીમાં ક્યારેક ક્યારેક બેસવાની-ફરવાની ઇચ્છા થઈ આવે તેમ સુહાસ-શીલાને અમુક સમયાંતરે એકબીજાને મળવું ગમે છે.

સુહાસ-શીલા સિક્કાની બે બાજુ જેવાં છે અલગ અલગ. સિક્કાની બે બાજુઓ ક્યારેય મળી શકતી નથી તેમ તેઓ પણ એક થઈ શકતાં નથી. બંને વચ્ચે ભાવ હતો. પણ લગાવ નહીં; સહકાર હતો, સહવાસ નહીં; અહંકારને કારણે માત્ર પોતાની જાતને જ ચાહતાં. એકબીજાના સ્વીકારની વાત તો ઘણે દૂર હતી. બંને થોડો સમય સાથે રહ્યાં

અને છૂટાં પડ્યાં. અંતે સાથે ગીત ગાય છે, 'અડધું-પડધું જીવ્યાં આપણે, અડધું-પડધું બટક્યાં!, અડધું પડધું, અડધું પડધું!' (પૃ.૬૬) જેના કારણે સંબંધ પણ અડધો-પડધો જ રહ્યો અને એનો વસવસો બંનેને છે, દુઃખ છે છતાં પાછા જોડાવાની કોઈ ઇચ્છા નથી.

નાટકની મંચનક્ષમતાની વાત કરવામાં આવે તો ઓછાં પાત્રો દ્વારા ભજવી શકાય એવું નાટક છે. જોકે આ નાટક માટે નટ અને નટી સારું ગાઈ શકે તેવી અપેક્ષા રહે છે. સમગ્ર નાટકમાં શીલાના ઘરનું દૃશ્ય છે તેથી રંગમંચ પર બીજા કોઈ સ્થળનું દૃશ્ય ઊભું કરવાનું રહેતું નથી. નાટકની ભજવણી માટે જરૂરી એવી તમામ શક્યતાઓનું સર્જકે ધ્યાન રાખ્યું છે. નાટકમાં લેખકે શહેરી જનસમાજમાં બોલાતી ભાષાનો પ્રયોગ કર્યો છે. ભજવાતા નાટકમાં દુનિયાનાં સુખ-દુઃખ નજરે પડે છે. તેથી આ નાટક પણ માનવીના સુખ-દુઃખને નજર સમક્ષ ઊભું કરવાની શક્યતાઓને તાગે છે.

આમ સમગ્ર રીતે આ નાટક સમાજમાં આધુનિક જીવનશૈલી અપનાવીને સ્વકેન્દ્રી રીતે જીવતા લોકોની પરિસ્થિતિને આલેખે છે. એમાં સ્વતંત્ર રીતે પોતાની ઇચ્છાથી પોતાને રુચે એવી જીવનશૈલી અપનાવતા લોકો પોતાની આસપાસના લોકોથી દૂર થતાં જાય છે. સંબંધમાં અરુચિ પ્રવેશતાં એકલતા અનુભવાય છે. આત્મકેન્દ્રી વૃત્તિને કારણે માનવ અન્ય સંબંધોની જેમ સ્ત્રી-પુરુષ સંબંધને પણ સારી રીતે નિભાવી શકવામાં અસમર્થ બને છે ત્યારે સાથે રહેતાં સ્ત્રી-પુરુષ ઘાત-પ્રત્યાઘાતમાંથી ઊંચાં આવતાં નથી. અહમ્ અને એકબીજાના દોષો જોતાં રહેવાના કારણે બંને એકબીજાનો અસ્વીકાર કરે છે અને એમાં જ વિવેક-અવિવેકનું ભાન ભુલાતું જતું હોય છે. જેમ કે પોતાના અલાયદા ઓરડામાં સૂવા જતી શીલા સુહાસને કહે છે, 'પડી રહેજે ચૂપચાપ બેડમાં. વાંચજે કશુંક. ત્યાં તારો મોબાઇલ ચલાવજે. ગીતો ગણગણાવજે પણ ન જગાડતો.' (પૃ.૨૯) સ્વાર્થ માટે સંબંધ બાંધવાને કારણે આવા સંબંધો લાંબા સમય સુધી ટકતા નથી. એકબીજાના સંપર્ક દ્વારા થોડા સમય માટે ઉત્પન્ન થતું આકર્ષણ જીવનના અમુક પડાવ પર અપાકર્ષણમાં પરિણમે છે.

સાંપ્રત સામાજમાં સ્ત્રી હોય કે પુરુષ હોય, જીવનની કેટલીક પરિસ્થિતિઓમાં એને બીજાના સહકાર, હૂંફ અને લાગણીની જરૂર પડે છે. આવા સમયે તે એક એવી વ્યક્તિને ઇચ્છે છે જેની સમક્ષ તે પોતાના હૃદયની વાત કરી શકે. સુહાસ-શીલાને પણ જરૂર પડે છે એકબીજાની, જીવનનો ભાર હળવો કરવા માટે સમયાંતરે મળીને સુખ-દુઃખને વહેંચવાની. જરૂરિયાત મનુષ્યને એકબીજા સાથે જોડી રાખે છે. જે આ નાટકનાં પાત્રો શીલા-સુહાસ દ્વારા વ્યક્ત થાય છે. સંબંધમાં આકર્ષણ-અપાકર્ષણનું ચક્ર ફર્યા કરે છે. આકર્ષણ થતાં સંબંધમાં અંતર ઘટે છે અને અંતર ઘટતાં નિકટતામાં વાદવિવાદ થતાં અપાકર્ષણ ઉત્પન્ન થાય છે. જેથી ઇચ્છવા છતાં સાથે રહી શકાતું નથી. જે સુહાસ-શીલાના સંબંધ દ્વારા પ્રસ્થાપિત થાય છે. સુહાસ-શીલાના પાત્ર દ્વારા સર્જક લાગણીના તાંતણે બંધાયા પછી અમુક પરિસ્થિતિઓ અને આદતોને કારણે છૂટા પડતાં લોકો પર પ્રકાશ પાડે છે.

■

તેમણે આલેખેલા કોઈ પણ પ્રકારમાં વાર્તાકારનું હાડ ઝળકતું

બીરેન કોઠારી

ચિત્ર - એસ.એમ. ફરીદ

ભરપૂર જીવન જીવી ગયેલા રજનીકુમાર પંડ્યાએ ૮૬ વર્ષની વયે વિદાય લીધી. તેમનું જીવન અસાધારણ રીતે ઘટનાપ્રચુર હતું. અલબત્ત, તેમના જીવનની આ તરાહને તેમના વાર્તાકાર-સાહિત્યકાર હોવા સાથે લેવાદેવા નહોતી. તેઓ કદાચ સાહિત્યકાર ન હોત તોપણ તેમનું જીવન આવું જ રહ્યું હોત. તેમના જન્મથી લઈને જીવ્યા ત્યાં સુધી એવી એવી નાટ્યાત્મક ઘટનાઓ તેમના જીવનમાં બનતી રહી હતી કે તેઓ ઈશ્વરમાં તો નહીં, પણ નિયતિમાં માનતા થયેલા. પોતાના જીવનની અનેક ઘટનાઓ તેમણે 'ઝબકાર'માં આલેખી છે, તો ઘણી ઘટના પરથી વાર્તા પણ લખી છે.

લેખનમાં તેમણે વિવિધ પ્રકારોનું ખેડાણ કર્યું. સર્જનાત્મકતાનો સહેજ પણ અંશ ધરાવતા લોકો સામાન્યપણે કવિતા લખવાથી આરંભ કરતા હોય છે. સાવ યુવાનીમાં રજનીભાઈએ એ લખી, પણ બહુ ઝડપથી તેમને ખ્યાલ આવી ગયો કે પોતે જીવ વાર્તાનો છે. આથી તેઓ વાર્તાલેખન તરફ વળ્યા, અને આગળ જતાં એ જ તેમની મુખ્ય ઓળખ બની રહી.

તેમની વાર્તાકળા જયંત ખત્રી, મોહમ્મદ માંકડની પરંપરાની છે જે માનવમનના અનેક અંધારિયા ખૂણાને ઉજાગર કરવાની સાથે માણસોનાં તર્કાતીત વર્તનનાં ચિત્રણમાં માહેર છે. સૂક્ષ્મતાનો આંતરપ્રવાહ અને સંવેદનાનું ચિત્રણ તેમની લેખિનીની ખાસિયત બની રહ્યાં. તેમણે બીજા જે પણ

લેખનપ્રકારો અજમાવ્યા તેમાં આ લક્ષણો પ્રધાન હોવાથી એ લેખનપ્રકારો ખરા અર્થમાં અનન્ય બની રહ્યા.

'સંદેશ' દૈનિકમાં આરંભાયેલી તેમની કટાર 'ઝબકાર'માં વિવિધ વ્યક્તિઓનાં શબ્દચિત્રો હતાં, એમ સંસ્થાઓનો આલેખ પણ હતો. શબ્દચિત્રોના પ્રકારની આપણા સાહિત્યમાં નવાઈ નથી, પણ સામાન્ય રીતે આલેખાયેલાં પૂર્ણ લંબાઈનાં શબ્દચિત્રો લેખકની પરિચિત વ્યક્તિનાં હોય એમ જોવા મળ્યું છે. રજનીભાઈએ કેવળ એક કે બે મુલાકાતમાં, પોતાનાથી અપરિચિત વ્યક્તિનું પણ એવું શબ્દચિત્ર આલેખી દીધું હોય કે વાંચનાર સમક્ષ તેનું આખું ચિત્ર ખડું થઈ જાય. એવા કેટલાક લેખોનાં શીર્ષક જોવાથી તેનો કંઈક અણસાર આવી શકશે. દિલીપ રાણપુરાનાં પત્ની સવિતા રાણપુરાના મૃત્યુ વિશેના લેખનું શીર્ષક હતું – 'સવિતાનું ડૂબવું તે'. વીતેલા જમાનાના ખ્યાતનામ ગાયક માસ્ટર વસંત વિશેના લેખનું શીર્ષક છે – 'પાનખરમાં દિવસો વસંતના'. સંગીતકાર જયકિશનના વતન વાંસદાની મુલાકાત પછી લખાયેલો લેખ છે – 'વાંસવનમાંથી વહી આવેલો સૂર' તો ખતુબાઈ મીરાણી વિશેના લેખનું શીર્ષક છે – 'જૂના બુરજનો છેલ્લો કાંગરો.' આ પ્રકારનાં શબ્દચિત્રોમાં તેઓ થોડા લસરકામાં જ વ્યક્તિત્વનું રેખાંકન કરી દેતા. ગિજુભાઈ વ્યાસ વિશેના લેખ 'રૂંવે રૂંવે હૃદય'માં તેમણે ગિજુભાઈ વિશે લખ્યું, 'આ તો રૂંવે રૂંવે હૃદય રાખીને જીવતો માણસ છે. ક્યાંયથી પણ એમની છબી પાડો, કાર્ડિયોગ્રામ જ આવશે.' વયોવૃદ્ધ તસવીરકાર જગન મહેતા એક કલર કૅમેરાની, એક ટેલિફોટો લેન્સની અને પોતે ખેંચેલાં ગાંધીજીનાં ચિત્રોની સ્લાઇડ્સ બનાવવાનું મન છે એમ જણાવે છે. એ પછી લેખનું છેલ્લું વાક્ય છે, 'અરે જગન મહેતા, આવી ઇચ્છાઓ હોય? એકાદ લાખની થેલીની ઇચ્છા કરવી હતી ને?' આ એક જ વાક્યમાં જગન મહેતાની લગન અને આપણી પ્રજાના ઉપેક્ષાના લક્ષણને તેમણે ઉજાગર કરી દીધું. તેમની આવી શૈલીને કારણે આખેઆખું પાત્ર તેની તમામ લાક્ષણિકતાઓ સમેત વાચકની નજર સામે ખડું થઈ જતું અને દિલમાં ઊંડે સુધી કોતરાઈ જતું. આવાં શબ્દચિત્રો માટે રજનીભાઈએ લખ્યું છે, 'એમની તસવીર મેં મારા ગમતા ઍન્ગલથી ખેંચી છે.' એટલે કે જે તે પાત્ર સર્વાંગસંપૂર્ણ હોવાનો એમનો દાવો નથી. ખરું જોતાં આવાં પાત્રો વધુ વાસ્તવિક બની રહેતાં. 'ઝબકાર' અને એ પછી 'ગુલમહોર', 'પ્રતિચ્છાયા', 'શબ્દવેધ' જેવાં અલગ અલગ નામે ચાલતી રહેલી એ કટારમાં સંસ્થાકીય આલેખનો રજનીભાઈની વિશેષતા બની ગયાં. મૂળ તો એમને માણસમાં રસ, આથી સંસ્થાનાં આલેખનોમાં પણ તેમણે શબ્દચિત્રોનો કસબ દાખવ્યો. એને કારણે અનેક અજાણી, ઓછી જાણીતી સંસ્થાઓ પ્રકાશમાં આવી, એટલું જ નહીં, રજનીભાઈની સંવેદનશીલ કલમનો લાભ એમને મળ્યો અને એ બે પાંદડે થઈ. ૧૯૯૦ના દાયકામાં 'જન્મભૂમિ પ્રવાસી'માંની તેમની કટાર 'શબ્દવેધ'ની મુંબઈના તેમજ વિદેશના વાચકો રીતસર ટાંપીને રાહ જોતા કે આ વખતે રજનીકુમાર કઈ સંસ્થા કે સેવાભાવી વ્યક્તિ વિશે લખે છે! રજનીભાઈના એ લેખ વાંચીને લેખમાં આલેખાયેલી સંસ્થા કે વ્યક્તિ પર મદદનો ધોધમાર વરસાદ થતો. આ બાબત આ લખનારે તેમની સાથે લીધેલી અનેક સંસ્થા કે વ્યક્તિઓની મુલાકાતે અનુભવી-સાંભળી છે.

જૂની ફિલ્મનાં ગીતોના રજનીભાઈ જબ્બર પ્રેમી. હિન્દી સિનેમાના આરંભિક ત્રણેક દાયકા ગાયકી અને સંગીતની રીતે ઉત્તમ કહી શકાય એવા હતા. રજનીભાઈની 'ફેકલ્ટી' શબ્દોની હતી. પોતે સાંભળેલાં સેંકડો ગીતો તેમને શબ્દશઃ અને ધૂનશઃ કંઠસ્થ હતાં. લેખનક્ષેત્રમાં પ્રવેશ્યા પછી તેમણે પોતાના એ પ્રિય કલાકારોની મુલાકાત લેવા માંડી અને એનું આલેખન કર્યું. એ પ્રકારના લેખોનો સંગ્રહ એટલે તેમનું પુસ્તક 'આપ કી પરછાંઈયાં.' આ પુસ્તકમાં તેમણે લીધેલી પોતાના પ્રિય કલાકારોની મુલાકાતો, તેની સાથે સાથે પીરસેલી વિગતો, અને એ મુલાકાતના વાર્તાત્મક વર્ણન દ્વારા વાચકના માનસપટ પર ઊપસતું કલાકારનું શબ્દચિત્ર વિરલ સંગમ રચે છે! આને કારણે એને કેવળ મુલાકાત, કેવળ દસ્તાવેજી કે કેવળ વાર્તાત્મક લખાણના ખાનામાં મૂકી શકાય નહીં. જેમ કે, ગાયક તલત મહેમૂદ વિશેના લેખનું શીર્ષક છે 'મખમલની વેદના'. મખમલી સ્વરના માલિક અને એવું જ ઋજુ વ્યક્તિત્વ ધરાવતા તલત મહેમૂદ સાથેની મુલાકાતના એ લેખમાં તલતસા'બની કારકિર્દીની પૂરી વિગતો છે, સાથે એમનું વ્યક્તિત્વ રજનીભાઈએ કેવી રીતે ઉપસાવ્યું છે એ જુઓઃ 'ઘરમાં કોઈ નહીં હોય યા વ્યસ્ત હશે એટલે એકબે વાર એમણે અમારાં ઠંડાં પીણાં માટે હળવી બૂમ પાડી. (તલતની બૂમ પણ કેવી હોય!) કોઈ આવ્યું નહીં એટલે એ જાતે જ અંદર ગયા.' ગાયક-સંગીતકાર હેમંતકુમારની એમના જીવનના અસ્તાચળે લીધેલી મુલાકાત દરમિયાન છેલ્લે રજનીભાઈ હેમંતકુમારને ટેપરેકૉર્ડરમાં એકાદ પંક્તિ ગણગણવાની વિનંતી કરે છે, જે હેમંતકુમાર સ્વીકારે છે. એના વિશે રજનીભાઈએ લખ્યું છે, 'ડૂબતા સૂર્યના છેલ્લા કિરણમાં થોડા તો સોનેરી થવાનો આનંદ મળ્યો.'

તેમના ફિલ્મવિષયક લેખો આસ્વાદજનક હોવા ઉપરાંત સંશોધનાત્મક પણ હતા. કવિ-ગીતકાર પ્રદીપ, ગાયક જગમોહન સૂરસાગર, સંગીતકાર જયકિશન જેવા કલાકારો વિશે તેમણે જે વિગતો આલેખી એ સંભવતઃ પહેલવહેલી વાર પ્રકાશમાં આવી હતી. જો કે, આ કલાકારોનાં સંશોધનાત્મક શબ્દચિત્રો કરતાં સાવ અલગ એવો તેમનો ઉપક્રમ હતો 'ફિલ્માકાશ'નો. 'કુમાર'માં સાડા છ સાત વરસ ચાલતી રહેલી આ શ્રેણીમાં તેમણે હિન્દી બોલપટના પ્રથમ નિર્ણાયક દસકાનો ઇતિહાસ આલેખ્યો, જે પછી 'ફિલ્માકાશ' નામથી પ્રકાશિત થયો. આ અરસાનાં મહત્ત્વના કહી શકાય એવા મુકામો આલેખવા પાછળનો તેમનો પરિશ્રમ આ લખનારે નજરે જોયેલો છે. અનેક વિસંગતિઓ ધરાવતી માહિતીને તર્ક અને ક્રમના ગળણે ગાળીને, કેટલાય સંદર્ભો સાથે ફેરચકાસણી કરીને સુપાચ્ય અને રોચક રીતે પીરસવાનું બહુ અઘરું છે, કેમ કે, ફિલ્મનું માધ્યમ એવું લપસણું છે કે અનેક આનુષંગિક વાતો આલેખવાની લાલચ થઈ આવે અને મૂળ વાતથી ક્યાંનું ક્યાં ફંટાઈ જવાય. રજનીભાઈએ અતિશય સંયમ અને વિવેક જાળવીને એકદમ ક્રમબદ્ધ આલેખન કર્યું, જે એક છે.

આ તમામ લેખનપ્રકારોમાં રજનીભાઈને અતિ પ્રિય હોય તો એ હાસ્યનો પ્રકાર. તેમની પોતાની સૂક્ષ્મ રમૂજવૃત્તિ તેમનાં અનેકવિધ લેખનોમાં આંતરપ્રવાહ તરીકે પામી શકાય. વીંધી નાખે એવો વ્યંગ્ય કે કટાક્ષ તેમનાં લખાણમાં ભાગ્યે જ જોવા મળે, કેમ કે, તેમની એ પ્રકૃતિ નહોતી. માનવમનના પ્રવાહોના ઊંડા અભ્યાસી હોવાને કારણે તેમનો

મૂળ રસ કોઈની પર કટાક્ષ કરવાનો નહીં, પણ અમુક લક્ષણોનું કારણ જાણવાનો હતો. એવું લક્ષણ કઈ મનોવૃત્તિમાંથી નીપજે છે એ જોવાજાણવામાં એમને વધુ રસ હતો. અગાઉ તેમણે 'મન બિલોરી', 'રંગ બિલોરી' અને 'હાસ બિલોરી'માં એવી વાર્તાઓ લખી હતી, પણ તેમણે પોતે એને વાર્તા તરીકે નહોતી ઓળખાવી. તેમની રમૂજવૃત્તિને સોળે કળાએ ખીલેલી માણવી હોય તો 'શબ્દઠઠ્ઠા' વાંચવું. આ પ્રકાર પણ તેમણે કટારની લંબાઈને અનુરૂપ 'નિપજાવેલો' હતો. તેનું સ્વરૂપ વાર્તાનું, અને મોટા ભાગનું કથન પહેલા પુરુષ એકવચનમાં હતું. રમૂજમાં પણ આત્મવંચના તેમનો પ્રિય પ્રકાર. આત્મવંચના એટલે જાતને છેતરવાની વૃત્તિ. પોતાની નિર્બળતાને, નિષ્ફળતાને ઢાંકવા માટે તેનો ઉપયોગ ઓછીવત્તી માત્રામાં મોટા ભાગના લોકો કરતા આવ્યા છે. આ વૃત્તિને રજનીભાઈએ શસ્ત્ર તરીકે પ્રયોજીને રમૂજ પેદા કરી. એમાં ભળ્યો તેમનો ફિલ્મસંગીતપ્રેમ. મોટા ભાગની કથાઓનાં શીર્ષક જાણીતાં હિન્દી ફિલ્મગીતોની પંક્તિઓની પેરડી હતી. કેટલાક નમૂનાઃ 'મેરી કહાની સુનનેવાલે, તેરા ટી.વી. આબાદ રહે', 'હૈ સબસે મધુર વો ગીત જીસે હમ અપને સૂર મેં ગાતે હૈ', 'મેરે ગીત સુને દુનિયાને મગર, મેરા પ્લાન કોઈ ના જાન સકા', 'પ્યાર બાંટતે ચલો, ઍવૉર્ડ બાંટતે ચલો', 'સજન રે જૂઠ મત બોલો, ડાર્વિન કે પાસ જાના હૈ' વગેરે..

આ પુસ્તકમાં કથકની બોલી પણ તેમણે બહુ વિશિષ્ટ પ્રયોજી. 'ળ'ને બદલે 'ર', 'શ'ને બદલે 'સ' અને 'આવ્યા', 'ગયા'ને બદલે 'આવેલ', 'ગયેલ' જેવા શબ્દો ધરાવતી બોલી, જે હકીકતમાં તેમને મળેલા એક વાસ્તવિક પાત્ર પરથી પ્રેરિત હતી. અલબત્ત, તેમણે સભાનપૂર્વક પ્રસ્તાવનામાં લખ્યું છે : 'રમૂજ પેદા કરવાના એક ઓજાર તરીકે એનો પણ ઉપયોગ કર્યો છે. ઓજારથી વિશેષ મહત્ત્વ એને ના આપજો.' આ પુસ્તકમાંના અનેક વાક્યપ્રયોગો એવા છે કે એ રહી રહીને યાદ આવતા રહે અને દરેક વખતે હોઠને મલકાવતા જાય.

રજનીભાઈએ અજમાવેલો સાહિત્યનો કોઈ પણ પ્રકાર હોય, તેમના ગદ્યમાં સંવેદનાનો આંતરપ્રવાહ અનુભવાય, ઉપરાંત એક જાતની પ્રામાણિકતાનો પણ અહેસાસ થતો રહે. એટલે કે લેખકની પ્રકૃતિ અને રુચિતંત્ર પણ એમાં ઝળકતું પામી શકાય. બહુ ઓછા સાહિત્યકારોને આવું વરદાન પ્રાપ્ત હોય છે. ગુજરાતીમાં રજનીભાઈ એ પૈકીના એક હતા. રજનીભાઈએ અજમાવેલો સાહિત્યનો કોઈ પણ પ્રકાર હોય, તેમના ગદ્યમાં સંવેદનાનો આંતરપ્રવાહ અનુભવાય, ઉપરાંત એક જાતની પ્રામાણિકતાનો પણ અહેસાસ થતો રહે. એટલે કે લેખકની પ્રકૃતિ અને રુચિતંત્ર પણ એમાં ઝળકતું પામી શકાય. બહુ ઓછા સાહિત્યકારોને આવું વરદાન પ્રાપ્ત હોય છે. ગુજરાતીમાં રજનીભાઈ એ પૈકીના એક હતા. પોતાની લેખિનીના બળે અનેકોના હૃદયના તાર તેઓ ઝણઝણાવી શક્યા. સામે પક્ષે વાચકોએ પણ તેમની લેખિની પર પ્રચંડ સ્નેહ ઢોળ્યો અને પ્રતિસાદ આપ્યો. જીવતેજીવ આવું સદ્‌ભાગ્ય જૂજ ગુજરાતી લેખકોને મળ્યું છે. 'હમારે બાદ મહફિલ મેં અફસાને બયાં હોંગે'થી સાવ વિપરીત, અલવિદા રજનીકુમાર.

■

શું શા પૈસા ચાર ?

કિરીટ દૂધાત

ભાષા વિશેના કેટલાક સમાચાર જોઈ લઈએ. પહેલા સમાચાર એવા છે કે મુંબઈના વિદ્યાવિહાર વિસ્તારમાં આર.એસ.એસ.ના નેતા સુરેશ ભૈયાજી ૫/૩/૨૦૨૫ના રોજ એક સમારંભમાં બોલ્યા કે મુંબઈમાં રહેવા માટે મરાઠી ભાષા શીખવી જરૂરી નથી. આ વિધાનનો મૂળ મહારાષ્ટ્રિયન પ્રજામાં ઠેર ઠેર વિરોધ થયો અને છેવટે વાત મહારાષ્ટ્રની વિધાનસભા સુધી પહોંચી જ્યાં મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહેવું પડ્યું કે મરાઠી શીખી લેવી એ મુંબઈના દરેક રહીશની ફરજ છે.

બીજા સમાચાર એવા છે કે કેન્દ્ર સરકારે તમિળનાડુને મળવાપાત્ર સમગ્ર શિક્ષા અભિયાનનું રૂ.૨૧૫૨ કરોડનું ફંડ છૂટું કરવાનું મુલતવી રાખ્યું છે. કારણમાં એવું છે કે National Education Policy-૨૦૨૦ (NEP)ની બહુભાષીય જોગવાઈનો અમલ કરવામાં તમિળનાડુ સરકારે બતાવેલી અનિચ્છા. આ બહુભાષીય જોગવાઈને ટૂંકમાં સમજીએ તો અત્યાર સુધી શાળાના અભ્યાસક્રમમાં બાળકોને પોતાની માતૃભાષાનો એક વિષય અને બહારની દુનિયા સાથે સરળતાથી વ્યવહાર ચાલે એ માટે કડી રૂપે અંગ્રેજી શીખવવામાં આવે છે. આવું દરેક રાજ્યમાં છે. હવે NEPમાં એક જોગવાઈ એવી છે કે આ બે ઉપરાંત ભારતીય ભાષાઓમાંની કોઈ એક ભાષાને વધારાની ત્રીજી ભાષા તરીકે શીખવવાની રહેશે. આ 'કોઈ એક' એટલે હિન્દી હોવાનો ભય તમિળ અને દ્રવિડ ભાષાભાષીઓના માનસમાં છે. એમને મન ત્રીજી ભાષા શીખવવાની જોગવાઈ એટલે હિન્દીનો પાછલે બારણેથી પ્રવેશ. હિન્દી આવે તો એના સાંસ્કૃતિક અને રાજકીય આધિપત્ય સાથે આવ્યા વગર ન રહે. (અહીં રસૂલ હમઝાતોવના સ્મૃતિગ્રંથ 'મારું દાઘેસ્તાન'નો એક પ્રસંગ યાદ આવે છે કે બે પાડોશણો ઝઘડી અને એકબીજાને શાપ આપવા માંડી, એમાં એક શાપ એવો પણ હતો કે, 'તું તારી માતૃભાષા ભૂલી જાય!) ઠેઠ આઝાદી મળી ત્યારથી દક્ષિણનાં રાજ્યોમાં ફરજિયાતપણે હિન્દી લાદવાના વિરોધમાં વારંવાર આંદોલનો થયાં છે. દ્રવિડભાષી સમુદાયની દલીલ છે કે હિન્દીપટ્ટામાં જ્યારે જ્યારે ત્રીજી ભાષાની જોગવાઈનો અમલ કરવાનું આવ્યું ત્યારે એમણે દ્રવિડિયન કુળની ભાષાઓને બદલે સંસ્કૃત શીખવવાની ચાલાકી કરી છે. દ્રવિડભાષી સમુદાયના મતે સંસ્કૃત દેવભાષા નહીં પણ 'ડેડ'ભાષા છે, જ્યારે તમિળ, તેલુગુ અને કન્નડ જેવી ભાષાઓ પાંચ હજાર વરસથી આજ સુધી બોલાતી આવી છે (અને કેન્દ્ર સરકારે આ અને ઊડિયા તેમ જ મરાઠી ભાષાઓને ક્લાસિક ભાષાઓનો દરજ્જો પણ આપ્યો છે) અને હવે LLM (Large Language Machine)ના પ્રયોગો કરીને તમિળમાં AIના પ્રોગ્રામ બનાવવાના છીએ તો હિન્દીને શા માટે અપનાવીએ ?

ત્રીજા સમાચાર ગુજરાતના છે જેમાં ગુજરાત જાહેર સેવા આયોગની વર્ગ ૧ અને ૨ની સ્પર્ધાત્મક પરીક્ષામાં ગુજરાતી ભાષાને મેરિટમાંથી હટાવી લઈને એમાં ૨૫% ગુણ મેળવી પાસ થવા સુધીનું લઘુતમ ધોરણ જરૂરી ગણવામાં આવ્યું છે. તા. ૩/૩/૨૦૨૫ના ગુજરાત સરકારના Extra Ordinary Gazetteથી નક્કી કરેલી ગુજરાતી વહીવટી સંવર્ગની

વર્ગ ૧ અને ૨ અને ગુજરાત નગરપાલિકા ચીફ ઑફિસરની ભરતી પરીક્ષાઓના નિયમો, ૨૦૨૫ની જોગવાઈઓ મુજબ section IIIમાં પેપર નંબર ૧ અને ૨, અનુક્રમે ગુજરાતી ભાષા અને અંગ્રેજી ભાષાનાં બંને પેપરમાં હવે ૩૦૦માંથી ૨૫%એ પાસ થવું ફરજિયાત છે (આ રીતે વાંચો, ફક્ત ૨૫% મેળવ્યા હશે તોપણ ચાલશે.) આ જોગવાઈઓથી નીચે મુજબની પરિસ્થિતિ ઊભી થશે;

હવે ગુજરાતી ભાષાના ગુણ મેરિટમાં નહીં ગણાય; પરિણામે વિદ્યાર્થીઓ ધોરણ ૧થી જ ગુજરાતીમાં પ્રાવીણ્ય મેળવવા તરફ દુર્લક્ષ સેવશે. બીજી બાજુ જે કોઈ જી.પી.એસ.સી. ની વર્ગ ૧ અને ૨ની સ્પર્ધાત્મક પરીક્ષામાં પાસ થશે એ ગુજરાતી ભાંગ્યુંતૂટ્યું લખતા હશે. તો ત્રીજી બાજુ ગુજરાતમાં ઠેઠ ૧૯૬૧ની ૧૫મી ફેબ્રુઆરીથી, The Gujarat Official Languages Act અમલમાં છે. આ કાયદાની કલમ ૨ મુજબ 'ગુજરાત રાજ્યના તમામ સત્તાવાર હેતુઓ માટે ગુજરાતી ભાષાનો ઉપયોગ કરવામાં આવશે....' આમ આ બાબતમાં હવે નિયમ અને કાયદો એકબીજાના વિરોધાભાસી બની રહેશે.

હાલ રાજ્યની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતાં બાળકોને ગુજરાતી ફરજિયાત ભણાવવામાં આવે તે માટે The Gujarat Compulsory Teaching and Learning of Gujarati Language Bill, ૨૦૨૩ અમલમાં છે. આ અમલવારીને હજી બે વરસ થયાં છે અને સંપૂર્ણપણે અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ આપતી શાળાઓએ ખાસ શિક્ષકો રોકીને ઘણી સારી રીતે ગુજરાતી શીખવવાનું શરૂ કર્યું છે ત્યાં વળી જી.પી. એસ.સી.ની વર્ગ ૧ અને ૨ની સ્પર્ધાત્મક પરીક્ષાની આ જોગવાઈથી પ્રાથમિક શાળાઓમાં ગુજરાતી ભાષા શીખવવાનો મુદ્દો ગૂંચવાશે.

કાયદાને એક ક્ષણ માટે બાજુ પર મૂકીએ તો જેની ગુજરાતી ભાષા નબળી હશે એવા આ વર્ગ ૧ અને ૨ના અધિકારીઓનું શબ્દભંડોળ ખીલશે કેવી રીતે? એટલે એમની તર્કશક્તિ પણ નહીં ખીલે. આથી આવા અધિકારીઓ જ્યારે ફાઈલમાં નોંધ મૂકશે તો પોતાની નબળી ગુજરાતીમાં શું લખશે અને અંગ્રેજીમાં નોંધ મૂકશે તો એટલી જ કાચી અંગ્રેજીમાં પણ શું લખશે એ ચિંતાનો વિષય છે.

ગુજરાતમાં હાલમાં પણ વધારે પ્રમાણમાં બીજાં રાજ્યોમાંથી સનદી અધિકારીઓની નિમણૂક થાય છે. એમને સરકાર દ્વારા ગુજરાતી ભાષા શીખવવાના ખાસ પ્રયત્નો કરવામાં આવે છે. એવું એક વ્યાપક નિરીક્ષણ છે કે આ અધિકારીઓ નાન્યતરની કેટલીક રમૂજી ભૂલોને બાદ કરતાં ગુજરાતી બોલવાનું અને લખવાનું ઝડપથી શીખી લેતા હોય છે. હવે એવા દિવસો આવશે કે બિનગુજરાતી ઉપરી અધિકારીઓ જેની માતૃભાષા ગુજરાતી છે એવા અધિકારીઓના ગુજરાતી લખાણની ભૂલો કાઢશે!

અને છેલ્લે; એક સમયે સચિવાલયના કોઈ અધિકારી ફાઈલમાં અંગ્રેજી ભાષામાં નોંધ મૂકે તો એના વાર્ષિક ઇજાફા રોકવાની સજા થતી હોવાના કિસ્સા બનેલા. હવે આવી સજા થતી હોવાનું જાણ્યું નથી. આ સંપાદકીયમાં શીર્ષક રૂપે મૂકેલી પંક્તિની પૂર્વપંક્તિમાં 'ઈકડે તીકડે કે ચાર આને' માં જે ભાષાનો સંકેત છે એ મરાઠી ભાષાને પણ હવે ક્લાસિક ભાષાનો દરજ્જો મળી ગયો છે. તો આપણે કમસેકમ આપણી ભવિષ્યની પેઢીઓને, કે જેની માતૃભાષા ગુજરાતી છે, ગુજરાતી ન શીખવવાની સજા તો ન કરીએ!

■

સાભાર–સ્વીકાર

કવિતા : આજ અનુપમ દીઠો : સંજુવાળા, ઝેન ઓપ્સ, ૨૦૨૪, ડે. પૃ. ૧૨૬ રૂ. ૨૨૫, ૧૨૧ ગીત-ગઝલ રચનાનો સંગ્રહ.

વાર્તાસંગ્રહ : બીજો છેડો : નીલેશ મુરાણી, ૪૮ મારુતિ સોસાયટી, ગામ નાગલપુર, કચ્છ. ૨૦૨૪, ડે. પૃ. ૧૩૬, રૂ. ૨૨૦, ૨૦ વાર્તાઓનો સંગ્રહ, • **રાજેન્દ્ર પટેલની ટૂંકીવાર્તાઓ ૨૦૨૫ સુધી** : રાજેન્દ્ર પટેલ, ઝેન ઓપ્સ, ડે. પૃ. ૨૮૬, રૂ. ૪૫૦, ૪૮ વાર્તાઓને સમાવતો સંગ્રહ.

ચિંતન : આત્મસિદ્ધિશાસ્ત્ર : દીપક ત્રિવેદી, નવભારત સાહિત્ય મંદિર, ૨૦૨૫, ડે. પૃ. ૩૧૬, રૂ. ૬૫૦, શ્રીમદ્ રાજચંદ્રનું અધ્યાત્મસંગીત. ૧૪૨ ગાથાનું વિવરણ.

સંદર્ભસૂચિ : 'ગ્રંથ' સૂચિ : હિતેશ પંડ્યા, અમિષા પંડ્યા, નવભારત સાહિત્ય મંદિર, ૨૦૨૪, ડબલ ડેમી, પૃ. ૭૪૨ રૂ. ૧૧૫૦, ગ્રંથ સામયિકની સૂચિ.

સંપાદન : ધન્ય છે તમને : સંપા. ભરત વિંઝુડા, રૂપાયતન-જૂનાગઢ, ૨૦૨૫, ડે. પૃ. ૧૦૨, રૂ. ૧૫૦, 'દિલહર' સંઘવીની ૧૦૨ ચૂંટેલી ગઝલોનો સંગ્રહ. • **પુસ્તકો રડે છે..** : સંપા. મણિલાલ પટેલ, સહસંપા. પી. સી. પટેલ, કિરણબહેન શર્મા. પારિજાત પ્રકાશન, અમદાવાદ, ડે. પૃ. ૧૧૨, રૂ. ૧૭૦. વાંચનના મહત્ત્વ વિશેના ૨૪ લેખોનું પુસ્તક. • **વિનિમય વિવિધા** : રાજેન્દ્ર પટેલ, ઝેન ઓપ્સ, ૨૦૨૫, ડે. પૃ. ૧૬૫. રૂ. ૩૫૦. ચંદ્રકાન્ત ટોપીવાળાએ કરેલી પત્રચર્ચાઓ અને એમના પર આવેલા ચર્ચાપત્રનો સંચય • **ચિત્રકાર નટુ મિસ્ત્રી 'ચેતક'ની દૃશ્યકલા** : સંપા. રમણિક ઝાપડિયા, કલાતીર્થ ટ્રસ્ટ, સુરત. ૨૦૨૫, ક્રાઉન પૃ. ૨૧૪, રૂ. – નટુભાઈ મિસ્ત્રીનાં પ્રસંગચિત્રો • **મણિલાલ હ. પટેલ માટી મલક ને મૉલ** : સંપા. કિશોરસિંહ સોલંકી, હસિત મહેતા, કુમાર જૈમિની શાસ્ત્રી, કનુ પટેલ અજયસિંહ ચૌહાણ, યોગેશ પટેલ, લક્ષ્મી પબ્લિકેશન : વલ્લભવિદ્યાનગર, ડબલ ક્રાઉન પૃ. ૩૯૨, રૂ. ૭૫૦. અમૃતપર્વ ગ્રંથ • **શ્રીમદ્ ભગવદ્ગીતા** : અનુ. ડૉ. શ્રી કે. આઈ. શાહ, સંપા. વસંતકુમાર મ. ભટ્ટ – પરેશભાઈ કે. શાહ, અમદાવાદ, ૨૦૨૫, પૃ. ૧૫૬, રૂ. – કર્મનો સિદ્ધાંત અને શરણાગતિનો માર્ગદર્શક ગ્રંથ.

અનુવાદ : નંગે પૈર ગિરિમા ઘારેખાન : અનુ. રજનીકાન્ત શાહ, રાજેન્દ્ર નિગમ, હિન્દી સાહિત્ય અકાદમી ગાંધીનગર, ૨૦૨૪, ડૉ. જયેન્દ્રસિંહ જાદવ, ડે. પૃ. ૧૪૪. રૂ. ૨૦૦, ગિરિમા ઘારેખાનની વાર્તાઓનો અનુવાદ. • **ખાલીપદ – ગિરિમા ઘારેખાન** : અનુ. પ્રશાંતકુમાર મહાન્તિ, ઉમા બુક્સ, કટક. ૨૦૨૩, ડે. પૃ. – , રૂ. ૨૦૦. ગિરિમા ઘારેખનની વાર્તાઓનો અનુવાદ. • **સંશય – પ્રવીણ ગઢવી** : અનુ. સાહિલ પરમાર, ડૉ. ઈશ્વરસિંહ ચૌહાણ, સાહિત્ય સંસ્થાન, ગાઝિયાબાદ, ૨૦૨૪, ડે. પૃ. ૧૬૦, રૂ. ૬૦૦. રેશનલ કવિતા – કહાની સંચય.

■

ઇતુભાઈ કુરકુટિયા

* * *

તા. ૧૫-૩-૨૦૨૫ના રોજ બપોરે ૨-૦૦ વાગે મળેલી ગુજરાતી સાહિત્ય પરિષદની કાર્યવાહક સમિતિએ સર્વાનુમતે ઉપપ્રમુખ શ્રી દર્શક આચાર્ય, ગ્રંથાલયમંત્રી શ્રી પરીક્ષિત જોશી અને મધ્યસ્થ સમિતિના સભ્ય શ્રી રમેશ પટેલને આગામી બે સત્ર માટે રુખસદ આપવાની કરેલી ભલામણનો તા. ૧૫-૩-૨૦૨૫ના રોજ બપોરે ૪-૦૦ વાગે મળેલી ગુજરાતી સાહિત્ય પરિષદની મધ્યસ્થ સમિતિએ સર્વાનુમતે સ્વીકાર કર્યો. કાર્યવાહક સમિતિમાં આ બાબતે વિસ્તૃત ચર્ચા પણ કરવામાં આવી અને સમિતિએ નીચે મુજબનાં કારણોસર શ્રી દર્શક આચાર્ય, શ્રી પરીક્ષિત જોશી અને શ્રી રમેશ પટેલને રુખસદ આપવાની ભલામણ સર્વાનુમતે મધ્યસ્થ સમિતિને કરી.

૧. શ્રી દર્શક આચાર્યે તા. ૨૧-૨-૨૦૨૫ના રોજ ગુજરાત સાહિત્ય અકાદમીના પુરસ્કાર વિતરણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી તેમના કાવ્યસંગ્રહને જાહેર થયેલું પારિતોષિક સ્વીકાર્યું. પરિષદના ઉપપ્રમુખ જેવા ગરિમાપૂર્ણ અને મહત્ત્વના હોદ્દા પર આરૂઢ હોદ્દેદાર ગુજરાતી સાહિત્ય પરિષદના અગત્યના ઠરાવની અવગણના કરે અને તેની વિરુદ્ધનું વર્તન કરે તે અત્યંત ગંભીર બાબત છે.

૨. આ ઉપરાંત દર્શક આચાર્ય દ્વારા પરિષદને તા. ૫-૨-૨૦૨૫ના રોજ મધ્યસ્થ બોલાવવાની માગણી કરતો મધ્યસ્થ સમિતિના વર્ષ ૨૦૨૪–૨૬ માટે ચૂંટાયેલા સભ્યો પૈકી કેટલાક સભ્યોના નામ સાથેનો મેઇલ મળ્યો હતો. આશ્ચર્યજનક રીતે આ સભ્યોમાંથી કેટલાક સભ્યોને એ અંગે બિલકુલ જાણકારી ન હતી તો કેટલાકે આવી કોઈ માગણીની વાત થઈ જ ન હોવાની વાત કરી તથા કેટલાક સભ્યોએ પોતે આ બાબતે કોઈ પણ પ્રકારની માગણી કરતા નથી તેવા સંદેશા પ્રમુખ અને મહામંત્રીને મોકલ્યા. આ રીતે ગુજરાતી સાહિત્ય પરિષદના ચૂંટાયેલા હોદ્દેદારોની જાણ બહાર તેઓને સંડોવવાની આ ચેષ્ટા પણ અત્યંત ગંભીર બાબત છે.

૩. ગુજરાતી સાહિત્ય પરિષદના ગ્રંથાલયમંત્રી શ્રી પરીક્ષિત જોશીએ તા. ૨૨-૧૨-૨૦૨૪ના રોજ દિલ્હી સાહિત્ય અકાદમી, ગુજરાત સાહિત્ય અકાદમી અને ગાંધીનગર સાહિત્ય સભાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ પશ્ચિમ ક્ષેત્રીય યુવા લેખક સંમેલનમાં એક બેઠકનું અધ્યક્ષસ્થાન સંભાળ્યું હતું. ગુજરાતી સાહિત્ય પરિષદના મહુવા ખાતે યોજાયેલા જ્ઞાનસત્રમાં યોજાયેલી મધ્યસ્થ સમિતિની બેઠકમાં શ્રી દર્શક

આચાર્ય અને શ્રી પરીક્ષિત જોશી ઉપસ્થિત હતા અને તે બેઠકમાં જ ગુજરાત સાહિત્ય અકાદમી સામેના અસહકાર વિશેની વાત ભાર સાથે મૂકવામાં આવી હતી અને બંને મિત્રોએ તેને સંપૂર્ણ સમર્થન આપ્યું હતું. તદુપરાંત તા. ૨૨-૧૨-૨૦૨૪ના ગુજરાત સાહિત્ય અકાદમીના ભવનમાં જ યોજાયેલ પશ્ચિમ ક્ષેત્રીય યુવા લેખક સંમેલનમાં પરીક્ષિત જોશીએ જે બેઠકનું અધ્યક્ષપદ સંભાળેલું તે પરિસંવાદના ચાર દિવસ પૂર્વે જ પ્રમુખશ્રી હર્ષદ ત્રિવેદીને આની જાણ થતાં તેમણે શ્રી પરીક્ષિતભાઈને આ કાર્યક્રમમાં હાજર રહેવાથી ગુજરાતી સાહિત્ય પરિષદના વખતોવખતના ઠરાવનું ઉલ્લંઘન થશે તેવું જણાવી એમાં ઉપસ્થિત ન રહેવા વિનંતી કરી હતી. જેને પણ શ્રી પરીક્ષિતભાઈએ ઠુકરાવી અને કાર્યક્રમમાં હાજર રહી અધ્યક્ષપદ સંભાળ્યું. આ પણ એક અત્યંત ગંભીર બાબત છે.

૪. ગુજરાતી સાહિત્ય પરિષદની મધસ્થસમિતિના સભ્ય શ્રી રમેશ પટેલ પણ ગુજરાત સાહિત્ય અકાદમીનો પુરસ્કાર સ્વીકારવા માટે તા. ૨૧-૨-૨૦૨૫ના રોજ ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા યોજાયેલા પુરસ્કાર અર્પણ સમારંભમાં ઉપસ્થિત રહ્યા અને મંચ પર જઈ પુરસ્કારનો સ્વીકાર કર્યો.

૫. આ ત્રણેય મિત્રોએ વર્ષ ૨૦૨૪–૨૫ની ગુજરાતી સાહિત્ય પરિષદની મધ્યસ્થ સમિતિની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવી ત્યારે પરિષદના વખતોવખતના ઠરાવના પાલનની બાંહેધરી આપી સહી પણ કરી જ છે, પરંતુ તેનું સંપૂર્ણપણે ઉલ્લંઘન આ ત્રણેય મિત્રોએ કર્યું છે એ ખેદજનક છે.

૬. આ ઉપરાંત તા. ૨૧-૨-૨૦૨૫ના રોજ રાત્રે ૧૦-૧૫ કલાકે તત્કાલીન ઉપપ્રમુખ શ્રી દર્શકભાઈ આચાર્ય દ્વારા સમૂહ માધ્યમોમાં એ મતલબનો સંદેશ મૂકવામાં આવ્યો કે "સરકાર અને અકાદમીના ઉત્તમ કામ તેમણે પરિષદ સહિત બીજી બે સંસ્થા એમ ત્રણ સંસ્થાને કુલ ૧૫ લાખ રૂપિયાનાં પુસ્તકો આપ્યાં" આ સંદેશ સાથે ફોટો પણ મૂકવામાં આવેલો. હવે જ્યારે ઉપપ્રમુખ જેવા મહત્ત્વના હોદ્દા પર બિરાજમાન વ્યક્તિ આ બાબત કહેતા હોય ત્યારે સ્વાભાવિક રીતે જ ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા શ્રી પરીક્ષિત જોશીને ચાર દિવસ રાહ જોયા પછી આ અંગે ખુલાસો કરવાની વિનંતી કરતો પત્ર મોકલવામાં આવ્યો. જેમાં તેઓ ૫ લાખની સહાયનો ચેક લેવા ગયા તેની જાણ પ્રમુખશ્રીને હજુ સુધી કેમ કરી નથી તેનો જવાબ આપવાની વિનંતી કરવામાં આવી તો તેમણે જવાબ આપવાની જગ્યાએ પ્રમુખશ્રીને "હું કોઈ લેખિત જવાબ આપવાનો જ નથી" તે મતલબનો જવાબ આપ્યો. છતાં મહામંત્રી દ્વારા તપાસ કરવામાં આવી તો જાણવા મળ્યું કે તેઓ ચેક લેવા નહીં, પણ ગુજરાત સાહિત્ય અકાદમીના પુરસ્કાર વિતરણ સમારંભમાં ગ્રંથાલય નિયામકની કચેરી દ્વારા અપાનારાં પુસ્તકો સ્વીકારવા ગયા હતા. તેથી મહામંત્રીએ તેમને ફરી એક પત્ર લખી અકાદમીના તા. ૨૨-૧૨-૨૦૨૪ના કાર્યક્રમ અંગે અને તા. ૨૧-૨-૨૦૨૫ના કાર્યક્રમમાં તેમની ઉપસ્થિતિ અંગે લેખિત ખુલાસો કરવા વિનંતી કરી. આ વિનંતીને પણ તેમણે સ્વીકારી નહીં; એટલું જ નહીં, પરંતુ પ્રમુખશ્રી સામે તેમણે ઉદ્ધત વર્તન

કર્યું. કાર્યવાહક સમિતિની બેઠકમાં પણ પરીક્ષિત જોશીએ મુદ્દાસર વાત મૂકવાની જગ્યાએ એક દીર્ઘ પ્રવચન કર્યું. જેમાં પરિષદના વખતોવખતના ઠરાવના ઉલ્લંઘનનો કોઈ સચ્ચાઈભર્યો તાર્કિક ખુલાસો કરવાને બદલે પોતે પરિષદમાં કેટલાં કામો કર્યાં છે તેની જ દીર્ઘ વાત કરી. કાર્યવાહક સમિતિ અને પ્રમુખશ્રી દ્વારા તેમને ઠરાવના ઉલ્લંઘનની વાત કરો તેવું કહેવામાં આવ્યું, પણ તેઓ એ બાબતે કોઈ પણ પ્રકારનો તાર્કિક ખુલાસો કરી શક્યા નહીં.

ઉપરોક્ત બધી જ બાબતોની ચર્ચા કાર્યવાહક સમિતિએ વિસ્તારપૂર્વક કરી. અંતે બીજો ઉપાય ન હોવાથી શ્રી દર્શક આચાર્ય, શ્રી પરીક્ષિત જોશી અને શ્રી રમેશ પટેલને ગુજરાતી સાહિત્ય પરિષદના બંધારણની કલમ ૨૧ને અનુસરીને રુખસદ આપવાની ભલામણ મધ્યસ્થ સમિતિને કરી. ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખશ્રી હર્ષદ ત્રિવેદી દ્વારા ત્રણ વખત "કાર્યવાહક સમિતિના કોઈ સદસ્યને આ નિર્ણય બાબતે આ સમિતિમાં કશું કહેવાનું છે?" એમ પૂછવામાં આવ્યું હતું.

શ્રી રઘુવીર ચૌધરીએ પ્રમુખને આ બાબતે સત્તા આપવાની વાત કરી જ્યારે શ્રી સિતાંશુ યશશ્ચંદ્ર દ્વારા સમિતિ જ નિર્ણય કરે તેવો પ્રસ્તાવ મુકાતાં સમિતિએ તેનો સર્વાનુમતે સ્વીકાર કરી ત્રણેય મિત્રોને આગામી બે ટર્મ માટે રુખસદ આપવાની ભલામણ પર મહોર મારી.

કાર્યવાહક સમિતિની આ બેઠકમાં પરિષદના ટ્રસ્ટી શ્રી રઘુવીર ચૌધરી, શ્રી હર્ષ બ્રહ્મભટ્ટ, ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખશ્રી હર્ષદ ત્રિવેદી, ગુજરાતી સાહિત્ય પરિષદના પૂર્વપ્રમુખશ્રી પ્રકાશ ન. શાહ અને શ્રી સિતાંશુ યશશ્ચંદ્ર, ઉપપ્રમુખ શ્રી યોગેશ જોષી અને શ્રી દર્શક આચાર્ય, મહામંત્રી શ્રી સમીર ભટ્ટ, પ્રકાશન મંત્રી શ્રી ભિખેશ ભટ્ટ, ગ્રંથાલય મંત્રી શ્રી પરીક્ષિત જોશી, કોષાધ્યક્ષ શ્રી સંજય ચૌધરી તથા કાર્યવાહક સમિતિના સદસ્યો શ્રી બકુલ ટેલર, શ્રી જયદેવ શુક્લ, શ્રી કિરીટ દૂધાત, શ્રી જ્યોતીન્દ્ર પંચોલી, શ્રી દાન વાઘેલા ઉપસ્થિત હતા. વિકાસમંત્રી શ્રી સંધ્યા ભટ્ટ, પ્રસારમંત્રી શ્રી ભરત મહેતા અને સ્વાધ્યાયપીઠમંત્રી શ્રી સેજલ શાહ બેઠકમાં ઉપસ્થિત ન હતાં પરંતુ, આ ત્રણેય મંત્રીઓએ મહામંત્રીને મેઇલ કરી અને કાર્યવાહક સમિતિ ઉપરોક્ત બાબતે બહુમતીથી કે સર્વાનુમતે જે નિર્ણય લે તેને ટેકો જાહેર કર્યો.

બેઠકમાં ઉપસ્થિત શ્રી દર્શક આચાર્ય અને શ્રી પરીક્ષિત જોશીનો મત ગુજરાતી સાહિત્ય પરિષદના બંધારણની કલમ નંબર ૨૧ની જોગવાઈ અનુસાર આ બાબતે લેવામાં આવ્યો ન હતો.

કાર્યવાહક સમિતિની ભલામણનો મધ્યસ્થ સમિતિની તા. ૧૫-૩-૨૦૨૪ના રોજ સાંજે ચાર વાગે મળેલી બેઠકમાં સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને તે મુજબ સંબંધિતોને તાત્કાલિક અસરથી રુખસદ આપવાની કાર્યવાહી કરવામાં આવી છે. જેની જાણ આથી ગુજરાતી સાહિત્ય પરિષદના સામાન્ય સભ્યોને કરવામાં આવે છે.

– સમીર ભટ્ટ, મહામંત્રી

'પાક્ષિકી' અંતર્ગત

તા. ૮-૩-૨૦૨૫ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદમાં સાંજે ૫-૦૦ વાગ્યે 'પાક્ષિકી' અંતર્ગત વાર્તાકાર દિવ્યા જાદવે એમની વાર્તા 'થપ્પો'નું પઠન કર્યું હતું તથા તા. ૨૨-૩-૨૦૨૫ના રોજ વાર્તાકાર ગિરા પિનાકિન ભટ્ટે એમની વાર્તા 'જો પપ્પાને બદલી શકાતા હોત તો...'નું પઠન કર્યું

એકદિવસીય રાષ્ટ્રીય પરિસંવાદ

પી. આર. બી. આર્ટ્સ કૉલેજ ઍન્ડ પી. જી. આર. કૉમર્સ કૉલેજ, બારડોલી તથા ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે તા. ૧૧-૩-૨૦૨૫ના રોજ બારડોલીમાં એક પરિસંવાદ યોજાઈ ગયો. જે દક્ષિણ ગુજરાતના બે સર્જકો સરોજ પાઠક તથા કુન્દનિકા કાપડિયાના કથા સાહિત્ય વિશે હતો. શરૂઆતમાં કૉલેજના કાર્યકારી આચાર્ય વિક્રમ ચૌધરીએ આવકાર-પ્રવચન કર્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષ કુલપતિ ચાવડા સાહેબે વીડિયો દ્વારા સૌને સંબોધ્યા હતા. ઉકા તરસાડિયા યુનિવર્સિટીના સી. ઈ. ઓ. શાહસાહેબે પોતાની પ્રસન્નતા વ્યક્ત કરી હતી. ઉદ્‌ઘાટન બેઠકમાં કલાકાર ચંપક પાવાગઢી દ્વારા દોરાયેલ બે રેખાચિત્રોનું અનાવરણ થયું હતું. પ્રા. ભાવિન પુરોહિતના પુસ્તક 'from silence to sky'નું લોકાર્પણ પણ થયું હતું.

આ પ્રસંગે સાયન્સ કૉલેજના આચાર્ય ડૉ. ભાવિન નાયક, માતૃભાષા અભિયાનના સંવાહક હર્ષદ શાહ, પ્રવાસલેખક ડૉ. ભારતી રાણે, ડૉ. અમૃત પટેલ, કવયિત્રી અને અભિનેત્રી યામિની વ્યાસ પણ પધાર્યાં હતાં.

ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ હર્ષદ ત્રવેદી આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા અને ઉદ્‌બોધન કર્યું હતું અને આખો દિવસ તમામ વક્તવ્યોમાં તેમની હાજરી રહી અને અંતે શોધાર્થીઓને પ્રમાણપત્ર પણ તેમના હસ્તે અપાયાં. આ પરિસંવાદમાં અભ્યાસી વક્તાઓ ડૉ. રાકેશ દેસાઈ તથા ડૉ. બિંદુ ભટ્ટે અનુક્રમે સરોજ પાઠકની વાર્તાઓ તથા તેમની નવલકથા પર વિગતે ચર્ચા કરી હતી. તો ડૉ. નરેશ શુકલએ અને ડૉ. સેજલ શાહે અનુક્રમે કુન્દનિકા કાપડિયાની વાર્તાઓ અને નવલકથાઓ પર વિશદ વક્તવ્યો આપીને શ્રોતાઓની પ્રશંસા મેળવી હતી. આ વક્તવ્યો પછી ચર્ચા પણ થઈ હતી. પહેલી બેઠકનું સંચાલન પ્રા. દામિની ઠક્કરે કર્યું હતું તથા બીજી બેઠકનું સંચાલન ભાવિન પુરોહિતે કર્યું હતું. શોધાર્થીઓએ પણ પોતાની વાતો રજૂ કરી હતી. એ બેઠકનું અધ્યક્ષસ્થાન નરેશ વાઘેલા અને ચેતન મોદીએ સંભાળ્યું હતું. કાર્યક્રમનું સંયોજન કૉલેજના અધ્યાપક અને પરિષદના મંત્રી સંધ્યા ભટ્ટે તથા કૉલેજના કન્વીનર ભાવિન પુરોહિતે કર્યું હતું.

શ્રી વ્રજલાલ દવે વ્યાખ્યાનમાળા

ગુજરાતી સાહિત્ય પરિષદ અને આદર્શ બી. એડ. કૉલેજ, બોટાદના સંયુક્ત ઉપક્રમે તા. ૧૫-૩-૨૦૨૫ના રોજ 'આખ્યાનનું શિક્ષણ : અભિમન્યુ આખ્યાન' વિશે આદર્શ બી. એડ. કૉલેજ, બોટાદમાં યોજાયું હતું. વક્તા ડૉ. જનક રાવલનું સ્વાગત નયનાબહેન ગોધાણીએ કર્યું હતું. સંસ્થાના મૅનેજિંગ ટ્રસ્ટી શ્રી પ્રભુભાઈ ત્રાસડિયા અને ડૉ. લલિતભાઈ

સિદ્ધપુરાએ વિશેષ સ્વાગત કર્યું હતું. વક્તાશ્રી જનક રાવલનો પરિચય આચાર્ય તુષારભાઈ રાવલે આપ્યો હતો. જનક રાવલે 'આખ્યાનનું શિક્ષણ : અભિમન્યુ આખ્યાન' વિશે વિગતે વ્યાખ્યાન આપ્યું હતું. શ્વેતાબહેન બ્રહ્મભટ્ટે સૌનો આભાર માન્યો હતો અને યાત્રીબહેને સંચાલન કર્યું હતું.

ગુણાનુવાદસભા

ગુજરાતી સાહિત્ય પરિષદ યોજિત મૂર્ધન્ય કવિ શબ્દસ્થ શ્રી અનિલ જોશી તથા પ્રશિષ્ટ સાહિત્યકાર શબ્દસ્થ શ્રી રજનીકુમાર પંડ્યાની ગુણાનુવાદસભા તા. ૧૮-૩-૨૦૨૫ના રોજ સાંજે ૫-૦૦ કલાકે ગુજરાતી સાહિત્ય પરિષદના ગોવર્ધન સ્મૃતિ મંદિરમાં પરિષદપ્રમુખ હર્ષદ ત્રિવેદીના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. જેમાં રઘુવીર ચૌધરીએ અનિલ જોશી વિશે, રતિલાલ બોરીસાગરે રજનીકુમાર પંડ્યા વિશે, પરિષદના ઉપપ્રમુખ યોગેશ જોષીએ અનિલ જોશીની કવિતા વિશે, કિરીટ દૂધાતે રજનીકુમારનાં જીવન અને સાહિત્ય વિશેની વિગતે વાત કરી હતી. હર્ષદ ત્રિવેદીએ અધ્યક્ષીય ઉદ્બોધન કર્યું હતું. આ સભામાં ઉપસ્થિત રહેલા પ્રકાશ ન. શાહ, યશવંત મહેતા અને માધવ રામાનુજએ પણ બન્ને સાહિત્યકારોનાં સ્મરણો વાગોળીને તેમને યાદ કર્યા હતા.

સ્વતંત્રતાવિષયક સાહિત્યની કાર્યશિબિર યોજાઈ
'આઝાદી કી પહેરેદારી, નયે ખૂન કી જિમ્મેદારી'

જનજાગૃતિ અભિયાન, વડોદરા; અક્ષરા, ગુજરાતી સાહિત્ય પરિષદ અને એસ. ડી. પટેલ આર્ટ્સ કૉલેજ, આંકલાવના સંયુક્ત ઉપક્રમે 'રંગ દે બસંતી' શીર્ષક હેઠળ એક કાર્યશિબિર યોજાઈ.

જેમાં ગુજરાતની પાંચ વિવિધ યુનિવર્સિટીના દસ વિદ્યાર્થીઓએ ભારતીય સ્વાતંત્ર્ય-સંગ્રામીઓની આત્મકથાઓ, જીવનકથાઓ અને તેમના વિષયક લખાયેલી નવલકથાઓ વિશે સંશોધનપત્રો રજૂ કર્યાં હતાં. કાર્યક્રમના પ્રારંભે જોરુભા ખાચરે શહીદ ભગતસિંહ વિશેની કવિતા 'ફૂલમાળ'નું ગાન કર્યું હતું. ત્યારબાદ ગુજરાતી સાહિત્યના મહત્ત્વપૂર્ણ કવિ શ્રી હરિકૃષ્ણ પાઠક અને રમેશ આચાર્યને શ્રદ્ધાંજલિ આપી હતી.

આ શિબિરમાં ઉપસ્થિત સૌનું સ્વાગત કૉલેજના આચાર્ય ડૉ. પરેશ ત્રિવેદીએ કર્યું હતું. અભિયાનના સંયોજક શ્રી મનહરભાઈ શાહે સંસ્થાના મુદ્રાલેખનસમી પંક્તિ 'આઝાદી કી પહેરેદારી, નયે ખૂન કી જિમ્મેદારી'નો સૂત્રોચાર કરાવ્યો હતો. પહેલી બેઠકમાં બીજ વક્તવ્ય પ્રો. ભરત મહેતાએ આપ્યું હતું. જેમાં સંન્યાસી વિદ્રોહ ફકીર(૧૭૭૦)થી માંડી નૌકાસેન્યવિદ્રોહ (૧૯૪૬) સુધી લખાયેલ સાહિત્યમાં ભક્તિના સ્થાને દેશભક્તિ જે રીતે આવી તેની 'આનંદમઠ', 'ઇયારુંઈગમ'ની ચર્ચા કરી હતી. ત્યારબાદ પ્રો. આનંદ વસાવાએ બિરસા મુંડાની ૧૨૫મી જન્મજયંતીના ઉપલક્ષમાં બિરસા મુંડાના જીવનસંઘર્ષનો રસપ્રદ ઇતિહાસ રજૂ કર્યો હતો.

પ્રથમ બેઠક કવિશ્રી નૈષદ મકવાણાની અધ્યક્ષતામાં જય મકવાણાએ 'સત્યના પ્રયોગો' વિશે, પી.ડી.પી.યુ.ના નિધિ મકવાણાએ મેડલિન સ્લેડની આત્મકથામાં, ગાંધીવાદી

મીરાંબહેનમાં ઇકો ફેમિનિઝમને કેવો અવકાશ મળ્યો છે તેની ચર્ચા કરી હતી. પારિકા જસવંતે બબલભાઈ મહેતાની આત્મકથામાં પ્રગટતી ગાંધીવાદી સેવાકીય પ્રવૃત્તિની વાત કરી હતી. પ્રા. અરુણ વાઘેલા અને પ્રા. ગમેશ નિસરતાએ ગોવિંદ ગુરુ અને માનગઢ હત્યાકાંડની વાત કરીને જલિયાંવાલા બાગ જેવી ગુજરાતમાં ઘટેલી ઘટના અને ગોવિંદ ગુરુએ ભીલ લોકોમાં પ્રગટાવેલી સ્વાતંત્ર્યચેતનાની વાત કરી હતી.

બીજી બેઠકમાં જયમીન મકવાણાએ વિશ્વાસ પાટીલની નવલકથા 'મહાનાયક'માંથી સુભાષ બાબુની સ્વાતંત્ર્યચળવળનો ચિતાર આપ્યો હતો. પ્રિયંકા તડવીએ ગુણવંતરાય આચાર્યએ લખેલી સુભાષચંદ્ર બોઝની જીવનકથાના નિમિત્તે સુભાષ બોઝના જીવનની રસપ્રદ વાતો કરી હતી. અલ્પા ગોહિલે કમળાબહેન પટેલની સ્મરણકથા 'મૂળ સોતાં ઊખડેલાં'ની વાત કરી હતી. અજયસિંગ રાજપૂતે મુનશીની 'સ્વપ્નસિદ્ધિની શોધમાં' પ્રગટતી તત્કાલીન દેશની અને પરિવારની સંઘર્ષકથા વર્ણવી હતી.

ત્રીજી બેઠકમાં ડૉ. દેવરાજસિંહ વાઘેલાએ ભગતસિંહના પત્રોમાંથી એમનું ક્રાંતિકારી વ્યક્તિત્વ શી રીતે પ્રગટ થયું છે. એની સદ્દષ્ટાંત ચર્ચા કરી હતી. આશા વણકરે જવાહરલાલ નહેરુની આત્મકથા વિશે વક્તવ્ય આપ્યું હતું. શ્રીમંત પરિવારનું સંતાન કેવાં વિકટ દસ વર્ષો જેલવાસમાં ગાળે છે તેનો ચિતાર રજૂ કર્યો હતો. અંતે સમાપનમાં સંસ્થાએ સૌનો આભાર માન્યો હતો. આ શિબિરમાં ઉપસ્થિત સિત્તેર વિદ્યાર્થીઓનો આખો દિવસ સ્વાતંત્ર્યયુગની સ્મૃતિ સમો બની ગયો હતો. અંતે જોરુભા ખાચરે 'કસુંબીનો રંગ'નું સામૂહિક ગાન કરાવ્યા બાદ કાર્યશિબિરની સમાપ્તિ થઈ હતી.

શ્રદ્ધાંજલિ

કવિ રમેશ આચાર્યનું તા.૨૫-૩-૨૦૨૫ના રોજ દુઃખદ અવસાન થયું છે. એમણે 'ક્રમશઃ' (૧૯૭૮), 'હાઈફન' (૧૯૮૨), 'મેં ઇચ્છાઓ સુકાવા મૂકી છે' (૨૦૦૮), 'ઘર બદલવાનું કારણ' વગેરે કવિતાસંગ્રહો આપ્યા છે. ગુજરાતી સાહિત્ય પરિષદ તેઓને શ્રદ્ધાંજલિ પાઠવે છે.



